ઉચ્ચ ચારિત્રધર્મોમાં રક્ત, લોકપ્રગતિ માટે ગ્રંથપ્રસાર કરવાના
અનેક પ્રયાસ કરનાર, ઉપકાર કરવાની પ્રવૃત્તિમાં અસ્ખલિત
પ્રયત્ન કરનાર, યોગવિષયમાં પ્રગત, શાસ્ત્રરહસ્યની
અનેક વાતો સમજાવનાર મહાત્મા પંન્યાસજી
શ્રી આનંદસાગર ગણિના પવિત્ર નામ
સાથે આ ગ્રંથ જોડી કાંઈક અંશે મારી
જાતને ઋણમુક્ત થયેલ ગણું છું.

સેવક **મોતીચંદ.**

સારંગ.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં.

બિસર ગઈ દુવિધા તન મનકી, અચિરાસુતગુનજ્ઞાનમેં હ ૧
હરિ હર બ્રહ્મ પુરંદરકી ઋધિ, આવત નાંહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હે, સમતારસકે પાનમેં. હ. ૨
ઇતને દિન તુ નાંહિ પિછાન્યો મેરો, જન્મ ગમાયો અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુગુન અખય ખજાનમેં. હ ૩
ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં;
પ્રભુગુન અનુભવકે રસ આગેં, આવત નહિ કોઉ ધ્યાનમેં. હ ૪
જિનહી પાયા તિનહી છીપાયા, ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ શાનમેં હ ૫
પ્રભુગુન અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં;
વાચક જસ કહે મોહ મહા અરિ, જીત લીયો હે મેદાનમે હ. ૬

યશોવિજય ઉપાધ્યાય.

આમુખ.



યોગના સંબંધમાં લોકોમાં સામાન્ય રીતે બહુ ગેરસમજુતી ચાલે છે. યોગ શબ્દની આજુબાજુ એટલી અસત્ય આચ્છાદિત થઈ ગઈ છે કે જાણે યોગ સામાન્ય પ્રજાથી તદ્દન અગમ્ય વિષય હોય એવી લોકમાન્યતા થઈ ગઈ છે. યોગી, જોગી, સંન્યાસી, વૈરાગી એ નામથી જાણીતા વર્ગોમાં જાણે કોઈ અદ્ભુતતાનો ચમત્કાર હોય, તેઓ ભભૂતિ નાખી દેનારા હોય, કુદરતની અદૃશ્ય સત્તાને વશ કરનાર હોય, એવો ખ્યાલ લોકોમાં પેસી ગયો છે. સ્વાર્થ સાધવાની ઇચ્છાવાળા, સાંસારિક વસ્તુઓ કે વિષયોની એષણાવાળા અને લોકોના વહેમ અને અંધશ્રદ્ધાપર આજીવિકા ચલાવનારાઓએ લોકોના આ ખોટા વિચારને ઉત્તેજન આપવા ઘણું કર્યું છે એમ પણ જણાય છે. આ ખ્યાલ તદ્દન ખોટો છે, યોગ કે યોગાભ્યાસીનો પરમ સિદ્ધ ઉદ્દેશ છે તેને ઋદ્ધિસિદ્ધિ કે ચમત્કાર સાથે ખાસ સંબંધ નથી અને બરાબર વિચાર કરતાં ઋદ્ધિ તથા સિદ્ધિઓ પરમાર્થમાં રમણતા બાધકારક છે અને આત્માનો અધઃપાત કરાવનાર છે તેમજ વિશિષ્ટ પુરુષે તેનો ખાસ કારણ વગર ઉપયોગ કરવો નથી એમ શાસ્ત્રોએ બતાવવાની ખાત્રી જરૂર લાગી.

વળી એમ પણ જણાયું કે હઠયોગ–રાજયોગ જેવા યોગમાં અતિ [illegible] વિષયના સંબંધમાં ઘણું ખરા [illegible] એટલી અસત્ય [illegible] છે કે તેઓ જાણે [illegible] આગળ વધી શકે. છે એમ [illegible] સાધન [illegible] પુસ્તક [illegible] કરવાની બહુ [illegible] યોગનો વિષય સામાન્ય રીતે [illegible] નથી તેમજ [illegible] પણ નહિ એ [illegible] પુસ્તક [illegible] કરવાની જરૂર [illegible] રીતે તે વિષય સમજવા માટે એ [illegible] પૂર્વક [illegible] કરવાની જરૂર [illegible] વિચાર અને [illegible]

ખુલાસો થતો નથી અને તેને પરિણામે ધર્મિષ્ઠ માણસોને દુઃખી થતાં જોઇને અથવા અધમ પંક્તિના માણસોને સુખ ભોગવતા જોઇને, મોટા વિગ્રહોમાં તેને માટે જવાબદારને આરામ ભોગવતાં જોઇને અને નિર્દોષ હજારોને મરી જતાં જોઇને અને એવી એવી અનેક વિરોધદર્શક સ્થિતિ જોઇને મનમાં મુંઝાઇએ છીએ અને આ બધા ગોટાળામાં કાંઈ વ્યવસ્થા હશે કે નહિ તેને માટે અનેક વિચાર આવે છે. જ્યારે દૃષ્ટિ વિશાળ થાય છે ત્યારે અવલોકનનો પંથ મોટો થતો જાય છે અને તે વખતે ઘણા ખુલાસા સ્વતઃ થતા જાય છે. અવલોકનપંથ મોટો કેમ કરવો તે યોગ બહુ સારી રીતે બતાવે છે અને એની કેટલીક ચાવીઓપર વિવેચન આ વિષયમાં વાંચવામાં આવશે. જ્યાંસુધી એક ભવના આગળ પાછળના બનાવોપરજ વિચાર કે દૃષ્ટિ રહે ત્યાંસુધી અનેક પ્રકારની ગેરસમજુતી થાય છે, પરંતુ વિશેષ વિશાળ દૃષ્ટિ થતાં તે સર્વ દૂર થાય છે.

સર્વથી અગત્યની બાબત સદ્ગુણ પ્રાપ્ત કરવાની છે. ચેતનની ઉત્ક્રાન્તિ કરાવવા માટે અનેક ગુણો અગત્યના છે અને તે ગુણોપર વિચારણા કર્યા પછી તેને અંગે તદ્દન નીચી સ્થિતિથી પ્રાણી કેટલો આગળ વધે છે, કેવી રીતે વધે છે અને વધવામાં તેને કેવાં સાધનો મળે છે તે સર્વપર વિચાર કરવાની ખાસ જરૂર છે. ખાસ કરીને જ્યાંસુધી ચેતનની ઉત્ક્રાન્તિ કેવી રીતે થાય છે તેનો વિચાર બરાબર થતો નથી ત્યાંસુધી વ્યવહારની પણ બાબતોમાં ગુંચવારો થયા કરે છે અને અનેક વિશુદ્ધ ગુણો વ્યવહારૂ રીતે અમલમાં મૂકવાનું કે સાહિત્યનું રહસ્ય શું છે અને તેને આનન્દહેતુ કયો છે તે સમજવાની આવશ્યકતા [illegible] ન સમજાય ત્યાંસુધી ઘણા વર્ગ [illegible] ખુલાસો આ વિષયમાં થઈ જશે.

ધ્યાનના વિષયપર અહીં ખાસ વિવેચન કર્યું છે. એ વિષય યોગના મધ્ય બિન્દુ જેવો છે. એપર હજુ પણ ઘણી વિચારણા થઈ શકે તેમ છે. મારો કહેવાનો આશય એ છે કે જરા વિચારણાથી વાંચવામાં આવે અને યોગ શબ્દનો અર્થ કે તેનો ભાવ સમજવા પ્રયત્ન કરવામાં આવે તો જૈન ગ્રંથોમાં યોગ ભર્યો છે. એનાપર પૃથક્કરણ કરી યોગ્ય વિવેચન કરવાની જરૂર છે. એક ઘણા વિદ્વાન્ મહાત્મા સાથે વાત કરતાં યોગની બાબતમાં તેઓએ પોતાની તદ્દન અજ્ઞતા જણાવી, પરંતુ તેઓનાં વ્યાખ્યાન-જાહેર ભાષણ સાંભળતાં તેઓ બોલતા હતા તે સર્વ યોગનીજ વાત હતી એમ જણાતાં માલૂમ પડ્યું કે હજુ લોકો યોગ શબ્દથીજ ડરે છે. યોગમાં આવું કાંઈ ડરવા જેવું નથી તેમ એ વિષય તદ્દન બેદરકારીથી હાથ ધરવા યોગ્ય પણ નથી.

વિષયને સાદી ભાષામાં મૂકવા જતાં અનેક સ્ખલના થવી સંભ-વિત છે. અતિ પ્રવૃત્તિવાળો ધંધો, અભ્યાસની ઓછાશ અને ખુલાસો મળી શકે તેવા સત્સંગનો અલ્પ ભાવ અથવા અભાવ અને તેવા પ્રસંગ હાથ ધરવાની ઓછી કાળજીને લઈને આ નવીન પ્રકારના વિષયમાં [illegible]ષ થવા સંભવિત છે. જે લખવામાં આવ્યું છે તે જૈનના યોગ-[illegible]થો પૈકી હરિભદ્રસૂરિનો યોગદૃષ્ટિ સમુચ્ચય, ઉપાધ્યાયજી શ્રી-[illegible]યશોવિજયજીની દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા, શ્રી હેમચંદ્રાચાર્યનું યોગ-[illegible]સ્ત્ર, શ્રી શુભચંદ્રગણિનો જ્ઞાનાર્ણવ વિગેરે પરથી તાત્વી વિચારી [illegible]મજીને લખ્યું છે, શાસ્ત્ર અનુકરણ કરવાની દૃષ્ટિ છોડી નથી; છતાં [illegible]માદ, છદ્મસ્થ સ્થિતિ અને વિષયનો અલ્પ પરિચય ધ્યાનમાં રાખી [illegible] માટે ક્ષમા કરી વિષયવાંચનમાં પ્રવૃત્તિ કરવા અને દોષ સુધરી [illegible] તેવી રીતે મારી સાથે રૂબરૂ અથવા પત્રદ્વારા ચર્ચા કરવા વિજ્ઞપ્તિ કરી [illegible] લઘુ લેખની પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું છેવટે આ લેખ બહુ વિગતથી [illegible].સી આપવા માટે પન્યાસ શ્રી આનંદસાગર ગણિ તથા મારા કાકાશ્રી [illegible]જી આણંદજીનો અ.અ. માનો લેવાની આ. તક હાથ ધરૂં છું

[illegible] મનહર [illegible] |
[illegible] સં ૧૯૭૧ |

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

[illegible]

મૌક્તિક

વિષય	પૃષ્ઠ
અધ્યાત્મયોગ	૬૧
ચાર ભાવના	૬૨
ભાવનાયોગ	૬૫
ચાર ભાવના	૬૬
ધ્યાનયોગ	૮૦
સમતાયોગ...	૮૩
વૃત્તિસંક્ષયયોગ	૮૪
ઇચ્છાયોગ	૮૭
શાસ્ત્રયોગ	૮૭
સામર્થ્યયોગ...	૮૮
ધર્મસંન્યાસ	૮૯
યોગસંન્યાસ	૯૦
[illegible]ળયોગી	૯૨
પ્રવૃત્તચક્રયોગી	૯૨
ચાર યમનું સ્વરૂપ	૯૩
અવંચકત્રયનું સ્વરૂપ	૯૩
સમાધિના ઉપાય	૯૫
ગુણસ્થાનોના વિભાગ.	૧૦૦
ગના આઠ અંગો...	૧૦[illegible]
[illegible]	૧[illegible]
[illegible]	[illegible]૮

વિષય. — પૃષ્ઠ.

પ્રત્યાહાર (૫) ૧૨૮
ધારણા (૬) ૧૩૦
ધ્યાન (૭)... ... ... ૧૩૧
  જ્ઞાનાર્ણવ ધ્યાન વિભાગ... ... ... ૧૩૩
  ૧ આર્તધ્યાન ૧૩૧
  ૨ રૌદ્રધ્યાન ૧૩૪
  હેમચંદ્ર ધ્યાન વિભાગ ૧૩૬
  ધ્યાના લક્ષણ ૧૪૦
  ધ્યેય લક્ષણ ૧૪૨
  ૩ ધર્મધ્યાન ૧૪૪
    આજ્ઞાવિચય ધર્મધ્યાન ૧૪૫
    અપાયવિચય ધર્મધ્યાન ૧૪૬
    વિપાકવિચય ધર્મધ્યાન ૧૪૭
    સંસ્થાનવિચય ધર્મધ્યાન ૧૪૮
      નારકદુઃખ વિચારણા... ... ... ૧૫૧
      દેવસુખ વિચારણા ૧૫૪
    પિંડસ્થ ધ્યેય ૧૫૮
    પદસ્થ ધ્યેય ૧૬૧
    રૂપસ્થ ધ્યેય ૧૬૬
    રૂપાતીત ધ્યેય ૧૬૯
  ૪ શુક્લધ્યાન ૧૭૪
    પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર ૧૭૫
    એકત્વ વિતર્ક અપ્રવિચાર ૧૭૬
    તીર્થંકર ઋદ્ધિ ૧૭૭
    સૂક્ષ્મક્રિય અપ્રતિપાતિ ૧૮૦
    સમુચ્છિન્નક્રિય અનિવૃત્તિ ૧૮૦
    સિદ્ધદશામાં સુખ ૧૮૧
સમાધિ (૮) વિચારણા અનાવશ્યક ૧૮૨



જૈન દષ્ટિએ યોગ

સુખનો ખ્યાલ–આરોહક્રમ.

વ્યક્ત રીતે અથવા અવ્યક્ત રીતે સર્વ જીવોની ઈચ્છા સુખ મેળવવાની રહે છે. એના અંતર ભાગમાં સુસ્પષ્ટ રીતે જીંદગીનાં સુખો ઉત્કૃષ્ટ પ્રકારે ભોગવવાની અને પોતાની ભવિષ્યત્ સ્થિતિ સુધારવાની ઉત્કંઠા દેખાઈ આવે છે. પ્રત્યેક પ્રાણીમાં જેટલે દરજ્જે વિકસ્વરતા થયેલી હોય છે તેના પ્રમાણમાં તેનો સુખનો ખ્યાલ ફરતો રહે છે. તદ્દન તિર્યંચાવસ્થામાં રહેલા જીવોને આ ખ્યાલ સ્થૂળ હોય છે, મનુષ્યત્વ પ્રાપ્ત કરેલ પ્રાણીઓમાં પણ સુખનો ખ્યાલ બહુરંગ જેવો હોય છે. કેટલાક પ્રાણીઓ ઇંદ્રિયના ભોગોમાં સર્વસ્વ માની લે છે, કેટલાક ધનપ્રાપ્તિમાં સર્વસ્વ માની લે છે, કેટલાક કીર્તિ વધારવાના ખ્યાલમાં રહ્યા કરે છે–આવા જીવો બાહ્યરંગી કહી શકાય; તેથી જરા આગળ વધેલા જીવો વાંચન મનનમાં આનંદ માની સ્થૂળ જીવોથી ઊંચી પંક્તિપર આવે છે, તેઓને માનસિક રંગી કહી શકાય; એથી સહજ આગળ વધેલા પ્રાણીઓ બાહ્ય વસ્તુઓના ત્યાગમાં આનંદ માને છે અને આ ક્ષણિક દેખાતા ધન યૌવન સંયોગને અસ્થિર જાણે છે. આ સર્વ બાહ્ય [illegible] છે. પૌદ્ગલિક અને આત્મીય વસ્તુઓ વચ્ચેનો તફાવત સમજીને પૌદ્ગલિકનો ત્યાગ કરનાર અને આત્મીય સુખને સત્ય [illegible] પ્રાણીઓ તથા [illegible] [illegible] વિશુદ્ધ [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] વિકાસક્રમ [illegible]

ક્રમમાં જેટલે અંશે ફેરફાર હોય છે તેટલે દરજ્જે તેમાં ન્યૂનાધિક્ય સ્પષ્ટ રીતે પ્રગટ થઈ આવે છે. કીડી ધાન્યસંચયમાંજ સંતોષ માને છે, અશ્વ કે શ્વાન પેટપૂરતું ખાઈને કે ધણીના હેતથી સુખ અનુભવે છે, તેઓને એથી વધારે પોતાની ભવિષ્યત્ સ્થિતિ સુધારવાનો વિચાર બહુ અલ્પ હોય છે, લગભગ નહિ જેવો હોય છે. મનુષ્યજાતિમા એથી ઉલટી રીતે અનેક પ્રકારના વિકાસક્રમપર સ્થિત થયેલા પ્રાણીઓ જોવામા આવે છે. કોઈ તદ્દન સ્થૂળ વૃત્તિપર આરોહ કરી તેમા જ જીવન પૂર્ણ કરનાર અને કેટલાક માનસિક અને આત્મીય વિકાસક્રમમા ઘણા આગળ વધી જઈ સ્થૂળ પદાર્થોને અવગણનાર જોવામા આવે છે. આ બીજા પ્રકારના જીવોનાં સુખનો ખ્યાલ અને તેને પ્રાપ્ત કરવાના માર્ગો તદ્દન નવીન પ્રકારના અને બહુ અંશે વિચાર ખેંચનારા માલૂમ પડી આવે છે. આથી એક વાત તો સર્વ પ્રાણીઓના સંબંધમાં નીકળી આવે છે અને તે એ છે કે સર્વ પ્રાણીઓનું સાધ્ય પોતાની વર્તમાન સ્થિતિના કરતાં વિશેષ સારી સ્થિતિ પ્રાપ્ત કરવાનું રહે છે અને તેને માટે પોતાની યોગ્યતા અને પ્રકાશ અનુસાર સાધનો તે એકઠાં કરવા મથે છે.

વિકાસક્રમમાં ન્યૂનાધિક્ય.

*વિકાસક્રમમાં પ્રત્યેક પ્રાણીઓમા ન્યૂનાધિક્ય સ્પષ્ટ જોવામા આવે છે અને તેનું કારણ પણ તેવુંજ વિચિત્ર છે સાધ્યનુ અજ્ઞાન, તેનું અચોક્કસપણું, તેને પ્રાપ્ત કરવામાં અસ્થિરતા, પ્રયત્નની ખામી, અવાંતર આંતર અને બાહ્ય પ્રત્યવાયો આવે તેની સામે થવાની અશક્તિ અને દૃઢ ભાવના તેમજ વિનિયોગની ગેરહાજરી–આવા કારણોને

* વિકાસક્રમ એટલે Stages of Evolution. અહીં પ્રત્યેક પ્રાણી વિકાસમા કેટલી હદે વધેલ છે તેપર વિચારણા છે. ઉલટી ક્રિયા કરવાથી વિકાસમા હાનિ થવા ઉપરાંત અધઃપાત પણ થાય છે તે વાત ધ્યાનમાં રાખવાની છે. એકદર વિકાસ આગળ જ વધ્યા કરે છે એમ સમજવાનુ નથી. Theory of Evolution ના ઉત્ક્રાન્તિવાદ અને જૈન ઉત્ક્રાન્તિવાદમાં આ મોટો તફાવત છે. જૈન પ્રગતિમાર્ગમા વચ્ચે ઉલટી ક્રિયા થાય તો પાત પણ થાય છે અને ચઢેલ સોપાન પાછા ઉતરી જવાય છે એ ધ્યાનમાં રાખવાનું છે.

લીધે પ્રત્યેક પ્રાણીનો વિકાસક્રમ ઓછો વધતો સ્પષ્ટ જણાય છે,
એવી સ્થિતિ દરમ્યાન પણ પ્રત્યેક પ્રાણી પોતાના વિકાસ પ્રમાણે સુખનો
ખ્યાલ કર્યા કરે છે અને તેને પ્રાપ્ત કરવા સાધનો એકત્ર કરે છે. વર્તમાન
જીવનથી વિશિષ્ટ જીવન ભોગવવાની પ્રબળ ઇચ્છા તેના સ્થૂળ અથવા
વિપુળ આકારમાં પ્રત્યેક પ્રાણીમાં હોય છે એટલી વાત આટલા ઉપરથી
સ્પષ્ટપણે સમજાય છે. સુખ શું છે અને ક્યાં છે તેનો જવાબ કેટલાકને
લિપ્ત આત્મપ્રદેશમાંથી સ્થૂળ આકારમાં મળે છે, કેટલાકને કંઇક શુદ્ધ
આત્મપ્રદેશમાંથી મધ્યમ આકારમાં મળે છે અને કેટલાકને શુદ્ધ
આત્મા તરફથી સુસ્પષ્ટ ભેળ વગરનો મળે છે. આવા સુખના ખ્યાલ
તરફ દોરાઇને તે અનેક પ્રકારનાં સાધનો આડંબર સહિત કે તે વગર
મેળવતો ચાલે છે અને પોતાની માન્યતા પ્રમાણે તેમાંથી સુખ મેળ-
વવા માટે પ્રયાસ કરે છે અને સાધ્યની સ્પષ્ટતા, ઉદ્યમ અને બીજા
સંયોગો અનુકૂળ થાય તે પ્રમાણમાં તે સુખ પ્રાપ્ત કરે છે.

બહિરાત્મા—અંતરા

એનામાં એટલી બધી હોય છે કે તે પોતાના શરીરને જ આત્મા સમજે છે, શરીરને સુખદુઃખ થાય તો તે પોતાને થયું એમ સમજે છે, શરીરથી અન્ય પ્રાણીઓના આત્માને પર સમજે છે, પુત્ર અંગનાને પોતાનાં સમજે છે, ધન વિગેરે પોતાના તાબામાં રહેલા પદાર્થ ઉપર સ્વબુદ્ધિ ઉત્પન્ન કરે છે અને તેવી બુદ્ધિને પરિણામે સંસારસ્થિતિનાં બીજ તે નિરંતર વાવ્યા કરે છે અને પછી તેનાં જે ફળો બેસે છે તે સર્વ તે સહન કરે છે. આવો બહિરાત્મભાવ ત્યાગ કરી આત્મામાં આત્મબુદ્ધિ રાખી જેઓ વિકાસક્રમમાં આગળ વધેલા હોય છે તેવા આત્માઓને અંતરાત્મા કહેવામાં આવે છે. એ દશામાં વર્તતા તેનામાં 'આત્મનિ આત્મબુદ્ધિ' એવી હોય છે કે પછી તેને બાહ્ય રૂપ રંગ વૈભવ વિલાસમાં આનંદ લાગતો નથી, તે સ્વસંવેદ્ય સ્થિતિ પ્રાપ્ત કરે છે, તેને પોતાની અગાઉની બાહ્ય ક્રિયાઓમાં કેટલો ભ્રમ હતો તે જણાઈ આવે છે, આત્મસ્વરૂપ બરાબર જાણવામાં આવે છે, આત્માની અચિન્ત્ય શક્તિ અને તેના અનંત ગુણોનો ખ્યાલ આવે છે અને તેનામાં એક એવા પ્રકારની શાન્તિ આવી જાય છે કે જેનું વર્ણન આપવું પણ મુશ્કેલ થઈ પડે. એ અંતરાત્મદશામાં વર્તતા જીવો વિકાસક્રમમાં ઘણા વધતા જાય છે અને તેઓમાં તેટલા માટે જૂદા જૂદા વિકાસક્રમના સોપાનપર સ્થિતિ જોવામાં આવે છે. આ અંતરાત્મદશામાં વર્તતા ચેતનનું સાધ્યસ્થાન પરમાત્મદશા છે. એ દશામાં વર્તતા ચેતનો નિર્લેપ, નિષ્કલ (શરીર રહિત), શુદ્ધ, નિષ્કામ, નિરંજન અને નિર્વિકલ્પ હોય છે. એ દશામાં વર્તતા સર્વ સદ્ગુણોના એકી વખતે આવિર્ભાવ હોય છે. એ સર્વોત્કૃષ્ટ મહા ચૈતન્ય દશા પ્રાપ્ત કરવાનું સાધ્ય સર્વ વિશુદ્ધ માનસમાં ચેતનોમાં હોય છે અને મહા ચૈતન્ય આદર્શ તે હોવાથી સાધ્યમાર્ગપર પ્રયાસ કરનાર સર્વ જીવોના શુદ્ધ હૃદયસ્થાનપર તે સ્થિત રહે છે. આવી રીતે સાધ્યમાર્ગપર પ્રયાસ કરનાર જીવોના જે બે મોટા વિભાગ પાડ્યા તેઓ પણ પ્રગતિમાં અથવા વિકાસક્રમમાં ઓછા વધારે આગળ વધેલા હોય છે: કોઈ હજુ તદ્દન પ્રથમ પગથીએ હોય છે અને કોઈ તેથી આગળ વધેલા હોય છે. પ્રાણીઓનાં વર્તનનું બરાબર અવલોકન કરવાથી વિકાસક્રમના કયા પગથીઆ ઉપર તે છે તે સમજાય તેવું છે. બાહ્ય દશા અને અંતર દશામાં

અંતરાત્મદશા લક્ષણ.

પણ કેટલીક વખત મોટો તફાવત માલૂમ પડે છે અને તે સર્વનું બારિક અવલોકન કરવાની અતિ આવશ્યકતા છે, નહિ તો કેટલીકવાર વઙન સ્થૂળ દૃષ્ટિથી અવલોકન કરવા જતાં વિકાસક્રમનું હોય તેથી વઙન ઉલટું ભાન થાય છે.

સુખપ્રાપ્તિપ્રયાસ.

સુખ પ્રાપ્ત કરવાની સર્વ જીવની ઇચ્છા સાથે તેના વિકાસક્રમમાં-ઉત્ક્રાન્તિમાં આવી રીતે જે મોટો તફાવત રહે છે તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. સુખસાધનો પ્રાપ્ત્ય છે એ તો હવે સ્પષ્ટ જણાય તેવી હકીકત છે, અને ઉત્કૃષ્ટ સુખ સર્વ પ્રાણીઓનું સાધ્ય છે. સ્થૂળ સુખમાં આનંદ માનનારા પ્રાણીઓ પોતાનું સાધ્ય-સુખ પ્રાપ્ત કરવા માટે વ્યવહાર કરે છે: પૈસા કમાવા માટે અનેક પ્રકારની ધમાધમ કરે છે, રાત્રિદિવસ ઉજાગરા કરે છે, સાધારણ શક્તિવાળા પણ શક્તિવાળા શેઠોની ગુલામગીરી કરે છે, ધનના વિચારમાં નિરાંતે ઉંઘ પણ લેતા નથી અને તેવી રીતે શરીરચક્રને એક યંત્ર માફક ચલાવે છે. એવી જ રીતે વિષયસુખો પ્રાપ્ત કરવા માટે પુત્ર, સંતતિ કે સ્ત્રી આદિ મેળવવા માટે અનેક પ્રકારના વલખા મારે છે. [illegible]

(સ્થૂળ સુખના સાધનારાઓના પ્રયત્નો.)

[illegible]

નથી અને કરે છે તો તેમાં તેને આનંદ આવતો નથી અને પછી સહજ મળે તોપણ તેની એષણા વિશેષ મેળવવાની થતી જાય છે તેથી તે કદિ પણ સ્થિર થઈને-સુખી થઈને બેસતો નથી. સુખનું આવું સ્વરૂપ જેઓ સમજી ગયા છે તેવા વિકાસક્રમમાં આગળ વધેલા સુજ્ઞ પુરુષો તેથી વાસ્તવિક સુખ શું છે અને કયાં છે તેની વિચારણા કરી શોધ કરે છે ત્યારે તેઓને સમજાય છે કે સંસારમાં વાસ્તવિક સુખ છેજ નહિ અને અત્યાર સુધી પોતાનો સુખનો ખ્યાલ હતો તે તદ્દન સ્થૂળ હતો, અસત્ય હતો, અસ્થિર હતો. તેટલા ઉપરથી તેઓ પોતાના વિશેષ વિવેચનશક્તિનો ઉપયોગ કરી નિર્ણય કરે છે કે સુખ બહારથી લેવા જવાનું નથી, અન્ય પાસેથી લાવવાનું નથી, તે પોતામાંજ છે, પોતામાંથી પ્રગટ કરવાનું છે અને તે પ્રગટ કરતી વખતે, કરવાના પ્રયાસમાં અને પ્રગટ થયા પછી જે આનંદ-જે સુખ પ્રાપ્ત થાય છે તે નિરવધિ છે, નિરૂપમ છે, આભોગપૂર્વ છે. આવા સુખનો ખ્યાલ થયા પછી તેઓ તેને પ્રાપ્ત કરવા અને પોતાની ઉત્ક્રાન્તિમાં વધારો કરવાનાં માર્ગોની અને સાધનોની શોધ કરે છે અને પોતાની અનુકૂળતા પ્રમાણે તે માર્ગોને અને સાધનોને આદરી વિકાસક્રમમાં વધારો કરતો રહે છે. કોઈ ક્રિયામાં, કોઈ બાહ્ય અભ્યંતર તપમાં, કોઈ જનહિતના નિરાશંસ કર્મયોગમાં, કોઈ જ્ઞાનપ્રાપ્તિમાં અને કોઈ ભક્તિમાર્ગમાં આત્મકલ્યાણનું સાધન છે એવી દૃષ્ટિથી આનંદ માની તે સર્વને સાધન માની અને તેમાંથી પોતાને અનુકૂળ પડતા માર્ગો ગ્રહણ કરી તે પ્રયાસમાં વધારો કરતો જાય છે અને જેટલું બને તેટલું સાફલ્યનું માની પ્રયાસ તેને માટે ગ્રહણ કરે છે. સાધનો અનેક પ્રકારના છે અને સાધન પ્રાપ્ત કરવાના પ્રયાસમાં સાધકના અધિકાર અને વિકાસ પ્રમાણે તે વધતો ઓછો ભાગ આવે છે. આત્મ-કલ્યાણપ્રાપ્તિના આવાં અનેક સાધનોમાં વ્યાપક તરીકે રહેલું યોગ એક અતિ અગત્યનું સાધન છે. વિકાસક્રમમાં તેના અધિકારીઓ કેવી રીતે પ્રગતિ કરે છે અને તેનાં જુદાં જુદાં અંગો કેવા પ્રકારનાં છે, તે અંગપર રહેલા જીવોનું વર્ણન કેવા પ્રકારનું હોય છે અને તે

સુજ્ઞ પુરુષોના સુખ માટે પ્રયત્નો.

[illegible] સાધનોમાં [illegible]

વિકાસના માર્ગ ઉપર રહેલા જીવોની દૃષ્ટિ કેવી હોય છે તે અત્ર પ્રસ્તુત છે, તેથી સાધ્યપ્રાપ્તિનાં અન્ય સાધનોને બાજુપર મૂકી આપણા પ્રસ્તુત યોગના વિષયપર આવી તેનો જૂદી જૂદી રીતે વિચાર કરીએ. અહીં સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે કે સાધ્યપ્રાપ્તિ માટે યોગ એ એકલુંજ સાધન નથી, પણ ઘણાં સાધનો પૈકી એક અતિ અગત્યનું સાધન છે. આટલો ઉપોદ્ઘાત કરી આપણે યોગનો સહજ વિચાર કરીએ.

'યોગ' શબ્દાર્થ.

ત્યાં પ્રથમ યોગના વિષયમાં પ્રવેશ કરતાં 'યોગ' શબ્દનો અર્થ વિચારવા યોગ્ય છે. યુજ્ ધાતુ ઉપરથી આ શબ્દ નીકળ્યો છે. એ ધાતુનો અર્થ 'જોડવું' એમ થાય છે. જે જોડે એટલે જે સાધ્યની સાથે ચેતનને જોડે તેનું નામ યોગ કહેવાય છે. સમાધિ અર્થમાં વપરાતો એક બીજો યુજ્ ધાતુ છે, તેમાંથી પણ યોગ શબ્દ બને છે. સમાધિ એ યોગનું જ એક અંગ હોવાથી અને તેનો સમાવેશ યોગ શબ્દમાં થતો હોવાથી એ અર્થ અત્ર લીધો નથી. ચેતનની સ્વસ્થતા પ્રાપ્ત કરવારૂપ સમાધિ શબ્દનો અર્થ લઈને યુજ્ ધાતુમાંથી તે શબ્દ નીકળ્યો છે એમ લેવામાં હરકત નથી. એ પ્રમાણે શબ્દવિચારણા કરીએ તો યોગ એટલે 'આત્માની સ્વરૂપસ્થ સ્થિતિ કરાવી આપે તે' એવો અર્થ નીકળે છે. આ બન્ને યુજ્ ધાતુ જૂદા છે.

યોગમાં ગુરૂસ્થાન.

એ યોગની બાબતમાં વિચાર કરતાં એક ઘણી અગત્યની બાબત અત્ર શરૂઆતમાં જ કહી [illegible] જરૂરની છે. યોગના અંગે [illegible] ધ્યાનના પ્રકાર અને તેની [illegible] કર્યા. અને ખાસ કરીને યોગના આગળના [illegible] ગુરૂની બહુ આવશ્યકતા છે. [illegible] ગુરૂ [illegible] જ હોય [illegible] નાની રીતે [illegible] અને [illegible] યોગ [illegible] અધિકાર [illegible] જણું [illegible] ગુરૂ [illegible] રાજની અનુજ્ઞા [illegible] સમજવા [illegible] દની પોતાની [illegible] આવક [illegible] પડતું થાય છે અથવા [illegible] ઉપર [illegible]

જાય છે. વળી યોગની કેટલીક મુદ્રાઓ અને આસનો ગુરૂશિક્ષણની ખાસ અપેક્ષા રાખે છે અને તેટલા માટે મુમુક્ષુ પ્રાણીએ યોગમાર્ગપર પ્રગતિ કરવાની ઇચ્છા હોય તો તે વિષયમાં નિષ્ણાત થયેલા ગુરૂની સન્મુખ તે વિષયનાં પ્રત્યેક અંગ પ્રત્યગનો સારી રીતે અભ્યાસ કરવો અને અભ્યાસ કરીને પછી પણ ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે યોગમાં પ્રગતિ કરવી. આ બાબતમાં ઉપેક્ષા રાખનાર યોગને બદલે યોગાભાસમાં પ્રવૃત્તિ કરી પોતાને આગળ વધેલ સમજવાની ભૂલ કરે છે,

યોગને બદલે યોગાભાસ.

જ્યારે વસ્તુતઃ તે જરા પણ આગળ વધેલ હોતો નથી. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય શ્રી યોગશાસ્ત્ર ગ્રંથની શરૂઆત કરતાં ઉપોદ્ઘાતમાં જ કહે છે કે યોગશાસ્ત્રની રચના તેઓ શાસ્ત્રસમુદ્રનો અભ્યાસ કરીને, સદ્ગુરૂથી પ્રાપ્ત થયેલ સંપ્રદાયજ્ઞાનથી અને આત્મસંવેદન પ્રમાણે કરે છે. આ સામાન્ય લાગતી હકીકત બહુ અગત્યની છે. એકલા શાસ્ત્રવાંચનથી યોગ જેવા વિષયમાં પ્રવેશ થઈ શકતો નથી એ ખાસ સમજવા લાયક હકીકત છે. આ અગત્યના વિષયમાં અન્યને છેતરનારને માટે અત્ર વિચાર કરતા નથી, કારણ કે તેઓ તો તદ્દન નકામા છે; પરંતુ ઘણીવાર આત્મવંચના પણ બહુ થાય છે અને યોગાભાસના એક પગલાને યોગની ઉચ્ચ ક્રિયા માની લેવાની ભૂલ કરતાં ઘણા સાત્વિક પણ વિમાર્ગે દોરવાઈ ગયેલા ભદ્ર લોક જોવામાં આવે છે. આથી આ બાબત ઉપર શરૂઆતમાં જ ભાર મૂકવામાં આવ્યો છે. આનંદઘનજી મહારાજ એકવીશમા નમિનાથજીના સ્તવનમાં સમય પુરૂષનાં અંગો ગણાવે છે ત્યાં સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ સાથે પરંપરાનો અનુભવ એટલે સાંપ્રદાયિક જ્ઞાનને તેઓ ગણાવે છે અને એમાંના એક પણ અંગને છેદનારને દુર્ભવ્ય ગણવાનું તેઓ જણાવે છે. આ ઉપરાંત યોગનો કોઈ પણ ગ્રંથ વાંચની વખત અથવા યોગના વિષયમાં સ્થિત થયેલા મહાત્માનો સંગ કરતી વખત એકદમ જણાવવામાં આવે છે કે સદ્ગુરૂનો યોગ કરીને તેઓની પાસે યોગનો અભ્યાસ કરવો. આ સંબંધમાં ઘણી વખત ગફલતી થતી જોવામાં આવે છે તેથી આ બાબતમાં અહીં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કેટલાક યોગની નિદ્રામાં સ્થિતિ

માનનારનાં મંતવ્યો આવી રીતે આત્મવંચના કરતાં જોવામાં આવ્યાં છે તેનું કારણ પરંપરાજ્ઞાનની ઉપેક્ષા અને યોગશાસ્ત્રમાં આસક્તિ જણાય છે. આ અગત્યના વિષયમાં આનંદઘનજી મહારાજ પદોમાં પણ વારંવાર સૂચના કરે છે. સાડત્રીશમા પદની ત્રીજી ગાથામાં આ જ વિચાર તેઓશ્રી બતાવે છે અને અન્યત્ર પણ જ્યાં જ્યાં તેવો વિચાર તેઓશ્રી બતાવે છે ત્યાં વિવેચનમાં તેપર ધ્યાન ખેંચવામાં આવ્યું છે.

'યોગ' વ્યાખ્યા.

યોગ શબ્દનો અર્થ વિચારતાં ગુરૂજ્ઞાનની બાબત આપણે વિચારી લીધી. હવે મૂળ વિષય ઉપર આવતાં યોગ શબ્દની વ્યાખ્યા વિચારીએ. ત્યાં પાતંજલ યોગદર્શનકાર યોગની વ્યાખ્યા કરતાં કહે છે કે योगः चित्तवृत्तिनिरोधः એટલે ચિત્તવૃત્તિના નિરોધને અથવા ચિત્તવૃત્તિની સંસ્કારશેષ અવસ્થાને એ વ્યાખ્યા પ્રમાણે યોગ કહેવામાં આવે છે. આ વિષયમાં પતંજલિની યોગ શબ્દની વ્યાખ્યા સાથે જૈનની યોગ શબ્દની વ્યાખ્યા મળતી થતી નથી. ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહેવાને બદલે તેના મૂળ અર્થમાં युज्यते इति योगः સાધ્ય સાથે ચેતનજીને જે જોડી દે છે તેને અહીં યોગ કહેવામાં આવે છે. આ અર્થમાં જૈન પરિભાષામાં યોગ શબ્દ વપરાયો હોય એમ લાગે છે. યોગ શબ્દની સીધી સ્પષ્ટ વ્યાખ્યા મારા જોવામાં આવી નથી. યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં યોગ શબ્દનું વર્ણન કરતાં (ગાથા ૧૧ મી)* હરિભદ્ર સૂરિમહારાજ કહે છે કે "અયોગને યોગોમાં ઉત્કૃષ્ટ યોગ કહેવામાં આવે છે અને તે મોક્ષની સાથે જોડનાર છે. 'સર્વ સંન્યાસ' એ તેનું સ્વરૂપ છે" અહીં એક રીતે જોતાં યોગ શબ્દનું સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થાય છે. સર્વ ત્યાગનો અર્થ યોગ છે અને તે મોક્ષ સાથે પ્રાણીને જોડે છે તેથી તેને જોડનાર તરીકે યોગ કહેવામાં આવે છે. આથી પતંજલિની વ્યાખ્યા જે સ્પષ્ટ જણાવવામાં આવી છે તે અત્ર ઘટતી નથી એમ સ્પષ્ટ થયું હશે. ચિત્તની તદ્દન નિરોધાવસ્થા અથવા શુન્ય નમાધિ-સ્વરૂપ જૈન દૃષ્ટિએ કોઈ પણ પ્રકારે ઉપયોગી નથી એ આગળ

* [illegible] ૧૧)

ઉપર સ્પષ્ટ કરવામાં આવશે. સમિતિ ગુપ્તિનું સ્વરૂપ વિચારતાં આ સંબંધી વિશેષ નિર્ણય થશે. અત્ર યોગ શબ્દ ઉપર જણાવેલા બન્ને અર્થમાં કોઈ કોઈ જગોપર વપરાયો છે એટલું વિચારી પ્રસ્તુત વિષયને અંગે આપણે ચેતનની ઉત્ક્રાન્તિ બહુ સંક્ષેપમાં વિચારી જઇએ.

ચેતનની ઉત્ક્રાન્તિ.

કર્માવૃત્ત સ્થિતિમાં નિગોદની અંદર આ જીવ અનંત કાળ રહે છે. ત્યાં નદીપાષાણઘોળ ન્યાયથી અકામ નિર્જરા થતાં કોઈ વખત વ્યવહાર નિગોદમાં આવી સૂક્ષ્મ સ્વરૂપ છોડી બાદર સ્થિતિ પ્રાપ્ત કરે છે. એવી રીતે વધતાં વધતાં આ જીવ પૃથ્વી આદિ એકેન્દ્રિય દશામાં, ત્યાર પછી બે ત્રણ ચાર ઇંદ્રિયવાળી સ્થિતિમાં અને ક્રમે કરીને તિર્યંચ પંચેન્દ્રિય સ્થિતિમાં આવે છે. કાંઈક શુભ પરિણામ થતાં કર્મનિર્જરા વ્યક્ત અવ્યક્ત રીતે કરી ઊંચો આવે છે અને વળી કોઈ કોઈ વાર પાછો નીચો ઉતરી જાય છે. આવી રીતે અથડાતાં પછડાતાં તે જ્યારે પંચેંદ્રિયગતિમાં આવે છે ત્યારે તે આત્મસ્વરૂપવિચારણાની અવસ્થામાં આવે છે. પંચેન્દ્રિયગતિમાં પણ મનુષ્યજાતિમાં ઉન્નતિક્રમ બહુ સારો પ્રાપ્ત થાય છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. મનુષ્યજાતિમાં આવીને પણ આર્ય દેશની પ્રાપ્તિ, આયુષ્યની સ્થિતિ, શરીરનું સ્વાસ્થ્ય, ગુરુ મહારાજનો યોગ, ઉત્ક્રાન્તિ કરવાની ઇચ્છા, જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ, પૃથક્કરણ કરી વિવેકપૂર્વક વિવેચન કરવાની શક્તિ એ પ્રમાણે અનેક પ્રકારની અનુકૂળતા પ્રાપ્ત થાય તો જ ઉત્ક્રાન્તિક્રમમાં ચેતન આગળ વધે છે, નહિ તો મનુષ્યનો ભવ પૂર્ણ કરી વળી પાછો સંસારમાં રખડી જાય છે અને ભવાંતરમાં ભટકે છે. આવી સ્થિતિ હોવાથી મનુષ્યભવની દુર્લભતા વિચારી પ્રાપ્ત થયેલ સામગ્રીઓનો પૂરેપૂરો સારી રીતે લાભ લેવાની આવશ્યકતા સમજવા સાથે જીવો મનુષ્યજાતિમાં પણ ઉત્ક્રાન્તિક્રમમાં પૃથક્ પૃથક્ સોપાનપર રહેલા હોય છે એ ધ્યાનમાં રાખવાનું છે. જુદા જુદા ઉન્નતિક્રમના સોપાનોપર દૃષ્ટિદ્વારા આગળ વિવેચન થશે ત્યારે જણાશે કે ઉન્નતિક્રમમાં પણ કેટલી તરતમતા હોય છે. મનુષ્યગતિમાં રહેલા જીવોનું વર્ણન જોતાં ઘણી વખત મોટો ખેદ થશે. ઘણા ખરા મનુષ્યો અનેક પ્રકારનાં આર્ત રૌદ્ર

ઉત્ક્રાન્તિમાં તરતમતા.

ધ્યાન કરી, અધમ વૃત્તિ આદરી અનેક પ્રકારની ધમાધમ કરી, આત્મ
હોય તેવા ચાલ્યા જાય છે. વ્યવહારનાં કાર્યોમાં આનંદ માની, લગ્ન
વિવાહાદિ પ્રસંગોમાં સુખ માની, મરણ વિયોગાદિ પ્રસંગોમાં શોક કરી,
કાં તો તદ્દન આળસુ અથવા તો તદ્દન પ્રવૃત્તિમય જીવન વહન કરી,
સાધ્ય અને હેતુના નિર્ણય વગર જીવન પૂર્ણ કરે છે, ધનની એષ-
ણામાં, પુત્ર પરિવારની વૃદ્ધિ કરવામાં, તેઓના ખોટા વેધ જાળવવામાં,
માન કીર્તિના અચળપણાની અસ્થિરતા જાણવા છતાં તેની પ્રાપ્તિના
પ્રયાસમાં અનેક પ્રકારની ધામધુમ કરી વ્યવહાર ચલાવે છે અને પ્રાપ્ત
થયેલ જોગવાઇનો કોઇ પણ પ્રકારનો ઉપયોગ કર્યા વગર અથવા
બહુધા દુરૂપયોગ કરીને જીવનયાત્રા પૂર્ણ કરે છે અને ઘણું ખરૂં
અનેક પ્રકારનાં તીવ્ર કર્મો વિષય કષાય દ્વારા એકઠાં કરી વિશેષ ભારે
થઈ ભવાંતરમાં ચાલ્યો જાય છે અને પોતાના ચેતનને અથવા સ્વને
એવી કફોડી સ્થિતિમાં મૂકે છે કે પાછો મનુષ્યભવ અથવા તેમાં પ્રાપ્ત

સામગ્રીનો દુરૂપયોગ.

થયેલ સામગ્રી ફરીવાર પ્રાપ્ત કરવાં અનેક ભવો કરવા પડે. આ અતિ વિપરીત સ્થિતિમાં આવી
રહેલા ચેતનજીના વ્યવહારનો ખ્યાલ કરતાં બહુ વિચારવા લાયક સ્થિતિ
પ્રાપ્ત થાય તેમ છે. એને પુત્ર નહિ હોય તોપણ ધનની પાછળ ગાંડો
થઇ જશે. પુત્ર સંતતિ હશે તો પુત્ર ધન મેલી જનાર પિતાનો કેટલો
આભાર માને છે તેનો ખ્યાલ કર્યા વગર ધન પાછળ લાગી રહેશે,
માનકીર્તિ માટે અનેક પ્રયાસો કરશે અને આવી અનેક રીતે
વિચિત્ર જીવનમાંથી તેને બહાર નીકળવાનો કાંઈ પ્રસંગ આવશે તો
તેના સગા નજદીકના તેને [illegible] ખેંચી રાખશે અને તેવા
[illegible] તેને પણ [illegible] ખેંચીને
[illegible] પ્રકારે વિચિત્ર જીવન પૂર્ણ કરી
[illegible] થાય છે તેની વિશેષ
[illegible] મનુષ્યજીવન [illegible]
[illegible]
[illegible]
[illegible]

ઉચ્ચગ્રાહી મહાત્માઓ.

સંસારથી ઊંચા આવતા જાય છે, મનુષ્યભવની દુર્લભતા વિચારે છે, ચેતન અને પુદ્ગળનો સંયોગ ક્ષણિક છે એમ જાણે છે, તે સંબંધનાં કારણો અને તે કારણોને પ્રેરનાર શક્તિનો સંબંધ મનમાં લાવે છે, શુદ્ધ ચેતનજીનું સ્વરૂપ સમજવા યત્ન કરે છે અને તે સમજી તેને પ્રાપ્ત કરવા-તે પ્રકટ કરવા નિર્ણય કરે છે. વિચાર કરે છે અને તેને યોગ્ય સામગ્રી અથવા સાધનો બનતા પ્રયાસે એકઠા કરવા નિર્ણય કરે છે. આસન્નસિદ્ધ જીવની આવી દશા હોય છે. ભવસ્થિતિ પરિપક્વ થઈ હોય અને ચેતનજી ઊંચા આવવાની સામગ્રીની જ અપેક્ષા રાખતો હોય તે પ્રસંગે આવી મહા સુંદર સ્થિતિ પ્રાપ્ત થાય છે અને તેવી સુંદર સ્થિતિનો લાભ લઈ આવા મહાત્માઓ પોતાની ઉન્નતિના ક્રમમાં ઘણો વધારો કરે છે. આવા જીવોની જે અતિ ઉદાત્ત સ્થિતિ ધીમે ધીમે ક્રમ પ્રમાણે થતી જાય છે તેનો વિચાર હવે કરવાનો છે. તેનાં સાધનો સંબંધી વિચાર કરશું ત્યારે જણાશે કે આવા જીવોનું સાધન બહુધા યોગમાર્ગપર હોય છે અને તેને અંગે તેઓ બહુ આત્મોન્નતિ ક્રમસર કરતાં ચાલ્યા જાય છે. આ પ્રમાણે હકીકત હોવાથી આપણે આવા જીવો ઉન્નતિ-ક્રમમાં આગળ વધે ત્યારે તેઓની સ્થિતિ-માનસિક અને આત્મીય-કેવી રીતે પ્રગતિ કરતી જાય છે તે પ્રથમ આઠ દૃષ્ટિદ્વારા વિચારશું અને ત્યારપછી પ્રગતિ કરવાના સાધનો પૈકી યોગનાં અંગો અને ખાસ કરીને ધ્યાનવિષયપર વિચાર કરશું.

'યોગ' સંબંધી ખોટા ખ્યાલ.

અહીં એક વાત આ પ્રસંગે કરી નાખવી પ્રાસંગિક છે. સામાન્ય રીતે લોકોમાં 'યોગ' શબ્દની સાથે કોઈ અતિ વિચિત્ર ખ્યાલ પસરી રહેલો જણાય છે. તેઓ યોગી એટલે મની મન ને ઉપરથી જડબુદ્ધિ માનનાર, નગ્ન તત્ત્વના સમજનાર, સિદ્ધિદ્વારા લોહનું સુવર્ણ કરનાર, વ્યાધિઓ મટાડનાર અને એવા અસાધારણ ચમત્કાર દેખાડનાર વ્યક્તિનો ખ્યાલ કર્યા કરે છે. આથી યોગ શબ્દનો અને તેના મૂળ હેતુનો નાશ થતો હોય એમ મારું માનવું છે. જીવની અચિન્ત્ય શક્તિ છે અને આત્મીય શક્તિ-ક ને કુદરતની કેટલીક સામાન્ય રીતે ન જણાતી ભાવનાઓ વિશુદ્ધ આત્મજીવન વહન કરનારને પ્રાપ્ત થઈ શકે છે અને પ્રાપ્ત થયેલી હોય

છે એમ માનવામાં આંચકો આવતો નથી અને એવા અનેક ચ
ત્કારની વાતો સાંભળવામાં આવે છે; પરંતુ એ યોગ નથી. યોગ

સિદ્ધિ અને પ્રગતિનો સંબંધ.

અંગે થતી સિદ્ધિમાં જો આ ચેતન ફસાઈ જાય
વિષયવૈરાગ્ય છતાં ગુણવૈરાગ્ય ન હોવાથી તે
પ્રગતિ થતી અટકી પડે છે, તેનું આત્મદ્રવ્ય પૌદ્
ગલિક દશામાં ફસાઈ જવાથી વધારે ઉન્નત થઈ શકતું નથી અને તેથી
આવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તોપણ તેનો ઉપયોગ વાસ્તવિક રીતે
તેઓ કરી શકતા નથી. એક સળી ખેંચીને સાડા બાર કરોડ સુવ-
ર્ણની વૃષ્ટિ કરનાર નંદિષેણનો યોગ ઘણો ઉત્કૃષ્ટ હોવો જોઈએ, પરંતુ
યોગની પ્રક્રિયા કરવા જતાં પૌદ્ગલિક સિદ્ધિનો લાભ લેવા ગયા એટલે
તે વખતે તો વદન યોગભ્રષ્ટ થયા; ગૌતમસ્વામીએ અક્ષીણ મહાનસ
લબ્ધિથી તાપસોને ક્ષીરાન્ન જમાડ્યું તેનો આશય પરને પ્રતિબોધની
તીવ્રતા કરવાનો હતો, નહિ તો તેઓ પણ યોગભ્રષ્ટ જ થાત અને
આપણે સનત્કુમાર ચક્રવર્તીના કથાનકમાં તેઓના દીક્ષા પછીના પ્રબ-
ધમાં વાંચીએ છીએ કે તેઓને કુષ્ઠાદિ વ્યાધિ હતા, શરીરે મહા વ્યથા
થતી હતી અને પોતાની પાસે એવી લબ્ધિ હતી કે પોતાના
શરીરને સુવર્ણથી પણ વધારે તેજ

સંબંધમાં જે ખોટો ખ્યાલ બેસી ગયો છે તે કાઢી નાખવાની ખાસ જરૂર છે. શુદ્ધ આત્મદશાને પ્રાપ્ત કરવાની સ્થિતિમાં જોડનાર સ્થિતિને યોગ કહેવામાં આવે છે અને તે સ્થિતિમાં વધારે આગળ પ્રગતિ પામેલા પ્રાણીઓને યોગી કહેવામાં આવે છે. એમાં જેટલે અંશે પૌદ્ગલિક વાંછા હોય છે તેટલે અંશે યોગભ્રષ્ટતા સમજવી. આ સંબંધી સંસારી જીવોના વિચારથી દોરવાઈ ન જતાં શુદ્ધ તાત્ત્વિક દૃષ્ટિથી ખ્યાલ કરી સત્ય હકીકત સમજવાની ખાસ જરૂર છે. આવી અનેક પ્રકારની અણિમા લઘિમાદિ સિદ્ધિઓનું વર્ણન યોગશાસ્ત્રમાં શ્રી હેમચંદ્રાચાર્યે કર્યું છે અને પાતંજલ આચાર્યે યોગદર્શનના તૃતીય પાદમાં કર્યું છે; પરંતુ છેવટે કહે છે કે એ સર્વ સિદ્ધિઓ પુરૂષ સાક્ષાત્કાર કરાવનાર સંપ્રજ્ઞાત યોગની પ્રતિબંધક છે, કારણ કે તેઓ કહે છે કે મન જ્યાંસુધી વિષયથી અત્યંત વિરામને પામ્યું નથી ત્યાંસુધી તે એકાગ્ર થઈ સાધ્ય પ્રતિ સ્થિર થતું નથી અને એ સિદ્ધિનો ઉપયોગ કરવા વિષયભોગદ્વારા અંતઃકરણ વિક્ષિપ્ત થાય છે, અંતઃકરણમાં પ્રાપ્ત થયેલું હૃદયબળ ક્ષીણ થઈ જાય છે અને અંતઃકરણની શુદ્ધ સાત્ત્વિક અવસ્થા ક્રમે ક્રમે જતી રહે છે, સ્થિરતા જતી રહી ચંચળતાને સ્થાન આપે છે અને અંતે તે સાધક યોગના પરિણામી ફળને અનુભવ્યા વિના મરણ પામી યોગભ્રષ્ટ થાય છે.* છેવટે ત્યાં કહેવામાં આવ્યું છે કે વ્યુત્થાનદશામાં આગળ ન વધવાની ઇચ્છા રાખનારને આવી સિદ્ધિઓ કામની છે, પરંતુ જેને વિવેકખ્યાતિના ઉદ્દેશથી યોગસાધના કરવી હોય તેમણે આ સિદ્ધિઓ ઉપેક્ષા કરવા યોગ્ય છે. જૈન પરિભાષામાં આવો જ વિચાર બતાવીએ તો પૌદ્ગલિક દશાના લોલુપી ભવાભિનંદી જીવ જ સિદ્ધિમાં પરિપૂર્ણતા માની તેના લાભ લેવા વિચાર કરે છે, બાકી જેમની ઇચ્છા સિદ્ધિસ્થાન પ્રાપ્ત કરી કર્મમળથી રહિત થઈ સાધ્યદશામાં સ્થિત થવાની હોય છે તેઓ આ સિદ્ધિઓના ઉપયોગને સંસાર વધારનાર સમજી પરભાવમાં રમણતા કરાવનાર તરીકે તેની અન્ય પૌદ્ગલિક વસ્તુઓની પેઠે ઉપેક્ષા કરી પોતે આગળ વધે છે.

સિદ્ધિ અને યોગાચાર્યો

* પાતંજલ યોગદર્શન પાદ ત્રીજાનું સૂત્ર ૩૭ મું અને તેપર વૃત્તિ

સાધક જીવોનો ઉન્નતિક્રમ.

હવે આપણે સાધક જીવોનો ઉન્નતિક્રમ વિચારીએ. અહીં જણાવી દેવાની જરૂર છે કે આ ઉન્નતિક્રમ શ્રીહરિભદ્ર સૂરિ મહારાજના બનાવેલા શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ ઉપરથી તેમજ તેના લગભગ ગુજરાતી પદ્યમય ભાષાંતરરૂપ આઠ દૃષ્ટિની સજ્ઝાય જેના બનાવનાર પ્રસિદ્ધ મહાત્મા શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાય છે, તેમના કથનાનુસાર સરળ રીતે સંક્ષેપમાં સૂચવ્યો છે. એ ક્રમ બહુ વિચાર કરી સમજવા યત્ન કરવો અને જેમણે બની શકે તેમણે ઉપરોક્ત અસલ ગ્રંથો જોવા.

ગુણસ્થાન ઉન્નતિનાં સોપાન.

જીવનો ઉન્નતિક્રમ સમજાવવા માટે ચૌદ ગુણસ્થાનકરૂપ વિભાગ કરવામાં આવ્યા છે. જેમ જેમ ચેતન-આત્મા ગુણસ્થાનમાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના આત્મીય ગુણો સવિશેષપણે પ્રકટ થતા જાય છે અને છેવટે જ્યારે ચૌદમા ગુણસ્થાનના છેડે તે પહોંચે છે ત્યારે તેને તદનન્તર સાધ્યની પૂર્ણ પ્રાપ્તિ થાય છે. એ ચૌદ ગુણસ્થાનમાં ઉન્નતિક્રમ કેવા પ્રકારે થાય છે તે પણ બહુ સારી રીતે સમજવા યોગ્ય છે અને [illegible]

પ્રાપ્તિ થતી જાય છે. આવા પ્રકારના દર્શનને દૃષ્ટિ કહેવામાં આવે છે. જેટલી જેટલી આત્માની વિશુદ્ધતા થઈ હોય એટલે જેટલે જેટલે અંશે તેના ઉપર લાગેલાં કર્મો ક્ષયિ ઉદય આવીને ખરી ગયા હોય અને કાંઈક દબાઈ ગયાં હોય તેટલે અંશે તેને આપ્ત દર્શન સ્પષ્ટ રીતે થતું જાય છે અને તેના પ્રમાણમાં તે ઉત્ક્રાંતિક્રમમાં આગળ વધતો જાય છે. આવી રીતે વિચારતા જેટલા ભેદો ઉત્ક્રાંતિ સ્થાનના થઈ શકે તેટલા દૃષ્ટિના ભેદ થાય, કારણ કે દરેક ચેતન ઉત્ક્રાંતિક્રમમાં જુદી જુદી અવસ્થાપર સ્થિત થયેલ હોય છે. એ દરેકનું વર્ણન કરવું વચન અશક્ય છે તેથી તેના મુખ્ય આઠ વિભાગ પાડી આઠ દૃષ્ટિદ્વારા ચેતનનો ઉત્ક્રાંતિક્રમ અત્ર બતાવ્યો છે. મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા એ આઠ દૃષ્ટિના આઠ નામ છે. એ પ્રત્યેક દૃષ્ટિપર સ્થિત થયેલ ચેતનજી કેટલો વિકાસ પામેલા હોય છે તે આપણે નીચે વિચારશું.

ઓઘ દૃષ્ટિ.

હોય ત્યારે વિશેષ દર્શન થાય, વળી બાળ જીવની, ઇંદ્રિયવિકળની અને વૃદ્ધ પુરૂષની દૃષ્ટિમાં જેમ ફેર હોય છે, તેમાં પણ વિવેકી અને અવિવેકી પ્રાણીઓનાં દર્શનમાં ફેરફાર હોય છે–એવી રીતે મેઘવાળી અથવા બાળજીવની કે અવિવેકી પ્રાણીની દૃષ્ટિથી જે સાધ્યનું દર્શન થાય તે ઓઘદૃષ્ટિનું દર્શન સમજવું. બહુધા એવી સ્થિતિમાં રહેલા જીવો સાધ્યનું દર્શન કરતા જ નથી, કરવાનો વિચાર પણ કરતા નથી અને કરવાની સન્મુખ પણ થતા નથી અને કોઈ સહજ વિચાર કરે છે તો તેનું દર્શન કર્મવિચિત્રતાને લીધે આવરણવાળું હોવાથી અતિ અસ્પષ્ટ અથવા લગભગ નહિ જેવું થાય છે. અનેક દર્શનો આ સંસારમાં નીકળ્યાં છે તે આ ઓઘદૃષ્ટિને લઇને થયેલાં છે એમ સમજવું. તેઓ એક લક્ષ્ય ધ્યાનમાં રાખી એક દૃષ્ટિબિન્દુથી અમુક પદાર્થ તરફ જોઈ રહે છે અને તેથી તેઓનું દર્શન કદાપિ આવરણ રહિત–સ્પષ્ટ થઈ શકતું નથી. એકાંત દૃષ્ટિએ અમુક વસ્તુ તરફ જોવામાં આવે ત્યાં મનમાં પ્રથમથી ધારી રાખેલું પરિણામ જ આવે અને તેવે પ્રસંગે પોતાનાં મનમાં ધારી રાખેલા પરિણામથી ઉલટી કોઈ બાબત જોવામાં આવે તો તે પસાર કરી દેવામાં આવે એમ સ્વાભાવિક રીતે જ બને છે. જ્યાં એકાન્ત બુદ્ધિ હોય ત્યાં આવું પરિણામ અનિવાર્ય છે અને આવી સ્ખલનાઓ આ જીવે અનેક પ્રસંગે કરેલી વિવેકદૃષ્ટિવંતના જોવામાં આવે છે. આ પ્રમાણે હોવાથી આવી ઓઘદૃષ્ટિથી ઉપર કહેલી આઠ દૃષ્ટિઓને જૂદી પાડવા માટે આઠ દૃષ્ટિનું સમુચ્ચય નામ યોગદૃષ્ટિ પાડવામાં આવ્યું છે. અનાદિ કાળથી મિથ્યાત્વભાવમાં તણાતો આ ચેતન જ્યારે ઓઘ દૃષ્ટિ તજી દે છે ત્યારે તે ઉત્ક્રાન્તિક્રમમાં આગળ વધે છે. અનત સંસારચક્રમાં ભ્રમણ કરતા જ્યારે તેની સાધ્યસામીપ્ય દશા થાય છે અને તેની ભવસ્થિતિ પરિપક્વ થાય છે ત્યારે તે અત્ર કહેવામાં આવતી યોગ દૃષ્ટિ પૈકીની પ્રથમ દૃષ્ટિ પ્રાપ્ત કરે છે. (સંસાર અનંત છે અને ચેતને તેમાં અનંત ભવો કર્યા છે, પરંતુ ઉત્ક્રાન્તિક્રમમાં જ્યારે તેની સ્થિતિ આગળ વધવાની હોય છે ત્યારે તે ઓઘદૃષ્ટિ મૂકી યોગ દૃષ્ટિમાં આવે છે. જૈન પરિભાષામાં કહીએ તો છેલ્લા પુદ્ગલપરાવર્તમાં તેની આ સ્થિતિ થાય છે. અનંતાં વર્ષોનું એક

ઓઘદૃષ્ટિમાં સાધ્યદર્શન

પુદ્ગળપરાવર્ત થાય છે.

પ્રથમ યોગ દૃષ્ટિ પ્રાપ્તિનો કાળ.

અનંતાં પુદ્ગળપરાવર્ત* કરી આ ચેતન ચોરાશી લક્ષ જીવાયોનિમાં રખડ્યા કરે છે—એ પ્રમાણે રખડતાં રખડતાં જ્યારે તેને છેલ્લું પુદ્ગળપરીવર્ત પ્રાપ્ત થાય છે ત્યારે તે આ યોગ દૃષ્ટિની પ્રાપ્તિ કરે છે. આ પ્રમાણે હકીકત હોવાથી જો કે પ્રથમની ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વભાવ વર્તતો હોય છે છતાં ઓઘ દૃષ્ટિની અપેક્ષાએ આ દૃષ્ટિવંત જીવોનો ઉન્નતિક્રમ ઘણો આગળ વધી ગયેલો હોય છે અને દૃષ્ટિ શબ્દની વ્યાખ્યામાં આપણે જોયું છે કે સત્શ્રદ્ધાસંગી બોધને દૃષ્ટિ કહેવામાં આવે છે—એવા સત્સંગનો યોગ અહીં પ્રથમની ચારે દૃષ્ટિમાં સારી રીતે થઈ શકે છે તેથી મિથ્યાભાવમાં વર્તતા જીવોને પણ યોગ દૃષ્ટિવાળા કહેવામાં આવ્યા છે અને તેથી તે ચાર દૃષ્ટિનો સમાવેશ યોગ દૃષ્ટિમાં કર્યો છે. એ ચાર દૃષ્ટિમાં વર્તતા જીવોની પ્રગતિ ઓઘ દૃષ્ટિમાં વર્તતા જીવોના કરતાં ઘણી વધારે હોય છે અને ક્રમે ક્રમે વિશેષ વધતી જાય છે એટલું ધ્યાનમાં રાખવાનું છે. જ્યારે પછવાડેની સ્થિરાદિક ચાર દૃષ્ટિમાં મોક્ષ જવા માટે જે પ્રયાણ શરૂ કર્યું હોય તે અટકતું નથી, આગળ આગળ પ્રગતિ થયાજ કરે છે, ત્યારે પ્રથમની ચાર દૃષ્ટિમાં વખતપર પતન થઈ જાય છે, આગળ વધેલો જીવ પાછો પણ પડી જાય છે અને એમ એમ કરતાં આગળ વધે છે. જેવી રીતે પ્રયાણ કરનાર માણસ રાત્રિએ ઉંઘ લે છે, તેવી રીતે સ્થિરાદિક આગળની ચાર દૃષ્ટિવાન્ જીવ દેવગતિ વિગેરેમા જઈ સુખ ભોગવી આવે છે અને વળી પાછો મનુષ્યગતિ પ્રાપ્ત કરી મોક્ષ તરફનું પ્રયાણ આગળ ચલાવે છે. આટલી હકીકત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. હવે આપણે

એ આઠે દૃષ્ટિમાં વર્તતા જીવોની સ્થિતિ અને એનો ઉન્નતિક્રમ સંક્ષેપમાં વિચારી જઈએ.

૧. મિત્રા દૃષ્ટિ.

પ્રથમ મિત્રાદૃષ્ટિમાં યોગનું પ્રથમ અંગ 'યમ' પ્રાપ્ત થાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, મૈથુનવિરમણ અને અપરિગ્રહતા આ સુપ્રસિદ્ધ પાંચ યમ છે. એ પાંચ યમો સામાન્ય પ્રકારે અહીં પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં બોધ તૃણની અગ્નિ જેવો સમજવો. જેમ ખડનો તાપ એકદમ થઈ ભડભડ બળી જાય તેવો એટલે તદ્દન સૂક્ષ્મ-સામાન્ય પ્રકારનો-વિજળીના ઝબકારા જેવો બોધ અહીં થાય છે. એ દૃષ્ટિનું લક્ષણ 'અખેદ' છે. એટલે આ પ્રથમ દૃષ્ટિમાન્ જીવને શુભ કાર્ય કરતાં જરા પણ કંટાળો આવતો નથી, સારાં કામો કરતાં તે કદિ પણ થાકી જતો નથી અને શુભ પ્રવૃત્તિ કરતાં તેને થાક ચઢી જતો નથી. એ ઉન્નતિક્રમમાં 'અદ્વેષ'ની

અદ્વેષગુણની વિચારણા

સુધી આગળ વધે છે, એટલે એને જેવી રીતે શુ[illegible] પ્રવૃત્તિ તરફ અખેદ ઉત્પન્ન થાય છે તેવીજ રીતે અન્ય અશુભ ક[illegible] કરનાર તરફ 'અદ્વેષ' ઉત્પન્ન થાય છે. અહીં પ્રાણીને તત્ત્વ અને મુ[illegible] તરફ અદ્વેષ ઉત્પન્ન થાય છે. અત્યાર સુધી પુદ્ગલદશામાં રાચ[illegible] પ્રાણી પુદ્ગળને તત્ત્વ ગણતો હતો અને તેના વિયોગને અતત્ત્વ ગણતો હતો અને અર્થાપત્તિથી પ્રાણીને તત્ત્વ અને મુક્તિ તરફ દ્વેષ હતો; આ તેનો દ્વેષ હવે મંદ થતો જાય છે અને તેથી જ આગળ પ્રગતિ કરતા હવે પછી તેને તત્ત્વજિજ્ઞાસા ઉત્પન્ન થશે. આ હકીકત બહુ સૂક્ષ્મ વિચારથી સમજવા યોગ્ય છે. એમાં તત્ત્વરૂચિ કેમ પ્રગટે છે અને વધે છે તે દરેક દૃષ્ટિમાં ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. આ ઉપરાત એને અહીં કરૂણાનો અંશ ઉત્પન્ન થાય છે તેથી તે સમજે છે કે અન્ય જીવો જે કુદેવ અને કુગુરૂ પર દેવગુરૂ-બુદ્ધિ રાખે છે અથવા અશુભ કાર્યોમાં પ્રવૃત્તિ કરે છે તેઓ બાપડા દયાને પાત્ર છે, તેઓ ઉપર દ્વેષ કરવો અનુચિત છે, કર્મને પરવશ રહી જેઓ એવી અધમ દશા ભોગવે તેઓ ઉપર દ્વેષ કરવો એ મરેલાને મારવા તુલ્ય છે. આવા પ્રકારની કરૂણા ભાવનાનું બીજ તેનામાં પ્રગટ થાય છે. આવા પ્રકારનો કરૂણાને અંગે 'અદ્વેષ'

ગુણ અહીં પ્રાણીને થાય છે. ઘણું ખરૂં તો આ દૃષ્ટિમાં વર્તતા જી
અન્યનાં કાર્યની ચિંતા રાખતાજ નથી, પણ કદાચ રાખે છે તો તેના
કરૂણાનો અંશ ઉત્પન્ન થવાથીજ રાખે છે, પણ તેઓ નકામી વાં
અથવા નિરર્થક હઠ કદાગ્રહમાં પડી જતા નથી. પ્રાણી સાધ્ય
સમીપ આવતો હોવાથી તેને કાંઇક સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થાય છે અ
તેથી તે ઓઘ દૃષ્ટિ મૂકી દઈ ઉત્ક્રાન્તિક્રમમાં આગળ વધે છે એ
તેનામાં ઉપરોક્ત અદ્વેષ ગુણસ્થાન આવે છે. એ ભાવને બતા
નારો શબ્દ Toleration (પરમતસહિષ્ણુતા*) છે. આવી સ્થિતિ
રહેલા પ્રાણીઓ પરમત આદરતા નથી, પણ પરમતમાં આસ
પ્રાણીઓનું ભવાભિનંદીપણું તેમને ખેદ કરાવે છે, છતાં તેને તે
ઉપર દ્વેષ આવતો નથી. અહીં દર્શન તદ્દન મંદ હોય છે એ
તૃણાગ્નિના સાદૃશ્યથી સમજાયું હશે. આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી યો
બીજની વાવણી કરે છે. વીતરાગ સર્વજ્ઞ ભગવાન્ તરફ અદ્વેષયુ
કુશળ ચિત્ત રાખી તેઓને નમસ્કાર પ્રણામ કરી તેઓની ભાવ
હૃદયમાં રાખી તેઓ જેવા થવાના સાધ્યને 'યોગબીજ' કહેવા
આવે છે. એવા પ્રકારના યોગબીજની આ દૃષ્ટિમાં વાવણી થાય
અને તેનું ફળ ઉત્તરોત્તર દૃષ્ટિમાં પ્રગતિ કરતાં પ્રાપ્ત થતું જાય
અહીં સ્થિત થયેલો આત્મા જે શુભ કાર્ય કરે છે ને ઉપાદેય બુદ્ધિ

કરે છે, સંજ્ઞીની પેઠે ક્ષયોપશમની વિચિત્રતાથી ઉત્પન્ન થયેલા ભાવયુક્ત કરે છે અને ફળની અપેક્ષા રાખ્યા વગર કાર્યના શુદ્ધત્વની ખાતરજ તે કામ કરે છે. આવી રીતે અર્પણબુદ્ધિ માફક કરાયલા કામમાં નિષ્કામ વૃત્તિ હોવાથી તેની પ્રગતિ આગળ વધતી જાય છે તોપણ હજુ તે બાહ્ય દશામાં વર્તતો હોય છે, છતાં તેનાં કાર્યનું ફળ આગળ જતાં મોક્ષપ્રાપ્તિરૂપ થાય છે તેથી મોક્ષનું પ્રયાણ તેનું વાસ્તવિક રીતે અહીંથી શરૂ થઈ જાય છે. ધર્મનો ઉપદેશ કરનાર અને સન્માર્ગ બતાવનાર વિશુદ્ધ યોગીનું વૈયાવૃત્ય આ પ્રાણી ઉપકારબુદ્ધિથી સારી રીતે કરે છે અને તેમાં પણ તે દ્રવ્ય આચાર્ય અથવા દ્રવ્ય યોગી તરફ ખેંચાઈ જતો નથી. આ દૃષ્ટિમાં રહેલા પ્રાણીને ભવ તરફ—સંસાર તરફ સ્વાભાવિક રીતેજ ઉદ્વેગ આવે છેઃ એને આ સંસારના ભોગો તથા ધમાધમ, પ્રવૃત્તિ તથા ધનોપાર્જન, કીર્તિપાલન અને વ્યવહારકાર્યકરણ સર્વમાં એક પ્રકારની લુખાશ લાગે છે, એમાં તે અસ્થિરતા, અચોકસપણું અને નીરસપણું જોઈ શકે છે અને તેથી જેમ ઘણું કામ કરીને થાકી ગયેલા માણસને કામ તરફ અપ્રીતિ થાય અથવા વૃદ્ધાવસ્થા થયા પછી સ્ત્રી ઉપર ઉદ્વેગ થાય તેવો ઉદ્વેગ સાંસારિક સર્વ કાર્યો તરફ સાધારણ રીતે તેને થાય છે. એ ઉદ્વેગ એવા પ્રકારનો થઈ જતો નથી કે જેથી તે સર્વસ્વનો ત્યાગ કરી દે, પરતુ તેને હવે સંસાર ઉપર કંટાળો આવવા માંડે છે, મતલબ તેને અહીં સસારથી આગળ વધી જવાના માર્ગપર ચઢવાની દિશાનું દર્શન થાય છે. અહીં તે દ્રવ્યથી કેટલાંક વ્રત નિયમો પણ લે છે. હજુ તેનું મન તે વ્રતાદિકમા બહુ પ્રવેશ કરતું નથી, પણ સામાન્ય રીતે ઉપર ઉપરથી દ્રવ્યવ્રતપાલન કરી ત્યાગ વૈરાગ્ય તરફ રૂચિભાવ સામાન્ય પ્રકારે આ દશામા વર્તતો પ્રાણી બતાવે છે. સારાં સારાં શુદ્ધ ધર્મનાં પુસ્તકો લખાવવાં, પુષ્પ વસ્ત્રાદિથી તેની પૂજા કરવી, પુસ્તક વિગેરેનું પાત્રને દાન દેવું, પોતે સારાં સારાં પુસ્તકોનું વાંચન કરવું, પુસ્તકો સારાં મેળવવા માટે પ્રયત્ન કરવો, પુસ્તકમાં બતાવેલી સારી સારી રહસ્યની વાતો યોગ્ય પુરૂષ પાસે સમજીને પ્રકાશવી, પુસ્તકોનાં સ્વાધ્યાય, મનન, નિદિધ્યાસનાદિ કરવાં-એવી

મોક્ષપ્રયાણની શરૂઆત.

પ્રથમ દૃષ્ટિમાં પ્રાણીનું વર્તન

રીતે જૂદે જૂદે પ્રકારે જ્ઞાનપ્રાપ્તિ તરફ તેને સ્વાભાવિક રીતે આ
ર્ષણ થાય છે અને તેને માટે જૂદી જૂદી દિશામાં તે પ્રયત્ન કરે
વ્યવસાય આદરે છે અને તે તરફ અનેક રીતે રૂચિ દર્શાવે છે.
અનેક મોટાં કાર્યો કોમના, દેશના અથવા જગતના હિતનાં કરે
પણ તે મન વગરનાં કરતો નથી; સારી રીતે પોતાની ચેતના
વ્યાજ્ય રાખી આત્મિક ગુણવૃદ્ધિ માટે મહાન્ કાર્યો કરે છે,
પણ સ્વોત્કર્ષ દર્શાવવા અભિમાનવૃત્તિથી બહુધા કરતો ના
વળી તેને દુઃખી જીવ ઉપર દયા આવે છે, ગુણવાન્ ઉપર અ
થાય છે, મત્સરનો ત્યાગ થાય છે અને સર્વ સાથે ઉચિત રીતે વ
કરવાની ટેવ પડતી જાય છે અને તે વૃત્તિમાં ધીમે ધીમે પણ મક્ક
પણે સુધારો થતો જાય છે. અનેક પ્રકારના અવંચક યોગો અ
તેને પ્રાપ્ત થાય છે. અવંચકપણું ત્રણ પ્રકારનું છેઃ યોગાવંચક, ક્રિ
વંચક, અને ફળાવંચક. મનને શુદ્ધ રીતે પ્રવર્તાવવું તે યોગાવંચક, વ
અને કાયાને યોગ્ય રીતે શાસ્ત્રવિહિત રીત્યા પ્રવર્તાવવાં તે ક્રિયાવં

અવંચકત્વ

અને આ બે અવંચકપણાને યોગે મિથ્યાત્વ કષા
દિના ત્યાગથી શુભ મતિ પ્રાપ્ત કરે તે ફળાવંચ

અહીં સાધારણ રીતે એવો પ્રશ્ન ઉપસ્થિત થશે કે આવા અવંચકત્રય જેવા મહા વિમળ ગુણોને પ્રાપ્ત કરનાર પ્રાણી પણ જો પ્રથમ દૃષ્ટિમાં હોય તો પછી ઘણા ખરા પ્રાણીઓને ઉપરનાં ગુણસ્થાનકો કેમ પ્રાપ્ત થાય? ધર્મનાં બીજ વાવનાર, સંસારથી ઉદ્વેગ પામનાર અને ઉત્તમ સંયોગો પ્રાપ્ત કરનાર પ્રાણી પણ હજુ પ્રથમ દૃષ્ટિમાં હોય અથવા પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકે જ વર્તતો હોય (અહીં જણાવી દેવાની જરૂર છે કે આ પ્રથમ દૃષ્ટિમાં વર્તતા જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે વર્તતા હોય છે) તો પછી ઘણા ખરા પ્રાણીઓને તો ઊભા રહેવાનું સ્થાન આ દૃષ્ટિમાં જ મળે નહિ. પછી સમ્યક્ત્વપ્રાપ્તિ અને ચતુર્થ પંચમ ગુણસ્થાનકની વાત તો શી કરવી? આ પ્રશ્ન સાધારણ છે અને ખરેખર વિચારમાં પાડી નાખે તેવો છે, પરંતુ એનો જવાબ એ જ છે કે આ વસ્તુસ્થિતિ છે. સાધારણ બાહ્ય ક્રિયા માત્ર કરવાથી પોતાની જાતને ઉન્નત થયેલી માનનાર ઘણું ખરૂં આત્મવંચના કરે છે. અતિ વિશાળ વિચાર કરીને જ્ઞાની મહારાજે અહીં દૃષ્ટિ રચના અને તેની સંકલના બતાવી છે તે ઉપરથી પોતાની જાતને વિચાર કરવાનો છે કે આપણે ઉન્નતિક્રમમાં કઈ દશામાં વર્તીએ છીએ. પોતે ઉન્નત થયેલા હોય એમ માનનાર કદાચ આ દીર્ઘ વિચારથી લખાયલા દૃષ્ટિભેદના સૂત્રજ્ઞાનથી પોતાને તેટલી હદે વધેલા ન જોઈ શકે તો તેમા અન્યનો દોષ નથી. ભૂલભરેલી ભ્રમણામાં રહેવું અથવા ક્ષણિક અવસ્થા ધારણ કરવા કરતા મૂળ સ્થિતિ સમજી તે હદ સુધી ચેતનજીને ઉન્નત કરવા વિચાર કરવો એ જ સાધ્ય છે અને એને અંગે કદાચ ખોટી ભ્રમણા ચાલતી હોય તો તે ખાસ દૂર કરવા યોગ્ય છે. ઘણા ખરા ઓઘદૃષ્ટિવાળા જીવો પોતાને 'સમકિતી' માની લેવાની ભૂલ કરે છે તે હવે પછીની ત્રણ દૃષ્ટિનું અને આ દૃષ્ટિમાં રહેલા જીવો સબંધી વિવેચન વાંચવાથી પોતાની સ્ખલના સમજી જશે અને વિચારશે કે મહા વિમલ સમ્યક્ત્વ જેવી શુદ્ધ દશાએ પહોંચવા માટે બહુ કરવાની-ઘણાં સાધનો એકઠા કરવાની જરૂર છે. જ્યાં પોતાને પગ મૂકવાનો પણ અધિકાર ન હોય ત્યાં એકદમ પ્રથમને બદલે પાંચમી દૃષ્ટિની વાતો કરવી એ એક રીતે

દૃષ્ટિવાન્ પ્રાણીપર વિચારણા

ઉદ્ધતપણું છે. પ્રસંગવશાત્ આપણે અન્ય વાત ઉપર ઉતરી ગયા, પરંતુ યોગને અંગે આવી અનેક પ્રકારની ભ્રમણા થતી જોવામાં આવે છે તે દૂર કરવાની ખાસ જરૂર હોવાથી આટલો વિષયાંતર પ્રાસંગિક ગણવામાં આવેલ છે.

આ પ્રથમ મિત્રા દૃષ્ટિમાં વર્તતા જીવોને બીજકથા સાંભળીને મનમાં બહુ આનંદ આવી જાય છે, એ તો સંવેગ ભાવની, અનુકંપાની, સામ્યતાની, ઔદાર્ય ધૈર્ય ગંભીર્યની કથા સાંભળી રાજી રાજી થઈ જાય છે; એને એવી વાતો ઉપર એટલો આનંદ ઉપજે છે કે તેનું વર્ણન કરી શકાય નહિ.

બીજી દૃષ્ટિપર વિવેચન કરવા પહેલાં અહીં જણાવવું ઠીક થઈ પડશે કે ઘણાખરા જીવો ઓઘ દૃષ્ટિ પરજ હોય છે, તેઓ યોગ દૃષ્ટિ પર આવ્યા જ હોતા નથી. ઉત્ક્રાન્તિ-ક્રમમાં અથવા ઉત્ક્રાન્તિમાં જ્યારે ઘણો વધારો થાય, ભવસ્થિતિ બહુ અલ્પ રહે અને સંસારનો છેડો નજીક આવે ત્યારે જ આ યોગદૃષ્ટિમાં અવાય છે. યોગના ઉપર મોટી મોટી વાતો કરનારા, હઠયોગાદિના પ્રયોગ કરનારા અને સમાધિ સુધીનો દેખાવ કરનારા પ્રાણીઓ ઘણીખરી વખત ઓઘ દૃષ્ટિમાં જ હોય છે, કારણ કે જ્યાંસુધી વસ્તુતત્ત્વનો શુદ્ધ શ્રદ્ધાયુક્ત બોધ થતો નથી ત્યાંસુધી શરીરકષ્ટ કે માનસિક બુદ્ધિબળથી કોઈ ખાસ લાભ થતો નથી. સાધારણ રીતે શરીરસ્વાસ્થ્ય અથવા કીર્તિપ્રસારનો લાભ થાય તેને અત્ર કોઈ [illegible] ગણવામાં આવતું નથી. વસ્તુતઃ આત્મિક લાભ આ સ્થાનમાં કોઈ પણ પ્રકારનો થતો નથી. આ પ્રમાણે હકીકત હોવાથી દ્રવ્યયોગ અને ભાવયોગોની વચ્ચેનો તફાવત બરાબર ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે. કેવળ બાહ્ય ક્રિયા કરનાર યોગીઓ અથવા સાધુઓ અથવા જાતે ગમે તે હોય તેને દ્રવ્ય યોગી કહેવામાં આવે છે. ઉત્ક્રાન્તિક્રમમાં તેઓ પ્રથમ દૃષ્ટિમાં પણ આવેલા નથી એમ સમજવું. જ્યારે તત્ત્વબોધપૂર્વક ચય કરવામાં આવે અને સાધ્ય ઉપર જાગૃતિ [illegible] યોગ [illegible] વગેરે જે પ્રગટ થાય ત્યારે ભાવયોગની માત્ર શરૂઆત થાય છે.

૨. તારા

બીજી તારા દૃષ્ટિમાં યોગનું દ્વિતીય અંગ 'નિયમ' પ્રાપ્ત થાય છે. નિયમ પાંચ છે:-शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः શરીરની અને મનની શુદ્ધિ તે શૌચ, પ્રાણયાત્રાને નિભાવનાર પદાર્થો સિવાય અન્યની અસ્પૃહા તે સંતોષ, અનેક પ્રકારના તપ તેમજ સાથે ક્ષુધા પિપાસાદિ પરિષહ, સૂત્ર ગ્રંથ વિગેરેનું અધ્યયન તે સ્વાધ્યાય અને દેવગુરૂને નમસ્કાર કરવા અને આત્મતત્ત્વનુ ચિંતવન કરવું તે ઇશ્વરપ્રણિધાન. આ પાંચ નિયમો અહીં પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં બોધ ગોમયના અગ્નિના કણ જેવો હોય છે એટલે છાણાના અગ્નિનો કણ જેમ ગરમીમાં વધતો જાય છે અને થોડો વખત ટકે છે તેવા પ્રકારનો બોધ અહીં થાય છે. પ્રથમ દૃષ્ટિમાં તૃણના ભડકા જેવો બોધ કહ્યો તેનાથી અહીં વધારે બોધ થાય છે, પરતુ તે લાંબા કાળ સુધી ટકી રહે તેવો થતો નથી. પ્રથમ દૃષ્ટિમાં જેમ અદ્વેષ ગુણ પ્રાપ્ત થાય છે તેમ અહીં 'જિજ્ઞાસા' ગુણ પ્રાપ્ત થાય છે, એટલે તત્ત્વજ્ઞાન કરવાને માટે લાલસા અર્થાત્ મનમાં અભિલાષા ઉત્પન્ન થાય છે. જેવી રીતે બાળકને સારા સારા રમકડા ઘડિયાળ વિગેરે લેવાની બહુ હોંસ થાય છે અને નવું નવું જાણવાની પ્રબળ ઇચ્છા થાય છે તેવી રીતે અહીં પ્રાણીને તત્ત્વબોધ પ્રાપ્ત કરવાની પ્રબળ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. પ્રથમ દૃષ્ટિમાં જે શુભ કાર્યો કરવામાં અનુક્રમ થતા હતા તે અહીં વિશેષ સ્પષ્ટ રીતે થાય છે અને [illegible] કાર્ય સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના નિયમો આદરે છે. મનની [illegible] નિયત [illegible] અવસ્થામાં ટકી શકતી નથી. શુભ ઉપદેશના શ્રવણ વખતે જે શુભ વિચારો ઉત્પન્ન થાય છે તેવા સ્થાયી બની રહેતા નથી, તેટલા માટે એવા શુભ પ્રસંગે થયેલા વિચારોને કાયમ ટકાવી રાખવા માટે ખાસ જરૂરનું છે કે એવા વખતે થયેલા વિચારોને અને કરેલા નિર્ણયોને નિયમના આકારમાં ફેરવી નાખવા. જેને નવીન લોકો અમુક 'પ્રીન્સીપલ' કર્યો કહે છે તે આ નિયમ છે, માત્ર તે કરેલા નિયમોથી અતિક્રમણ થવા-સ્ખલન ન થાય, તે માટે તેના ઉપર દેવગુરૂનું સીલ મારવામાં આવે છે. પ્રથમ દૃષ્ટિમાન્ જીવને પણ નિયમો હોઈ શકે છે, પણ

યોગ નિયમ

તેના કરતાં અહીં સુસ્પષ્ટ રીતે નિયમો હોય છે. વળી પાંચમી દૃષ્ટિએ જે ત્યાગપૂર્વક વિરતિભાવના સમ્યગ્ જ્ઞાનપૂર્વક નિયમો કરવામાં આવે છે તેવા અહીં હોતા નથી, પરંતુ દ્રવ્ય નિયમો બહુ સારી રીતે અહીં પણ કરવામાં આવે છે અને તેથી યોગનું એક અતિ સુંદર અંગ અહીં પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીને યોગકથા ઉપર બહુ પ્રેમ આવે છે. એને રાજ્યકથાની કે સંસારી વાતો ઉપર આનંદ આવતો નથી, પણ કોઈ મનવચનકાયાના યોગોને કેવી રીતે વશ કરવા, કોણે વશ કર્યા, શા ઉપાયથી વશ કર્યા એવી એવી વાતો કરે છે ત્યારે તે સાંભળવાની આ પ્રાણીને બહુ રૂચિ થાય છે. જેવી રીતે પ્રાકૃત જીવોને સરીતું કથામાં અથવા બહુધા તો તદ્દન વિષયાનંદની કથામાં આનંદ આવે છે તેવી જ રીતે એવી કથાઓ ઉપર વિરાગ આવવા સાથે સમતાની, વૈરાગ્યની, રાગદ્વેષના જયની, મોહના નાશની અને એવી એવી યોગકથાઓ ઉપર આ પ્રાણીને બહુ આનંદ આવે છે અને એવી કથા કરનાર જે ખરેખરા યોગીઓ હોય છે તેના તરફ તેને બહુમાન પેદા થાય છે. પ્રથમ જેને તે ઢોંગીલા કે સાધુડા કહીને તિરસ્કાર કરતો હતો તેના તરફ હવે બહુ જ માનની લાગણીથી તે જુએ છે. વળી એવા યોગીઓનો યથાશક્તિ અન્નપાનાદિવડે ઉપચાર કરે છે, તેઓનો પોતાની ઉપર પરમ ઉપકાર છે એ વાત તેના મન બહુ સારી રીતે સમજે છે અને તેઓનો ઉપચાર કરવો તે પોતાની ફરજ સમજે છે. આવી રીતે ઉપચાર કરવાની [illegible] પોતાને અનેક પ્રકારના [illegible] પૂર્વક [illegible] [illegible] [illegible]

આયુષ્ય અને બુદ્ધિવૈભવ થોડાં છે તેથી શિષ્ટ પુરૂષો કહે તે પ્રમ
ાણ છે. શિષ્ટ એનું નામ કહેવાય કે જેમણે સંપૂર્ણ વિચાર ક
પરસ્પર વિરોધ ન આવે તેવી વાતો કરી

શિષ્ટ પ્રામાણ્ય.

અથવા તેવી વાત કરતા હોય. એ લક્ષણ પ્રમાં
શિષ્ટ પુરૂષોને શોધી કાઢી તેઓ જે વચન કહે તે પ્રમાણ કરે
એનામાં સરળપણું એટલું બધું આવી જાય છે કે જેવી રીતે
સોનું હોય તો તેને જેમ વાળીએ તેમ વળે છે તેની રીતે આની
કોઈ પણ હિતશિખામણ કહે તો તે બહુ સરળપણે આદરે છે અને
વાત જો શિષ્ટસમ્મત હોય તો તે પોતાને લાભ કરનાર જાણી અ
છે. આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી હઠ કદાગ્રહ છોડી દે છે, પર
સહિષ્ણુતા તેનામાં આવી જાય છે, પોતે શિષ્ટસમ્મત
ચાલે છે, પણ પોતાથી વિપરીત માર્ગે ચાલનાર ઉપર દ્વેષ
રાખતાં તેઓને બનતી રીતે સુમાર્ગપર લાવવા પ્રયત્ન કરે
અને તેમ કરતાં જો તે વળી ન શકે તો તેનાં કર્મ ગાઢ છે
વિચાર કરી પોતે વિરમી જાય છે, પણ તેને સાંસારિક કે શારી
નુકશાન કરવાનો વિચાર કરતો નથી. વળી પોતે સત્ય માર્ગની
માટે પોતાની જાતને ઉઘાડી રાખે છે અને પોતાનું તે સારૂં એ વા
બાજુ ઉપર રાખી કોઈ પણ પ્રકારના હઠ કદાગ્રહને ત્યાગી સારા
સત્યની-કલ્યાણમાર્ગની શોધમાં આગળ વધતો જાય છે. વળી
ઉપરાંત આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીનો ઉત્ક્રાન્તિક્રમ એટલો વધી
છે કે એ પ્રાણી પોતામાં ન હોય તેવા ગુણ હોવાનો દેખાવ કદિ
કરતો નથી. આવા ગુણ માટે માન લેવાની ક્ષણિક વૃત્તિ આ કાળ
કેટલી વધી ગયેલી છે તેનો ખ્યાલ કરનાર આ ઉત્ક્રાન્તિમાર્ગ
પોતાની કેટલી પ્રગતિ થાય છે તેનો વિચાર કરી શકશે. પ્રથમ દૃ
કરતાં આ બીજી દૃષ્ટિમાં ઉત્થાન દશા કેટલી આગળ વધે છે તે જોવા
આવ્યું હશે. અહીં તત્ત્વજિજ્ઞાસા થવા રૂપ [illegible] ઉપરનો ખ્ય
[illegible] છે અને તેટલા પૂરતી આત્મજાગ
વિશેષ થાય છે. જેટલે દરજ્જે આત્મજાગૃતિ વિશેષ થાય તેટલે અં
ઉત્ક્રાન્તિક્રમમાં વધારો થયો સમજવો.

૩. બલા દૃષ્ટિ.

ત્રીજી બલા દૃષ્ટિમાં આવેલું દર્શન કાંઈક વિશેષ દૃઢ થાય

અહીં સુધીમાં અંધીલેહની નજીક ચેતન આવી જાય છે તેથી હવે
તેની ઉત્ક્રાન્તિ બહુ સારી રીતે થાય છે. સંસારચક્રનાં અનેક પરાવર્તો-
માં તેને જે ખ્યાલ થયો ન હોય, જે વિચારો આવ્યા ન હોય, જેવું
માત્મિક બળ પ્રગટ થયેલું અનુભવ્યું ન હોય, તેના તેવા પ્રગટ ભાવો તે
વમાં અહીં સ્પષ્ટ રીતે જુએ છે. આ દૃષ્ટિમાં પ્રાણી જ્યારે વર્તતો
ાય છે ત્યારે તેનામાં એક એવા પ્રકારની સ્થિરતા આવી જાય છે કે
થી તેને અસત્ વસ્તુ ઉપર તૃષ્ણા થતી અટકી જાય છે. સામાન્ય
તે પૌદ્ગલિક પદાર્થો પ્રાપ્ત કરવા માટે આ જીવને બહુ તૃષ્ણા હોય
અને તે તૃષ્ણાને લઇને તે અનેક પ્રકારનાં દુઃખો સહન કરીને
વસ્તુપ્રાપ્તિ માટે પ્રયત્ન કર્યા કરે છે. પ્રાપ્તિ તો કર્માધીન છે
તૃષ્ણાને લીધે તે અનેક રીતે વલખાં મારે છે—આવા પ્રકારની
ા જેનું સ્વરૂપ અન્યત્ર બહુ વિસ્તારથી વિચાર્યું છે તે અહીં
ત્તિ પામી જાય છે અને તેથી તેનામાં પ્રકૃતિસૌમ્યતા એવી સારો
જાય છે કે તેને 'આસન' નામના ત્રીજા યોગાંગની પ્રાપ્તિ
છે. એ સર્વ યોગાંગનું સ્વરૂપ હવે પછી વિચારવાનું છે. પ્રથ-
બે દૃષ્ટિમાં જેમ અદ્વેષ અને જિજ્ઞાસા ગુણ પ્રાપ્ત થાય છે તે
સુ [illegible] પ્રમાણે અહીં 'શુશ્રૂષા' શ્રવણની ઇચ્છા—તત્ત્વશ્રવ-
ણેચ્છા અતિ સુંદર ઉત્પન્ન થાય છે. એની તત્ત્વ-
ચ્છા કેવી પ્રબળ હોય છે તેનું વ્યાવહારિક દૃષ્ટાંત આપતાં શ્રી
સૂરિ કહે છે કે બહુ સુંદર યુવાન પત્નીના સાથે પરિપૂર્ણ
વાળો સુખી પ્રાણી જેમ દિવ્ય ગાયન સાંભળવાની ઇચ્છા
ને તેના શ્રવણમાં તેને જેમ મજા પડે તેમ આ દૃષ્ટિમાં
જીવને તત્ત્વશ્રવણની ઇચ્છા પ્રબળ થાય છે અને તેમા
પડે છે. બીજી દૃષ્ટિમાં જે તત્ત્વની જિજ્ઞાસા થઈ હતી તે
ાધીને અહીં [illegible] બહુ [illegible] થાય છે. વિજ્ઞાન
ધીન [illegible] રાગ નવપરિણીત [illegible]
ર [illegible] શ્રવણ કરે, ઇત્યાદિ [illegible]
[illegible] કરે અને [illegible] આનંદ [illegible]
ન સાંભળવાની [illegible] જોરની [illegible] પ્રવીને
થાય છે તેમ [illegible] થયેલ. જીવને તત્ત્વશ્રવ-

ણીને તત્ત્વશ્રવણનો લાભ ન મળે તોપણ શુશ્રૂષા ગુણથી જ અનેક કર્મનો ક્ષય થાય છે અને એવા પ્રકારનો કર્મક્ષય થવો ષ્ટ બોધનું કારણ છે. શ્રવણ વગર આવો લાભ કેવી રીતે થાય સહજ પ્રશ્ન થશે, પરંતુ તેનો ઉત્તર વધુ સાદો છે. શ્રવણની કરવાથી શુભ પ્રવૃત્તિ જરૂર થાય છે અને તેથી શ્રવણ પ્રાપ્ત અંતરાય કરનાર કર્મનો નાશ થાય છે; એને પરિણામે માં આગળ વધતાં જરૂર શ્રવણ પ્રાપ્ત થાય છે. એ અતિ ની સ્થિતિ ઉત્પન્ન થવાનું કારણ શુશ્રૂષા ગુણ હોવાથી તે મહા લાભ કરનાર છે એમ કારણમાં કાર્યારોપ કરવાથી ય. સાધારણ રીતે તો ઘણાં વ્યાખ્યાનો સાંભળવામાં આવે હો શ્રવણ કરવામાં આવે છે, ઉપદેશો કર્ણપથપર આવી , પરંતુ તે શ્રવણથી જ્યાંસુધી મનમાં અસર ન થાય ર ઉલ્લાસ પામે નહિ ત્યાંસુધી બહેરા આગળ ગાન કરવા છે; તેથી અહીં શુશ્રૂષા-શ્રવણેચ્છા ઉત્પન્ન થાય લાભ કરનારી છે અને તે ઉન્નતિક્રમમાં આ જીવને રીતે આગળ વધારનારી થઈ પડે છે. આ દૃષ્ટિમાં એક ક્ન જાણવા જેવી ઉન્નતિક્રમમાં બને છે અને તે એ કાર્ય કરતા [illegible]. એમાં વિઘ્ન થતાં નથી એટલે ત શુભ [illegible] [illegible] રીતે પાર પડી જાય છે. ઘણા [illegible] [illegible] [illegible] પ્રત્યવાય આવતા અટકી પડે હીં બહુધ [illegible] થતો જ નથી અને કદિ થાય છે રણ [illegible] [illegible] પ્રાપ્ત થઈ જાય છે તેથી લાભ [illegible] [illegible] નથી [illegible] છે. અહીં કોઈ પણ પ્રતિબન્ધ થતો નથી એટલે ઉપકરણ કે બીજી કોઈ તિબન્ધ થતો નથી અને આવી રીતે [illegible] ગણી [illegible] [illegible] [illegible]. [illegible] ઉન્નતિક્રમ [illegible] [illegible] છે અને એ દૃષ્ટિમાં વર્તન [illegible] જાય છે [illegible] [illegible]. અહીં ઉન્નતિક્રમમાં થય છે અને એટલે વધારે થાય છે કે સમ્યગ્- [illegible] સ્પષ્ટ જણાય છે. [illegible] રીતે અમુક [illegible]

કાર્ય ઉપર એટલી બધી અરૂચિ થઈ જાય છે કે તે ધર્મને
ણ છોડે પણ ધર્મનો ત્યાગ કરતો નથી, કોઈ તેના પ્રાણ લે તો
ા કરે પણ ધર્મ છોડવાની અથવા ધર્મના નિયમો ઉલ્લંઘવાની
નહિ એવું દઢ વર્તન તેનું થઈ જાય છે. એ પોતે સમજી
કે પ્રાણ જશે તો ભવાન્તરમાં પણ ભાઈની પેઠે ધર્મ સાથે
છે અને ધર્મ જશે તો શરીર કાંઈ કામ આવવાનું નથી તેમ
સાથે આવવાનું પણ નથી, તેથી શરીર કરતાં પણ ધર્મની
દરકાર કરે છે. તત્ત્વશ્રવણ કરવા ઉપર તેને પ્રીતિ થાય છે
ા ખારા પાણીનો ત્યાગ કરી મધુર જળ ગ્રહણ કરવાથી
વેતર થઈ જાય છે તેવી રીતે યોગોત્થાન વગરજ તેનામાં
ઈ જાય છે અને તે ઉત્ક્રાન્તિમાં ઘણો આગળ વધી જાય
ાણીના જેવો અહીં ભવયોગ સમજવો અને તત્ત્વશ્રવણને
ધુર સમજવું. અહીં બીજના ક્ષેપણને લીધે ચેતનની
સ્પષ્ટ થાય છે. તેનું કલ્યાણ થય છે અને તે આગળ
છે. જો કે હજુ તેને સમ્યગ્જ્ઞાન પ્રણીધિપૂર્વક થયું નથી
મ બોધ હોતો નથી તો પણ ગુરૂભક્તિના સામર્થ્યથી તેને
હ લાગે છે અને [illegible] તેને સમાપત્તિ થતા તે સાધ્ય-
થઈ જાય છે અને [illegible] પોતની સ્થિતિ ભ[illegible]
ય એવ [illegible] પોતાની જાતને ચેતન મેરી હ
ા તા વેદ્યસંવેદ્ય પદ[illegible] થાય છે [illegible]
થી [illegible]
[illegible]
[illegible] વેદ્ય પદ [illegible]
[illegible]
વેદ્યસંવેદ્ય [illegible]

અંતઃપર્યંત પ્રાણીની વર્તના

મોટો તફાવત છે તે જણાશે. અવેદ્યસંવેદ્ય પદમાં મિથ્યાત્વ છે, બોધ ઉપર ઉપરનો છે, સંસાર ઉપર રૂચિ છે, પાપમાં આસક્તિ છે, ભવાભિનંદીપણું છે, સમારોપયુક્તતા છે. એ પ્રથમની ચાર દૃષ્ટિમાં વર્તતો પ્રાણી ક્ષુદ્ર (કૃપણ), યાંચાશીળ, દીન (ભવિષ્યમાં અકલ્યાણ થશે એવું બોલનારો), મત્સરી, બીકણ, માયાવી, મૂર્ખ અને સસારમાં આસક્ત હોય છે અને એ એવાં ઘણાં કાર્યો કરે છે કે જેનું વાસ્તવિક ફળ કાંઈ મળે નહિ. આવા પ્રકારના પ્રાણીને કદાચ બોધ થઈ જાય છે તોપણ તે સુંદર થતો નથી. જેવી રીતે વિષને સ્પર્શ કરેલું અન્ન નકામું થઈ જાય છે તેમ પુદ્ગળઆસક્ત પ્રાણીને બોધ થાય છે તોપણ તે નકામો થઈ જાય છે. આ પદમા રહેલો પ્રાણી વિપર્યાસ કર્યા કરે છે, હિતાહિત બરાબર સમજતો નથી, નકામો ખેદ પામે છે અને વર્તમાનદર્શી હોઇ દીર્ઘ દૃષ્ટિથી પોતાને લાભ કેમ, કેવી રીતે અને શાથી થાય તે જોઇ શકતો નથી. આવી સ્થિતિ હોવાથી જન્મ, જરા, મૃત્યુ, વ્યાધિ, રોગ, શોક વિગેરે ઉપદ્રવોથી ભરપૂર સસારને જોઇને પણ તેનાથી તે ઉદ્વેગ પામતો નથી, ઉલટો સસારને ચાટતો જાય છે; તે અકૃત્યને કૃત્ય સમજે છે, કૃત્યને કરતો નથી અને દુઃખને સુખની ઇચ્છાથી વહોરી લે છે. ખસ ખરજ થઇ હોય તેને ખણવાથી શાંતિ થતી નથી પણ તેના નાશથી શાંતિ થાય છે, ખણવાથી તો ખરજ વધે છે; પરતુ આ વાત પ્રથમની ચાર દૃષ્ટિમાં બરાબર સમજાતી નથી તેથી ખરજને તોડવા માટે ખણવાનો ઇલાજ શોધે છે પણ ખરજ ન જ આવે તેવો ઉપાય શોધવાનો વિચાર સમ્યગ્ બોધ વગર તેને થતો નથી. અનેક પ્રકારની પાપચેષ્ટા કરીને અનેક પ્રકારનું કર્મમાલિન્ય અવેદ્યસંવેદ્ય પદમાં વર્તતો પ્રાણી એકઠું કરે છે અને મનુષ્યજન્મનો લાભ લેવાને બદલે સંસાર વધારી મૂકે છે. જેમ માછલું આંકડામાં રહેલ માંસ ખાવાના લોભથી પ્રાણ ખોઈ બેસે છે તેવી રીતે અલ્પદૃષ્ટિવંત પ્રાણી અંધતામાં આસક્ત થઈ સંસારમાં રખડ્યા કરે છે, વિષયભોગ સેવવા ઇચ્છા રાખે છે, પણ મહા ભયકર ફળ આપનાર કર્મને જોઇ શકતો નથી. આવા અવેદ્યસંવેદ્ય પદને સત્સંગ અને આગમના યોગથી જીતી લેવું. આ ભૂમિકા પ્રાપ્ત કરીને

જરૂર અવેદ્યસંવેદ્ય પદપર વિજય મેળવી લેવો, નહિ તો તેનાપર જય થતો નથી અને પાછો સંસારમાં અધઃપાત થાય છે. યથાપ્રવૃત્તિકરણ સુધી આવીને ઘણા જીવો પાછા સંસારમાં પડી જાય છે અને સંસારમાં રખડ્યા કરે છે તેથી આ ચતુર્થ ભૂમિકા પ્રાપ્ત થતાં જ અવેદ્યસંવેદ્ય પદપર વિજય મેળવવાનો વિચાર જરૂર રાખવો અને તે માટે આત્મવીર્યની સ્ફુરણા કરવી. આ પદપર વિજય

કુતર્ક વિષમ ગ્રહ.

મેળવવાથી અનેક કુતર્કરૂપ વિષમ ગ્રહુપર વિજય મળે છે. કુતર્કનો ગ્રહ આ પ્રાણીને એટલો આકરો લાગેલો છે અને ખાસ કરીને આ વર્તમાન સમયમાં તેનાથી બચવાની એટલી બધી જરૂર છે કે તેને માટે ખાસ ચેતવણી આપવી એ અપ્રાસંગિક નહિ ગણાય. ઘણી વખત શાબ્દિક લડાઈ એટલી ચાલે છે કે મૂળ હેતુનો નાશ થતો જોવામાં આવે છે. જૈન શાસ્ત્રકાર કહે છે કે "તમે સર્વ વાત હૃદયપૂર્વક સમજીને વિચારો પણ કુતર્ક કરશો નહિ, તમે પ્રથમ પરીક્ષા કરો કે તમારા ગુરૂ શુદ્ધ છે કે નહિ, તેઓએ બતાવેલ માર્ગ તમને ન્યાયદૃષ્ટિથી નૈતિકદૃષ્ટિથી ઉચિત લાગે છે કે નહિ. તેઓના કહેલ. દ્રવ્યાનુયોગના સ્વરૂપમાં કોઈ પણ જગ્યાએ વિરોધ છે કે નહિ આ પ્રમાણે શોધ કરી તેઓના શિષ્યત્વનો નિર્ણય કરી પછી તમે તેઓના [illegible] આદર કરો. જ્યાં તમારી નજર ન પહોંચી શકે, [illegible] પ્રવેશ ન કરી શકે તેવા અતીન્દ્રિય [illegible]

અને સંસારમાં પાત કરાવનાર છે. અતીંદ્રિય વિષયમાં શુષ્ક તર્કથી કામ થતું નથી, એને માટે અનુમાન કરવાની શક્તિ, આગમનો સારી રીતે અભ્યાસ અને યોગાભ્યાસમાં રસ એ ત્રણ મુદ્દાની બાબતોની ખાસ જરૂર છે. એ ત્રણ બાબતની જ્યાં સંપ્રાપ્તિ થાય છે ત્યાં સ્થૂળ દૃષ્ટિથી ન સમજાય તેવા પદાર્થોનો પણ બોધ થાય છે, પણ એકાન્ત દૃષ્ટિથી માત્ર શુષ્ક તર્ક કરવામાં આવે તો વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ એવા વિષયોમાં થતી નથી. વિશિષ્ટ આગમનું જ્ઞાન કરવા માટે સર્વજ્ઞની ભક્તિ ચિત્ર પ્રકારથી કરવાની આવશ્યકતા છે. જેમ રાજાના આશ્રિત દૂર અથવા નજીક વસનારા સર્વ તેના દાસ કહેવાય છે તેમ સર્વજ્ઞ શાસ્ત્રને બનાવનાર સર્વજ્ઞના દાસ કહેવાય છે. અનેક સાંસારિક દેવોની વિચિત્ર ભક્તિનો માર્ગ મૂકીને શમપ્રધાન ચિત્ર ભક્તિ સર્વજ્ઞની કરવાથી તેમણે બતાવેલા અતીન્દ્રિય વિષયનું સૂક્ષ્મ જ્ઞાન થાય છે અને તેમ થાય છે ત્યારે વેદ્ય-સંવેદ્ય પદની પ્રાપ્તિ થાય છે. વિચિત્ર પ્રકારની સેવામાં અનુષ્ઠાન તો લગભગ સરખું જ હોય છે તેમ માલ્ય ધૂપ વિગેરે જે ભેદથી ભક્તિ કરવામાં આવે છે તેથી જ [illegible] ની થાય છે પણ આશય જૂદા પ્રકારનો [illegible] હોવાનું રહે છે. જેમ એકજ [illegible] અને જૂદા જૂદા પદાર્થો [illegible] પ્રકારની સેવા પણ [illegible] છે. અહીં જૂદા જૂદા [illegible] ભેદ થઈ શકે છે. બુદ્ધિ, જ્ઞાન અને [illegible] બોધ થાય [illegible] બુદ્ધિજન્ય, આગમાનુસાર બોધ થાય તે જ્ઞાનજન્ય [illegible] જેમ કે રત્નની પ્રાપ્તિ તે બુદ્ધિનો વિષય છે, તેનું જ્ઞાન તે જ્ઞાનજન્ય છે અને જ્ઞાનાનુસાર તેની પ્રાપ્તિ થયા પછી વ્યવસ્થા કરવી, કિંમત આંકવી અને [illegible] વેચવું વિગેરે તે [illegible]જન્ય છે. શુભ ક્રિયા તરફ આદર, કરવામાં પ્રીતિ, વિઘ્નનો નાશ, [illegible] જિજ્ઞાસા અને [illegible] ને [illegible] અનુષ્ઠાન કહેવાય છે. આમાં પ્રથમ ભેદ-બુદ્ધિપૂર્વક કર્મ કરવામાં આવે છે તે સંસારફળ આપનાર થાય છે, જ્ઞાનપૂર્વક

કર્મ થાય છે તે મુક્તિનું અંગ છે, માર્ગપર લઈ આવી મોક્ષ તર
પ્રયાણ કરાવનાર છે અને અસંમોહ વૃત્તિથી કર્મ થાય છે તે અતિ
વિશુદ્ધ હોવાથી તત્કાળ નિર્વાણ-સાધ્યસ્થાન પ્રાપ્ત કરાવનાર થાય
છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં વર્તતા પ્રાણીઓ અતીંદ્રિય વિષયમાં સત્ય
હકીકત બનાવી શકતા નથી, એવી બાબતનું જ્ઞાન યોગીજ્ઞાન વગર
થઈ શકતું નથી. ભર્તૃહરિ જેવા વિદ્વાનો પણ કહી ગયા છે કે એવા
અતીંદ્રિય વિષયમાં એકલો શુષ્કવાદ ચાલતો નથી, હેતુવાદપૂર્વક
દીર્ઘ કાળ સુધી વિચાર કરે ત્યારે કાંઈક નિશ્ચયાત્મક જ્ઞાન થઈ શકે
છે. આ પ્રમાણે હોવાથી એકલા કુતર્ક ઉપર આધાર રાખી અતીંદ્રિય
વિષયમાં ચર્ચા કરવા કરવા સારી રીતે બોધ કરવો અને કાંઈક વિશેષ
જ્ઞાન થાય ત્યારે હેતુવાદની સુંદર ચર્ચા કરવી કે જેથી તેનું કાંઈ
યોગ્ય ફળ બેસે.

આ ચાર દૃષ્ટિ સુધી ઓછે વધતે દરજ્જે અભિનિવેશ હોય છે,

ચાર દૃષ્ટિના બોધનો પ્રકાર.

કાં તો પોતાની માન્યતા સત્ય છે એમ માનીને ચાલ-
વામાં આવે છે, કાં તો શિષ્ટ પુરૂષની યોગ્ય પરીક્ષા
કર્યા વગર ગમે તેને અનુસરવામાં આવે છે, કાં તો
સૂક્ષ્મ બોધ વગર એકલા તર્કથી અનાસ્થા ઉત્પન્ન
કરવામાં આવે છે આવા અવેદ્યસંવેદ્ય પદમાં વર્તતા જીવો જ્યારે
પોતાની ભવસ્થિતિ પરિપક્વ થાય છે ત્યારે સૂક્ષ્મ બોધ પ્રાપ્ત કરી
વેદ્યસંવેદ્ય પદ પામે છે

સાગરોપમની સ્થિતિ હોય છે તેમાંથી સર્વ સ્થિતિ ખપાવી દઈ બાકી એક કોડાકોડિ સાગરોપમની સ્થિતિમાંથી કાંઈક ઓછી રાખે એવા ઉદાસી પરિણામને 'યથાપ્રવૃત્તિ' કરણ કહેવામાં આવે છે. આવી સ્થિતિ મિથ્યાત્વ દશામાં વર્તતા જીવ અનંતવાર કરે છે. ત્યાર પછી અનંતાનુબંધી કષાયની ચોકડી ખપાવવા જ્ઞાનને આદરવા અને અજ્ઞાનને ત્યાગવા જે પ્રયાસ થાય છે તે સ્થિતિને અપૂર્વકરણ કહે છે. એ અંતર્મુહૂર્ત સ્થિતિને ખપાવી દે તે વખતે મહાતીવ્ર કષાય (અનન્તાનુબંધી)ની ચોકડીનો નાશ થાય છે અને તે સ્થિતિને ગ્રંથીભેદ કર્યો કહેવામાં આવે છે. આ ગ્રંથીભેદ તે અનાદિ મિથ્યાત્વની ગાંઠને છેદવા રૂપ સમજવો અને તે સ્થિતિ પ્રાપ્ત થતાંજ ત્રીજું અનિવૃત્તિકરણ થાય છે અને પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, સાધ્યનું સ્પષ્ટ દર્શન થાય છે અને તે સ્થિતિ પ્રાપ્ત થયા પછી સંસારની મર્યાદા બંધાઈ જાય છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં વર્તતા જીવને આ સ્થિતિ પ્રાપ્ત થવાની ભજના છે, પાંચમી સ્થિરા દૃષ્ટિ જેનાપર હવે વિવેચન કરવાનું છે તે પ્રાપ્ત થાય ત્યારે ચોક્કસ સમ્યક્ બોધ થાય છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં કેવા કિલષ્ટ પરિણામ વર્તતા હોય છે તે તો આપણે ઉપર જોઈ ગયા છીએ. એવા અતિ ઉદાત્ત સમ્યક્ત્વસામીપ્ય દશામાં આવવાની જો પોતાની યોગ્યતા થઈ છે એમ લાગતું હોય તોજ પોતામાં સમ્યક્ત્વ હોવા નો બનાવ પણ માની શકાય. ઘણાખરા પોતામાં સમ્યક્ત્વ હોવાનો ખ્યાલ કરે છે તેને સમ્યક્ત્વનો તદ્દન સામાન્ય વિચાર હોવાથી તેઓ બહુધા આત્મવંચના કરે છે એ ચાર દૃષ્ટિનું સ્વરૂપ વાંચવાથીજ સમજાઈ ગયું હશે.

વર્તનનું મહત્ત્વ.

આ ગ્રંથીભેદ એ જીવનપર્યટનમાં અથવા સંસારયાત્રામાં અતિ અગત્યનો વિષય છે તેથી તેનો આન્તર ભાવ સમજવા બહુ પ્રયાસ કરવાની જરૂર છે. સામાન્ય રીતે એ અતિ પરિવર્તન કરાવનાર સ્થિતિનો ખ્યાલ પણ આવવો મુશ્કેલ છે. ગ્રંથીભેદ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી આ જીવની વર્તનામાં એટલો મોટો ફેરફાર થઈ જાય છે કે તેનું વિવેચન કરવું હવે આવશ્યક ગણાશે અને તેપર હવે વિચાર થશે. ચરમ પુદ્ગલાવર્તમાં જ્યારે ચેતન વર્તતો હોય છે ત્યારે તેને પ્રથમની ચાર દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને ગ્રંથીભેદ કર્યા પછી તો અર્ધ-

પુદ્‌ગળપરાવર્તના કાળની અંદર જરૂર મુક્તિ થાય છે, સર્વ
યત્નાથી નિવૃત્તિ થાય છે અને પરમ આત્માનંદમાં વિલાસ
છે. આ ગ્રંથીભેદ કર્યો પછી કેટલાક ઉત્તમ આત્માઓની ઉન્નતિ
એટલી જલદી થાય છે કે અન્તર્મુહૂર્ત જેટલા વખતમાં તેઓ સ
પ્રાપ્ત કરે છે અને કેટલાકની મંદ પ્રગતિ થાય છે; પરંતુ એટલું
નિશ્ચય છે કે એકવાર ગ્રંથીભેદ થયો એટલે વહેલું મોડું છેવટ
પુદ્‌ગળપરાવર્તની અંદર તો સાધ્યસ્થાન પ્રાપ્ત થવાનું ખરૂં જ.
પ્રમાણે હોવાથી ગ્રંથીભેદ એ અતિ અગત્યની બાબત ગણવામાં
છે. ગ્રંથીભેદ થયા પછી સમ્યક્ત્વ થાય તેને કેટલાક જીવો વમી
નાખે છે અને પાછા અપક્રાન્તિ પામી સંસારમાં ઉતરી જાય છે,
આટલી દશા પ્રાપ્ત કરી પાછો પડી ગયેલો ચેતન કેટલીક
વખતે પાછો ઉન્નત થઈ પૂર્વ સ્થિતિપર જરૂર આવી જાય છે
પ્રગતિ કરે છે. જૈનના ઉત્ક્રાન્તિમાર્ગ Theory of Evolution
એક ખાસ નોંધી લેવા જેવી બાબત એ છે કે ઉત્ક્રાન્તિ પા
જીવ તેજ દશામાં રહે છે અથવા તેથી આગળ વધે જાય
એટલુંજ નહિ પણ અધમ આચરણ કરે તો તે પાછો નીચે
ઉતરી જાય છે. ટુંકામાં એને ઉત્ક્રાન્તિ અપક્રાન્તિવાદ અથવા The
of Evolution and Involution of Soul કહી શકાય.

આ અતિ અગત્યની પ્રસ્તુત બાબત ઉપર વિચાર કરી
આપણે પાંચમી દૃષ્ટિપર વિચાર કરીએ. અહીં
[illegible] જણાવવું અગત્યનું થઈ પડશે કે આ દૃષ્ટિ
કરનાર જીવ [illegible] સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે
તેની મનોભાવના અને વર્તનમાં અને પ્રાકૃત પ્રવૃત્તિઓના વર્ત
વિચારમાં અને ઉચ્ચારમાં મોટો તફાવત પડી જાય છે. એ વર્ત
[illegible] જુદો—જેવા કે [illegible] વિનય, દાક્ષિણ્ય, દયા,
અને [illegible] વિગેરે તો તેનામાં પ્રથમની ચાર દૃષ્ટિમાં આવી જાય
એટલે કે [illegible] [illegible] [illegible] અથવા સદ્ગુરુ તો તે
[illegible] તે [illegible] [illegible] આવી જાય છે. તેવી [illegible]
[illegible] [illegible] ને [illegible] [illegible] કેમ હોવાની જરૂર
છતાં એટલું જણાવવું જોઈએ કે એવા સદ્ગુરુ ને તેનામાં સ

હોય છતાં તે સમ્યક્ત્વવાન્ હોય કિંવા ન હોય, પણ જેઓ નીતિના ઊંચામાં ઊંચા નિયમો પાળતા ન હોય તેનામાં સર્વજ્ઞકથિત સમ્યક્ત્વનો સદ્ભાવ હોવો અસંભવિત છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તેનામાં ઉચ્ચ સદ્ગુણો અવશ્ય હોવા જોઈએ. અતિ ઉચ્ચ નીતિના નિયમો પાળનાર પ્રાણી જ ભગવાનના સમ્યક્ત્વનો અધિકારી થઈ શકે છે એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે, કારણ કે શ્રદ્ધાનને અંગે વર્તનનો નિયમ થઈ જાય છે. પોતામાં સમ્યક્ત્વનું અસ્તિત્વ માનનારનું ઢંગધડા વગરનું વર્તન જોઈ તેઓની માન્યતા ઉપર ખેદ થાય તો તેમાં આશ્ચર્ય જેવું નથી. સમ્યક્ત્વ ઉચ્ચ સદ્ગુણો વગર હોઈ શકે અથવા ટકી શકે એમ માનવું એ ધૃષ્ટતા છે. જો કે સમ્યક્ત્વ તે શુદ્ધ શ્રદ્ધાન છે પરંતુ ત્યાં ઉત્તમ ગુણોનો બહુધા સદ્ભાવ હોવાનો સંભવ છે. તેમ હોય તો જ સમ્યક્ત્વ વિશેષ ટકી પણ શકે છે, નહીં તો સમકિતથી ચ્યુત થતા વાર લાગતી નથી.

ધર્મસંન્યાસ પ્રાપ્તિ.

ચતુર્થ દૃષ્ટિને છેડે 'ધર્મસંન્યાસ' પ્રાપ્ત થાય છે. એ ધર્મસંન્યાસ સામર્થ્યયોગનો એક ભેદ છે અને તેનાપર હવે પછી વિચાર કરવામાં આવશે. અત્ર તે બાબત ઉપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે. તત્ત્વથી ધર્મસંન્યાસ તો આઠમા ગુણસ્થાનકના કાળમાં અને સામાન્ય રીતે છઠ્ઠા ગુણસ્થાનકની શરૂઆતમાં લબ્ધ થાય છે. અહીં ધર્મસંન્યાસની ઉપલબ્ધિ થાય છે તે અજ્ઞાનાવરણના ક્ષયોપશમને ઉપલક્ષીને થવી સંભવે છે.

૫. સ્થિરા દૃષ્ટિ.

પાંચમી સ્થિરા દૃષ્ટિમાં તત્ત્વબોધ રત્નપ્રભા તુલ્ય હોય છે. જેટલો બોધ થાય છે તેટલો દીર્ઘ કાળ [illegible] [illegible] રહે છે જો કે તદ્દન શુદ્ધ હોઈ શકતો નથી. રત્નમાં જેમ કાંઈ મેલ હોય છે તેમ હજુ તેમાં એકાન્ત શુદ્ધિ હોતી નથી, પણ પ્રથમની ચાર દૃષ્ટિમાં જે ઉપર ઉપરનો બોધ હતો તે કરતા અહીં બહુ સ્થિર બોધ થાય છે અને અજ્ઞાનગ્રંથીનો ભેદ થવાથી ચેતનને અહીં આત્માનું સાક્ષાત્કાર થાય છે. વળી અત્યાર સુધી એને તત્ત્વજ્ઞાનમાં તેમજ સર્વજ્ઞની સિદ્ધતા વિષયમાં કાંઈક શંકા થયા કરતી હતી તે અત્ર વિરમી જાય છે અને

બોધ સમ્યક્ પ્રકારનો અને સૂક્ષ્મ થાય છે. અત્યાર સુધી આ ચેતનની પ્રવૃત્તિ ઇંદ્રિયાર્થમાં પશુપ્રાય હતી, વિષયમાં તેને આસક્તિ હતી અને પુદ્ગળમાં લોલુપતા હતી તે અત્ર ઘટી જાય છે અને તેની દેવી પ્રકૃતિનો વિજય થાય છે. વિષયવિકારમાં ઇંદ્રિયને ન જોડવારૂપ પ્રત્યાહાર નામનું યોગનું અંગ અહીં પ્રાપ્ત થાય છે. પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયો છે તેમાં ઇંદ્રિયોને ન જોડતાં સ્વચિત્ત સ્વરૂપાનુસારી તેને બનાવી દેવી તેનું નામ પ્રત્યાહાર; એ તેનો મૂળ અર્થ છે અને તે યોગાંગ અહીં ચેતનને પ્રાપ્ત થાય છે. ચેતન અહીં સૂક્ષ્મ બોધ ગુણ પ્રાપ્ત કરે છે એટલે ચતુર્થ દૃષ્ટિ સુધી અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા અને શ્રવણ થયું હતું, તેને અંગે અહીં સૂક્ષ્મ બોધ ઉત્પન્ન થાય છે. વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત થવાથી આવું સુંદર પરિણામ આવે છે એમ સમજી લેવું. સામાન્ય રીતે એની ચર્યા પણ એવા પ્રકારની થઈ જાય છે કે તેને અતિચારદોષ બહુ અલ્પ લાગે છે; વિચાર કરીને ચાલનારની ચર્યા પ્રાયઃ પાપ વગરની હોય છે. જેમ નાનાં બાળકો ધૂળનાં ઘર બનાવે અથવા ગંજીપાનાં નાનાં ઘર બનાવે તેવી આ સંસારની ક્રીડા તેને લાગે છે. તેને એમ જણાય છે કે સંસારચક્રમાં ફરતાં આ પ્રાણી ભવભવમાં નવાં નવાં ઘર માંડે છે, તેમ અનેક પ્રકારની રચનાઓ કરે છે અને તેને ઘરનું ઘર માને છે—એ તો બાળકની ક્રીડા જેવું છે, બાળચપળતા છે. વિચારતાં મનમાં હસવું આવે તેવી તે બાબત છે અહો

ઇંદ્રિય વિષયો પર વિજય

લોકમાં પરમ તત્ત્વ છે અને બાકી સર્વ હેરાન કરનાર દુઃખમય છે અને વસ્તુતઃ ત્યાજ્ય છે. આવી રીતે વિવેકજ્ઞાન પ્રાપ્ત થવાથી સુજ્ઞ થયેલ ચેતન પ્રત્યાહારમાં ચિત્તને પરોવીને ધર્મમાં બાધા કરનાર બાબતોનો પરિત્યાગ કરવા માટે પ્રયત્ન કરે છે; તે સમજે છે કે ધનલક્ષ્મી એ વસ્તુતઃ લક્ષ્મી નથી અને બુદ્ધિમાનને તેમાં આનંદ આવતો પણ નથી અને ભોગનો વિસ્તાર તો પાપી મિત્ર છે, સુજ્ઞ મિત્ર તરીકે સાચી સલાહ આપી સુખ અપાવનાર નથી. તેનામાં ઉન્નત દશા એટલી વધી ગયેલી હોય છે કે તે સમજે છે કે ધર્મથી જે ભોગપ્રાપ્તિ થાય છે તેનો ભોગ ભોગવતાં તે પણ સંસારવૃદ્ધિ માટે જ થાય છે. તે સમજે છે કે પુણ્ય સુવર્ણશૃંખલા છે અને તેથી ચંદન જેવા શીતળ પદાર્થથી ઉત્પન્ન થયેલ અગ્નિ જેમ આખા વનને બાળી નાખે છે તેમ ધર્મજનિત સુખ પણ જો તેમાં આસક્ત થવાય તો સંસાર વધારી કર્મશ્રેણિને વિસ્તારી મૂકે છે. આ પ્રમાણે તે સમજતો હોવાથી ધર્મજનિત ભોગની પણ તે ઇચ્છા રાખતો નથી અને આવા વિશુદ્ધ વિચારોને લીધે તે ધાર્મિક કાર્ય કરે છે તેમાં પણ ઐહિક ફળની ઇચ્છા રાખતો નથી. આવી રીતે નિરાશી ભાવે કરેલ શુભ કાર્યો કર્મની સદા નિર્જરાનું કારણ થાય છે. આવી રીતે ભોગની ઇચ્છાથી વિરતિ થાય છે અને ત્યાગ ગુણપૂર્વક રીતે સમજણપૂર્વક થાય છે. અહીંથી તેના અવિનાશી ભાવપ્રાકટ્યની શરૂઆત થાય છે અને કહ્યું છે કે તેનામાં [illegible] ગુણની [illegible] થવાની શરૂઆત જ થયેલી હોય છે [illegible] અવલોકન કરનાર સારી રીતે જોઈ શકે [illegible] [illegible] જે કેટલાક સુંદર ગુણો [illegible] તેનામાં [illegible] [illegible] પ્રાપ્ત કરે [illegible] તેનામાં [illegible] નાશ પામે [illegible], [illegible] ગુણવૃદ્ધિ પામે છે, [illegible] શરીર પ્રાપ્ત કરે છે, [illegible] દૂર થાય છે, તેમ જ તેના શરીરનાં [illegible] થઈ જાય છે, તેના શરીરમાં સુગંધી પ્રસરે છે, તેનામાં [illegible] સારી રીતે દેખાય છે, તેની [illegible] પ્રસન્ન મૂર્તિ સર્વને આકર્ષક થઈ પડે છે, તેનો સ્વર સુંદર થઈ જાય છે, તે અનેક પ્રકારે ધર્મનો પ્રભાવ પ્રકટ કરે એવી સારી સ્થિ-

તેમાં મૂકાઈ જાય છે, જનપ્રિય થઈ જાય છે અને તેનામાં મહાબુદ્ધિ ઉત્પન્ન થાય છે-વિગેરે વિગેરે અનેક શુભ ગુણો અથવા સંયોગો તેને પ્રાપ્ત થઈ આવે છે. ઉત્ક્રાંતિક્રમપર ચડેલી તેની ચેતનામાં આવા શુભ સંયોગો સ્વાભાવિક રીતે જ જાગ્રત થઈ જાય છે, તે કાંઈ કરવાની ઇચ્છા રાખતોજ નથી, પરંતુ શુભ વર્તન કરનારના વિકસિત આત્માઓ આવા મહાન્ સામ્રાજ્યમાં ઉડ્ડયન કરે ત્યારે તેને કોઈપણ

શુભ સંયોગોની સ્વતઃ પ્રાપ્તિ.

પ્રકારની ઇચ્છા વગર પણ શુભ અનુકૂળ સંયોગો જરૂર પ્રાપ્ત થઈ જાય છે. પાંચમી દૃષ્ટિમાં ચેતન એટલો વિકાસ પામી જાય છે કે ચોથી દૃષ્ટિમાં અને એના વિકાસમાં મોટો આંતરો સ્પષ્ટ જણાઈ આવે છે. હવે અહીં ભેદજ્ઞાનની પ્રાપ્તિ થવાથી, ગ્રંથીનો ભેદ થવાથી અને શુભ વાસનાનાં સાધનો પ્રાપ્ત થયેલાં હોવાથી જો તે પ્રાપ્ત થયેલી જોગવાઈનો લાભ લઈ ચેતનજીને પ્રગતિ કરાવે તો તેનો માર્ગ સરીઆમ સીધો છે અને જો વળી વિષય કષાયાદિ વિભાવોમાં ફસાઈ લપસી પડે તો વળી રખડી પડે છે. આવી રીતે જે પ્રાણી સાંસારિક ભાવોમાં આસક્ત ન થતાં ચેતનને વિકસ્વર રાખે છે અને આગળ વૃદ્ધિ કરે છે તેઓ છઠ્ઠી દૃષ્ટિ પ્રાપ્ત કરે છે. એ છઠ્ઠી દૃષ્ટિમાં ચેતનના ભાવ કેવા થાય છે અને તેની પ્રગતિમાં કેવો અને કેટલો વધારો થાય છે તે હવે વિચારીએ.

૬. તારા દૃષ્ટિ.

છઠ્ઠી તારા દૃષ્ટિમાં ચેતન આવે છે તે પહેલાં તેનામાં યોગની સિદ્ધિઓ સારી રીતે પ્રાપ્ત થઈ ગઈ હોય છે, પણ તેમાં પ્રાણી રાચી ન જતાં આગળ પ્રગતિ કરે છે. અહીં પ્રાણીને ધારણા નામનું યોગનું અંગ પ્રાપ્ત થાય છે. અમુક વસ્તુના એક વિભાગ ઉપર ચિત્તની સ્થિરતા કરવી તેને ધારણા કહેવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ દૃષ્ટિ પ્રાપ્ત થતાં ચેતન ચિત્તની ચપળતા ઓછી થાય છે અને તે મનને [illegible] કરી શકે છે મનને જ્યાં ત્યાં રખડવાની ટેવ હોય છે તે [illegible] થવા માંડે છે. ચિત્તની અસ્તવ્યસ્ત [illegible] અશુભ કર્મોને [illegible] કરનાર છે તે ચેતનનું [illegible] મન અસ્તવ્યસ્ત [illegible] થવાથી [illegible] કરાય છે તે [illegible] થતા નથી, [illegible] કે

કર્મની ચીકણાશનો-રસનો મનોયોગ ઉપર બહુ આધાર છે. વળી અહીં ચેતનને મીમાંસા ગુણ પ્રાપ્ત થાય છે અને તેથી સદ્વિચારશ્રેણિ બહુ સારી રીતે પ્રાપ્ત થાય છે અને તેથી નકામા અસ્વસ્થ વિચારો ઉપર અંકુશ આવી જાય છે. આ મીમાંસા ગુણ બહુ લાભ કરનાર થાય છે કારણ કે તત્ત્વશ્રવણને અંગે યથેચ્છ સ્થિરતા ગુણ સાથે જ્યારે શુભ વિચારશ્રેણિ ચાલવા માંડે છે ત્યારે પછી પ્રગતિમાં એકદમ બહુ સારી રીતે વધારો થતો જાય છે.

મીમાંસા ગુણ.

આ દૃષ્ટિમાં બોધ તારાની પ્રભા જેવો હોય છે એટલે તારાની પ્રભા જેમ એકસરખો પ્રકાશ આપે છે તેમ આ દૃષ્ટિમાન્ પ્રાણીને બોધનો પ્રકાશ [illegible] હોય છે; જેમ તૃણ ગોમય આદિનો પ્રકાશ ઝબક ઝબક થાય છે તેવું આ પ્રકાશમાં અસ્થિરત્વ નથી, પણ એકસરખો સ્થિર પ્રકાશ ચાલ્યો આવે છે. અલબત્ત, એ પ્રકાશ ચંદ્ર કે સૂર્યના પ્રકાશ જેટલો તેજસ્વી નથી પણ તેવો સંપૂર્ણ પ્રકાશ પામવાના આદિ સ્વરૂપે આ સ્થિર પ્રકાશ નાના રૂપમાં પ્રાપ્ત થાય છે. અહીં તારાનો પ્રકાશ કેવો થાય છે તેનું સ્વરૂપ બતાવતાં હરિભદ્રસૂરિ કહે છે કે 'આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીનું પ્રકૃતિથી જ નિરતિચાર ચારિત્ર હોય છે, અનુષ્ઠાન શુદ્ધ હોય છે, પ્રમાદ રહિત વર્તન હોય છે, [illegible] શુભ વસ્તુમાં વિનિયોગ થાય છે અને આશય [illegible] આ દૃષ્ટિમાં કહેલો બોધ વધારે થઈ જાય છે [illegible] આવવામાં [illegible] નથી [illegible] થાય છે [illegible] વિચા[illegible] કીધે, [illegible] ન આવ્યા. તે [illegible] ત્યારે [illegible] પ્રસાદ હોતો નથી [illegible] અનુમાન કરી શકાય છે. અહુષ્ઠા[illegible] આ દૃષ્ટિમાં [illegible] ગુણ [illegible] ગુણસ્થાનક સુધી પહોંચેલો હોય છે. [illegible] પદની પ્રાપ્તિ [illegible] થયા [illegible] કે [illegible] ઉત્તરોત્તર પ્રાણી આગળ પ્રગતિ કરતો જાય છે. આ [illegible] થયા પછી તે ધર્મનિયમ કરે છે અને પ્રથમ દેશથી તેનો આદર કરે છે અને પછી સર્વથી આચરણ કરી વિશુદ્ધ થાય છે. પ્રથમ દેશથી આદરવા તેને દેશવિરતિ ગુણ અને

સર્વથા આદરવા તેને સર્વવિરતિ ગુણ કહે છે. પ્રથમ અને દ્વિતીય દૃષ્ટિમાં જે યમનિયમ થાય છે તે ઓઘે સમજવા. અહીં પ્રથમ દૃષ્ટિમાં સમ્યગ જ્ઞાનપૂર્વક જે યમનિયમ થાય છે તે અતિ વિશુદ્ધ સમજવા. એ યમનિયમના આચરણથી જે પ્રાણિને દેશવિરતિ સર્વવિરતિ ગુણ પ્રાપ્ત થાય છે તેને પંચમ અને છઠ્ઠું ગુણસ્થાનક અનુક્રમે હોય છે અને જ્યારે તેને સર્વવિરતિ પાળવામાં વર્તતા અપ્રમાદ ગુણ પ્રાપ્ત થાય છે એટલે ઇંદ્રિય સંયમ આદિ વિશિષ્ટ ગુણોમાં સર્વથા તત્પરતા થાય છે ત્યારે સપ્તમ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. આ છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં જ્યારે પ્રાણી આવે છે ત્યારે તે સાતમા ગુણસ્થાનકમાં વર્તે છે. આ દૃષ્ટિમાં વર્તતા પુદ્ગલસંગનો બહુ વિશિષ્ટ રીતે ત્યાગ થાય છે અને ચેતનને બહુધા પૌદ્ગલિક બાબતમાં રસ આવતો જ નથી. એને મીમાંસા-સદ્વિચારણાનો યોગ સારી રીતે થયેલો હોવાથી એના આત્મીય બાબતનું જ ચિંતવન થયા કરે છે અને એ સ્થૂળ-પૌદ્ગલિક બાબતને અન્ય પણ વિશેષ [illegible] કરતો નથી. તાત્પર્ય એ છે કે એમ [illegible] વિષે [illegible] બાબતનો જ [illegible] કર્યા કરે છે.

[illegible]

નિમિત્તનો લાભ.

તેથી તે ભોગસેવન કરતાં છતાં પણ પ્રગતિ કરતો જાય છે. શુભ પુણ્યોદયજન્ય ભોગોના આસેવન વખતે વળી તે શુભ ક્રિયાઓ કરી વિશુદ્ધ નિમિત્તો એકઠાં કરી તે સાધનોને ઇષ્ટ સાધ્યપ્રાપ્તિમાં પ્રગતિ કરાવનાર તરીકે ફેરવી નાખે છે. આવી રીતે શુભ પુણ્યોદય વખતે પ્રાકૃત મનુષ્યો જ્યારે આકરાં કર્મ બાંધે છે ત્યારે આ પ્રજ્ઞાવાન્ દૃષ્ટિમાન્ મહાત્મા કર્મની નિર્જરા કરી આગળ પ્રગતિ કરે છે. એકને એક જ ક્રિયા આવી રીતે જુદા જુદા મનુષ્ય પરત્વે સારા અને ખરાબ ફળ આપનારી થઈ શકે છે એ વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે. કર્મનો બંધ ચિત્તની વૃત્તિ ઉપર-આત્મીય વર્તના ઉપર આધાર રાખે છે. શાસ્ત્રકાર સદાચારને વિધેય એટલા માટે બતાવે છે કે એ ચિત્તવૃત્તિને નિર્મળ કરનાર છે. દરેક કાર્યનું આત્મિક પ્રગતિને અંગે કેવું પરિણામ થાય છે તેપર સાધ્ય રહે છે તેથી સદાચારને પણ તેને અંગે જ ઉપયોગી ગણવામાં આવે છે.

શ્રુતધર્મ ઉપર એને એવો રાગ હોય છે કે જેમ ગૃહિણી ઘરનું સર્વ કામ કરે પણ લાગ મળે ત્યારે કામથી ફારેગ થઈ પોતાના હૃદયવલ્લભ પતિને મળવાનું તેનું મન રહ્યા કરે છે તેમ આ દશામાં વર્તનો પ્રાણી કદાચ સાંસારિક કાર્યો કરે તોપણ તેનું મન શ્રુત-વાચન, શ્રવણ અને મનન તરફ સર્વદા દોરાયનું રહે છે. આ સુંદર સ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ જ્ઞાન ઉપરનો તેનો આદર ભાવ અને તેને પ્રાપ્ત થયેલ મીમાંસા ગુણ છે એમ સમજવું. વળી આ દૃષ્ટિમાં વર્તતા પ્રાણી માયાજળને દેખી તથી જરા પણ મુઝાઈ ન જતા તેના ઉપર પગ દઈને ચાલે છે, તેને તરી જાય છે અને તેના મધ્યે તેટલા કલ્લોલો પાણી ઉપર આવે તો તેથી ડરી જઈ તેમાં ડૂબી જતા નથી. ભોગને તે સ્વરૂપથી માયોદક જેવા અસાર સમજે છે અને

ધન-માયા મમતા પર ત્યાગની શરૂઆત.

તેમાં આસક્ત ન થતા તેને ભોગવે તોપણ અસંગ દશામાં રહી પોતે આત્મિક ઉન્નતિમાં આગળ વધતા જાય છે. એ દશામાં વર્તતો પ્રાણી સાંસારિક ભોગને તત્ત્વ માનતો નથી અને તેથી તેમાં કદિ પણ આસક્ત બનતો નથી. મીમાંસા ભાવને લીધે એને સર્વદા મોહ વર્તતો નથી અને માયા મમતા આ ચેતનને સંસારમાં રખડાવનાર,

ફસાવનાર અને ભૂલો પાડનાર છે એમ સમજે છે તેથી તે તેને અસર કરતા નથી અને કદિ કરે છે તો બહુ ઓછી અસર કરે છે તેથી આ દૃષ્ટિમાં આવ્યા પછી આત્મિક ઉન્નતિ બહુ સારી થઈ જાય છે અને ચેતન આગળ આગળ વિકાસ પામતો જાય છે. અહીં ભવ-ઉદ્વેગ બહુ સારી રીતે થઈ જાય છે અને સંસારપરનો રાગ લગભગ નાશ પામી જવાની સ્થિતિપર આવી જાય છે. માયા મમતા કેવી રીતે પ્રાણીને હેરાન કરે છે તે આનંદઘનજીનાં પદોમાં અને તેપરનાં વિવેચનમાં વારંવાર જોવામાં આવશે, કારણ કે એનું વર્ણન કરવામાં આનંદઘનજી મહારાજે પોતાની શક્તિનો વારંવાર ઉપયોગ કર્યો છે અને તેને તત્ત્વરૂપે બતાવવા અન્યત્ર પ્રયાસ કર્યો છે તેથી તે પર વિવેચન કરવા ન રોકાતાં અત્ર એટલુંજ બતાવીએ છીએ કે તે માયા મમતા ઉપર આ પ્રાણીને અહીં અંતઃકરણપૂર્વક વિરાગ ઉત્પન્ન થાય છે. સુતધર્મમાં આ દશામાં વર્તતા પ્રાણીનું મન બહુ રહે છે તે બતાવવા ઉપર હૃદયવલ્લભ સ્ત્રીનું દૃષ્ટાંત આપ્યું છે, તે ઉપરાંત આનંદઘનજી મહારાજે પંચાવનમા પદમાં ઘણાં દૃષ્ટાંતો આપ્યાં છે તે સર્વ વિચારવાં. આવી રીતે શ્રુત-ધર્મ ઉપર આક્ષેપક ચિત્તવૃત્તિવાળા સદ્દૃષ્ટિમાન્ ચેતન આ કાન્તા દૃષ્ટિમાં રહી બહુ સારી રીતે પ્રગતિ કરે છે અને સાધ્યપ્રાપ્તિનાં સાધનોનો બહુ સારી રીતે લાભ લે છે. એનાં કર્મની પ્રચુરતા ધીમે ધીમે ઘટતી જાય છે, કારણ આવી દશામાં વર્તતાં ક્લિષ્ટ કર્મોપત્તિ થતી નથી અને અગાઉ થયેલી હોય છે તેનો ભોગ અથવા પરિશાટ થઈ જાય છે એટલે તેનો નાશ થનો જાય છે. આવી રીતે કર્મની આવક ઓછી અને નાશ વધારે થવાને લીધે ચેતનનો ભાર ઘટતો જાય છે અને હલકો પદાર્થ જેમ પાણીમાં તરીને ઉપર આવે છે તેમ તે સંસાર-સમુદ્રમાં ઉપર ઉપર આવતો જાય છે અને સાધ્યની નજીક જતો જાય છે. આ દશામાં વર્તતો પ્રાણી વિષયાદિકમાં મનને જોડવાના કામને અતિ અધમ માને છે, માયા મમતા ઉપર તેને એટલો વિરાગ આવી જાય છે કે તેનાથી તે બીતો રહે છે અને તેનાથી જરા પણ આકુળવ્યાકુળ થઈ જતો નથી.

ધિમાં શું તફાવત છે તે આ ઉપરથી સ્પષ્ટ થયું હશે. સમાધિ
જે અર્થમાં અત્ર વાપર્યો છે તેની પ્રાપ્તિ આઠમી દૃષ્ટિમાં થવાની
। હવે પછી જણાશે. અહીં તત્ત્વબોધને અંગે પ્રતિપત્તિ ગુણ-
સ્થાન પ્રાપ્ત થાય છે એટલે અહીં તત્ત્વની આદરણા

ને ગુણપ્રાપ્તિ ચાલુ.

બહુ સૂક્ષ્મ રીતે થાય છે. અગાઉ જે વિચારણા
થઈ હોય છે તે આ દૃષ્ટિમાં આદરણારૂપે વૃદ્ધિ પામે
છે. કાર્યક્રમ કેવો છે તે આ ઉપરથી જ સમજાશે.
. કોઈ પણ બાબત વિચારક્ષેત્રમાં આવે છે અને પછી કાર્યક્ષેત્રમાં
છે. છઠ્ઠી દૃષ્ટિમાં મીમાંસા એટલે વિચારણા તત્ત્વની થઈ તે
પ્રતિપત્તિ એટલે આદરણારૂપે થાય છે. વળી યોગમાં વૃદ્ધિ
ઉપરાંત સર્વ વ્યાધિઓનો અહીં બહુધા ઉચ્છેદ થાય છે એટલે
અને અભ્યન્તર આધિ વ્યાધિ કે ઉપાધિ અહીં થતી નથી.
શમસુખ-ચિત્તની સ્થિરતા અપૂર્વ પ્રાપ્ત થાય છે તેનું ફળ એટલું
ષ્ટ થાય છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. અહીં શમસુખ
થાય છે તેનું મુખ્ય કારણ ધ્યાન-ચિત્તની એકાગ્રતા છે, કારણ
ધ્યાનથી થતાં સુખમાં વિષયસાધનપર જીત થાય છે અને
વિવેકનું બળ એટલું વધ્યું હોય છે કે સ્વાભાવિક રીતે એ ધ્યાનને
પરિણામે શમભાવ પ્રગટી નીકળે. એક બાજુએ
ન-સુખસ્વરૂપ ધ્યાનની એકાગ્રતા, બીજી બાજુએ તત્ત્વબોધની
પ્રતિપત્તિ અને વળી તેની સાથે વિવેકજ્ઞાન-એને
જે સુખ થાય તે અપરિમિત અને પૂર્વ અનનુભૂત થાય એમાં
પણ આશ્ચર્ય જેવું નથી. સુખનો અત્યાર સુધી પ્રાણીને જે
ક થયો હોય છે તે અહીં બરાબર સ્પષ્ટ વ્યક્ત થાય છે. સમ્યગ્
થયા પછી સ્પૃહા સુખમાં કાંઈ સાર નથી એમ તો તે જાણતો જ
તો, પરંતુ એને અહીં અનુભવ થતાં સમજાય છે કે સુખદુઃખનું
। વિચારતાં સ્વવશ એટલું સુખ અને પરવશ એટલું દુઃખ એ જ
પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી આ વાત તેણે પુસ્તકમાં વાંચી
કે અનુમાન સુધી આણી હતી તેનો હવે એને અહીં અનુભવ
છે અને તે વાત તેનામાં બરાબર દૃઢ થાય છે. તે સમજે છે
દ્રવ્યે.આથી કેટલીક વાર પ્રાણી સુખ માનતો હતો પણ વાસ્તવિક

રીતે તે પરવશ હોવાથી દુઃખરૂપ છે, કારણ કે પુણ્ય એ પણ કર્મ છે અને તે આત્મીય ન હોવાથી પર છે અને પારકાને વશ સુખ હોય જ નહિ તેથી પુણ્યથી થતું અથવા લાગતું સુખ પણ દુઃખ જ છે. આ વાત તેના મનમાં સ્પષ્ટ થવાથી ધ્યાનથી થતા શમસુખની બરાબર શોધમાં તે પડી જાય છે અને તેની પ્રાપ્તિ માટે અનેક સાધનો એકઠાં મેળવી તે પ્રાપ્ત કરવા તે મંડ્યો રહે છે અને ઘણે અંશે શમસુખ અહીં તે પ્રાપ્ત કરે છે. જેમ સુકોમળ શય્યામાં પતિસહવાસથી થતું પૈદ્ગલિક સુખ કુમારી કન્યા સમજી ન શકે અને શહેરવાસીના સુખ ગામડીઆ સમજી ન શકે તેમ અગાઉની દૃષ્ટિવાળા જીવો આ દૃષ્ટિમા ધ્યાનથી અનુભવાતાં સુખનો ખ્યાલ કરી શકતા નથી. અહીં જે સુખ થાય છે તે સ્વવશ હોવાથી અપરિમિત આનંદ આપે છે.

અહીં કર્મમળ ક્ષીણપ્રાય થઈ જાય છે. અહીં જે ધ્યાનમાં પ્રાણી વર્તે છે તે ધર્મધ્યાન અથવા શુક્લધ્યાનના ભેદોમાં આવી શકે તેવું ધ્યાન હોય છે. ધર્મધ્યાનના પ્રથમ પાયાથી આગળ વધી તે ધ્યાનમાં આગળ વધતો જાય છે અને શુક્લધ્યાનની હદ સુધી આવી જાય છે.

અસંગ અનુષ્ઠાન

વળી અહીં અસંગ અનુષ્ઠાન વર્તે છે. કોઈ જાતિનાં ફળની ઇચ્છા વગર શાસ્ત્રમાં-આગમમાં બતાવેલી વિધિયુક્ત અનુષ્ઠાન સ્વાભાવિક રીતે થાય તેવી ક્રિયાને અસગ અનુષ્ઠાન કહેવામા આવે છે. એનુ વિશેષ વિવેચન શ્રીપાળ રાજાના રાસમા મયણસુંદરીના સબધમાં પતિમેળાપપ્રસંગે ઉપાધ્યાયજી મહારાજે બહુ યુક્તિસર બતાવ્યું છે ત્યાંથી વિષ, ગરલ, તદ્ધેતુ અને અમૃત અનુષ્ઠાનોની હકીકત વાચી લેવી. હરિભદ્રસૂરિ મહારાજ શ્રી ષોડશક ગ્રંથમાં ચાર પ્રકારના અનુષ્ઠાનો બતાવે છેઃ પ્રીતિ, ભક્તિ, વચન અને અસગ અનુષ્ઠાન. સ્ત્રીનું ભરણપોષણ જેમ રાગથી કરવામા આવે છે તેવી રીતે પ્રીતિથી-રાગ-પૂર્વક અનુષ્ઠાન કરવાં તે પ્રીતિ અનુષ્ઠાન વિભાગમાં આવે છે. માતાનું ભરણપોષણ ભક્તિથી થાય છે તેવી રીતે ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરવાં તે ભક્તિ અનુષ્ઠાન. શાસ્ત્ર અથવા શિષ્ટ પુરુષોની આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાનો કરવા તે વચનાનુષ્ઠાન. સ્વાભાવિક રીતે શિષ્ટ વચનાનુસાર વર્તન થઈ

થાય તે અસંગ અનુષ્ઠાન. આ ચોથા પ્રકારના અસંગ અનુષ્ઠાનપર આવી સ્થિતિ થાય છે એમ બતાવવાનો આશય હોય એમ મારું માનવું છે. આવી રીતે સાતમી દૃષ્ટિમાં અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. જેમ દંડના પૂર્વપ્રયોગથી ચક્રનું ભ્રમણ થયા કરે છે તેમ અસંગ અનુષ્ઠાનમાં સ્વાભાવિક રીતે શિષ્ટ વચનાનુસાર અનુષ્ઠાન થાય છે એમ સમજવું. એ બહુ ઉપયોગી વિષયપર વિવેચન કરવા જતાં બહુ લંબાણ થઈ જાય એમ હોવાથી અત્ર તેપર વિશેષ ઉલ્લેખ કર્યો નથી. વક્તવ્ય એટલું છે કે અહીં જે ઉપરોક્ત અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે તેને લીધે પ્રાણીની પ્રવૃત્તિ બહુ સારી થઈ જાય છે, મહાપદ (મોક્ષ) તરફ તેનું પ્રયાણ બહુ સારી રીતે આગળ વધે છે અને તે નિત્યપદનું પ્રાપક થઈ પડે છે. આ અસંગ અનુષ્ઠાન તે સાંખ્યની પ્રશાંતવાહિતા બૌદ્ધનો વિસભાગ પરિક્ષય, શૈવનો શિવવર્ત્મ અને યોગીઓ જેને ધ્રુવાધ્વા (ધ્રુવમાર્ગ) કહે છે તેને મળતું પરિણામ ઉપજાવે છે. પરંતુ તેમાં તફાવત એટલો છે કે જ્યારે અન્ય માર્ગમાં સમ્યગ્ બોધ ન હોવાથી યોગદૃષ્ટિ વર્તતી હોતી નથી ત્યારે અહીં અસંગ ક્રિયામાં સદ્ ઉદ્દેશ આત્મદશા વર્તતી હોય છે. પ્રશાન્તવાહિતા વિગેરે અપુનર્બંધકની સ્થિતિનાં નામ છે. [illegible] તેની અલ્પ માત્રા હતી તે અત્ર [illegible] કરી ને ઉત્તમ [illegible]. આટલો [illegible] ધ્યાનમાં રાખી [illegible] અનુષ્ઠાનને [illegible] [illegible] ની વૃદ્ધિ અથવા પ્રાપ્તિ અને [illegible]

સુખની કલ્પના પામે દેવલોકનાં અથવા અનુત્તર વિમાનનાં સુખ પણ કિમત વગરનાં લાગે છે. આ દૃષ્ટિ બહુ ઉન્નત દશા પ્રાપ્ત કરેલ સંસાર-વિરક્ત સર્વવિરતિભાવ ધારણ કરેલા અપ્રમત્ત યતિને જ હોવી સંભવે છે અને એ દશામાં રહેલા અપ્રમત્ત યતિ ઘણા જલદી સાધ્ય પ્રાપ્ત કરી શકે એવી સુંદર સ્થિતિમાં મૂકાઈ જાય છે.

૮. પરા દૃષ્ટિ.

આઠમી પરા દૃષ્ટિમાં સમાધિ નામનું યોગનું આઠમું અંગ પ્રાપ્ત થાય છે. અહીં જૈન દૃષ્ટિએ સમાધિ કોને કહેવામાં આવે છે તે વિચારવું પ્રાસંગિક ગણાશે, કારણ કે જૈન પતંજલિ સમાધિ કહે છે તે તો આત્મલય કરનાર હોવાથી તેના અત્ર ઉપયોગ નથી. આ બાબતમાં વિસ્તારથી ખુલાસો કરતા શ્રીમદ્યશોવિજયજી મહારાજ શાસ્ત્રવાર્તા સમુચ્ચયની વૃત્તિમાં કહે છે કે એક દ્રવ્યમાં એકાગ્રતા કરવી તેનું નામ સમાધિ છે. ધ્યાનમાં વિક્ષેપ કરનાર કારણોના અભિભવ થાય છે, અહીં તેનો સર્વથા અભિભવ થાય છે તે એટલી હદ સુધી થાય છે કે પછી પૂર્વ માર્ગમાં પાછી ગતિ થતી નથી. તાત્પર્ય એ છે કે પૂર્વ અવસ્થામાં જે વિક્ષેપનો ક્ષયોપશમ થયો હોય છે એટલે કાંઇક શાંત થયા હોય છે અને કાંઇક અંદર ગુપ્ત રહ્યા હોય છે તેનો અહીં સર્વથા અભિભવ થાય છે. જેમ માટી પિંડરૂપ ધર્મનો ત્યાગ કરીને ઘટરૂપ ધર્મનો સ્વીકાર કરે છે તેવી રીતે અહીં સમજવું. આ દૃષ્ટિમાં ચન્દ્રની ચંદ્રિકા જેવો સૂક્ષ્મ બોધ થાય છે જે [illegible] ચાલુ રહે છે અને સૂર્યની [illegible] આખને આંજી દેનાર થતો નથી, પરંતુ શાંતિ આપનાર અને [illegible] આનંદ કરનાર થાય છે. આવા સૂક્ષ્મ [illegible] ચંદ્રની [illegible] તેવી રીતે

[illegible]

[illegible] વિકલ્પના નાશ થાય છે અને [illegible] જલદી થતી જાય છે. અહીં તત્ત્વચિંતન અને પ્રવૃત્તિ પણ પ્રાપ્ત થાય છે તેને લઈને [illegible] પ્રવર્તન થાય છે. આઠમી દૃષ્ટિમાં જે પ્રાપ્ત તત્ત્વદર્શન [illegible] થઈ હતી તે અહીં પ્રવૃત્તિમાં પરિપૂર્ણતા પામે છે. અને લઈને જે પ્રાણી જે ક્રિયા કરે છે તેમાં તેને કોઈ પણ પ્રકારનું [illegible] નથી અને તેને ક્રિયામાં એટલો રસ આવે છે કે તેનું વર્ણન થઈ શકે નહિ. અહીં ક્રિયા [illegible]

ગુણમાં પ્રવૃત્તિરૂપ સમજવી, બાહ્ય ક્રિયાઓનો અહીં ઉપયોગ નથી કારણ કે આંતરંગ પ્રવૃત્તિ થતી હોય ત્યાં બાહ્યાચારની વિચારણાની જરૂર રહેતી નથી. એ દશામાં વર્તતો પ્રાણી જે જે ક્રિયાઓ કરે તેમાં માનસિક દૂષણ લાગતાં નથી. જેમ ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી વિગેરે ઉપર આરોહણ કરવામાં આવે છે તેમ અહીં પ્રાણી એક પ્રકારની ગુણશ્રેણી ઉપર આરોહણ કરે અને અનેક આત્મીય ગુણો પ્રાપ્ત કરે છે. આ ઉત્કૃષ્ટ દષ્ટિમાં વર્તતા તેના વચનનો વિલાસ, તેના શરીરને

ગુણશ્રેણી પર આરોહણ.

ગંધ અને તેનું સર્વ વર્તન ચંદનના વાસની જેમ સર્વત્ર સુગંધ વિસ્તાર નાર થાય છે એટલે તેની આજુબાજુનું વાતાવરણ પણ તેના ગુણ વિસ્તારનાર થઇ પડે છે. તેનામાં ક્ષમાદિક ધર્મો એટલા ઊંડી અસર કરનાર થઇ પડે છે કે તેનું વર્તન સામાન્ય રીતે કરવું મુશ્કેલ પડે અહીં તદ્દન નિરાશીભાવ પ્રાપ્ત થાય છે, કારણ કે એને આત્મીય દ્રવ્યની એટલી કિંમત સ્ફુટ રીતે આવે છે કે તે અન્ય કોઇની ઇચ્છા કરે એવી સ્થિતિ અહીં રહેતી નથી. અહીં ખેદાદિ આઠ દૂષણો પૈકી છેલ્લે રોગ જે સંસારપર આસંગ છે તેનો નાશ થાય છે, આત્મીય હિત માં જ પ્રવૃત્તિ થાય છે અને રત્નની પ્રાપ્તિ તરફ એકદમ ગતિ થાય છે. એના વર્તનમાં [illegible] સંયમ વિગેરે મૂળ ઉત્તર ગુણે એટલા પ્રગટ [illegible] આત્મીય [illegible] એટલે

પડે એવી રીતે તેને છેવટને માટે દૂર ફેંકી દે છે. અહીં ધર્મસંન્યાસ પ્રાપ્ત થયો હોય છે તે પરાકાષ્ઠાને પામે છે, સર્વ દોષો ક્ષીણ થઈ જાય છે, અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે અને કર્મરાજ-મોહનીય કર્મ ઉપર મોટો ઘેરો ઘાલવામાં આવે છે. આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકથી ધર્મસંન્યાસની પ્રાપ્તિ થાય છે અને પછી તેમાં એકદમ એટલો વધારો થઈ જાય છે કે ચેતનજી અનેક ઉદાર આશયાદિ ગુણોને લઈને એકદમ ઉત્ક્રાન્તિ કરી અનેક કર્મોપર વિજય મેળવી સયોગી ગુણસ્થાનક પ્રાપ્ત કરવા તૈયાર થાય છે તે વખતે તેનાં ઘનઘાતી ચાર કર્મો-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય તેનો સર્વથા ક્ષય થઈ જાય છે. મનોયોગ તેને અહીં રહે છે અને સામાન્ય કર્મો પણ રહે છે. ત્યાર પછી વિશેષ પરોપકાર કરી તે પોતાના સર્વ સત્વને અંગે અનેક પ્રાણીઓના અંધકારતમસ્‌ને છેદી નાખે છે અને પોતે આત્માનંદમાં મસ્ત રહી સ્વાભાવિક આનંદની પરાકાષ્ઠા અનુભવે છે. એવી ઉત્કૃષ્ટ દશામાં કેટલોક વખત પૃથ્વીતળને પાવન કરી છેવટે મનોયોગઆદિ પર પૂર્ણ જય મેળવી શૈલેશી અવસ્થા પ્રાપ્તકરી સર્વ કર્મોપર વિજય મેળવી બાકીનાં ચાર અઘાતી કર્મો-વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્-નો પણ ક્ષય કરી અયોગી અવસ્થા પ્રાપ્ત કરી નિવૃત્તિસ્થાન પ્રાપ્ત કરે છે, સાધ્યસ્થાન પ્રાપ્ત કરે છે અને ત્યાં સદા કાળ રહે છે. એ સ્થિતિમાથી વિચ્યુતિ નથી, ફરી કર્મક્લેશમય સંસારમાં આવવાનું નથી, જન્મમરણવિયોગનું દુઃખ નથી, અનંત જ્ઞાનદર્શનમાં રમણ કરવારૂપ ચારિત્રના અતિ ઉત્કૃષ્ટ અત્મીય આનંદમાં મસ્ત રહી આ સાધ્યદશામા અનંત આનંદ અનુભવવાનો છે અને સંપૂર્ણ તત્વિક સુખના રસને નિરંતર આસ્વાદવાનો છે-આ સ્થિતિ પ્રાપ્ત કરવી એ આપણું સર્વનું સાધ્ય છે અને એને માટે આ સર્વ પ્રયત્ન છે. એ સ્થિતિમા જે આનંદ છે તે કાગળપર લખી શકાય તેમ નથી, મુખેથી કહી શકાય તેમ નથી, શરીરથી અનુભવી શકાય તેમ નથી. સ્થૂળ આનંદને અને એને કોઈ પણ પ્રકારનો સંબંધ નથી અને એવા સ્થૂળ આનંદને આનંદ માનનારને આ અંતર આત્મદશામાં વર્તતા આનંદનો અને પરમાત્મભાવનો પૂર્ણ પ્રકાશ કેવો સુંદર છે, આકર્ષક છે, લોકત્તર છે તે સમજાય તેમ પણ નથી. આવા ઉત્કૃષ્ટ

આનંદની ભૂમિકારૂપ આઠ દૃષ્ટિનું વિવેચન યોગદૃષ્ટિની વિચારણા માટે કર્યું. હવે યોગને અંગે ઉપસ્થિત થતા કેટલાક અગત્યના પ્રશ્નો આપણે વિચારીએ.

યોગને અંગે પ્રાપ્ત થતા કેટલાક મહત્વના પ્રશ્નો.

યોગલક્ષણ. યોગનું લક્ષણ બતાવતાં શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે મોક્ષમાં અથવા મોક્ષ સાથે જોડનાર હોવાથી તેને યોગ કહેવામાં આવે છે.* મોક્ષ મુખ્ય હેતુને ધ્યાનમાં રાખી જે વ્યાપાર કરવામાં આવે તે મોક્ષ સાથે યોજનાર હોવાથી તેને યોગ કહેવામાં આવે છે. આ કંઈ તેની વ્યાખ્યા નથી પણ અત્ર જે યોગ શબ્દનું લક્ષણ બતાવ્યું છે તે બહુ યોગ્ય છે એમ લાગે છે. ચિત્તવૃત્તિનો નિરોધ એટલે યોગ એમ જે પતંજલિ યોગનું લક્ષણ આપે છે તે ઉચિત નથી તે વાત આગળ સ્પષ્ટ રીતે જણાશે.

યોગભૂમિકાપર કરેલા વિવેચનથી જાણવામાં આવ્યું હશે કે આપ યોગપ્રાપ્તિનો સમય. દૃષ્ટિ તજી યોગદૃષ્ટિમાં પ્રાણી આવે તે પહેલાં તે અનંત પુદ્ગળપરાવર્ત કર્યા કરતો હોય છે અને જ્યારે તે અંતિમ પુદ્ગળપરાવર્તમાં આવે છે ત્યારે જ તેને યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એનું કારણ એ છે કે યોગ અંતરંગનો વિષય છે એથી બાહ્ય દૃષ્ટિથી લા[illegible] અનુસારે કહાય ગમે તેટલી ક્રિયા કરવામાં આવે અને દેખ[illegible] પણ બનવામાં આવે તથા યોગપ્રાપ્તિ થતી નથી [illegible] પણ અંતિમ આવર્તમાં જ પ્રાપ્ત થાય છે તેથી [illegible] પ્રણીત યોગશાન અથવા યોગપ્રક્રિયા [illegible] ચતુર્થભૂમિકા પ્રાપ્ત થયા પછી વેદ્યસંવેદ્ય પદનું લક્ષણ બતાવ[illegible] જીવનું સ્વરૂપ બતાવ્યું છે તે [illegible] સુખ, શાંત, દીન, મત્સરી, ભયવાન્ [illegible] કરનાર હોય છે. એ [illegible] છે તથા પણ વધ રે

*[illegible]
[illegible] લક્ષણં તેન તન્મુખ્યહેતુ[illegible]
[illegible]

ખરાબ સ્થિતિ ઓઘ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીની હોય છે. લોકોની પ્રીતિ પ્રાપ્ત કરવાના હેતુથી અથવા પોતાની માનપૂજા વધારવાના હેતુથી અંતઃકરણની મલિનતા સાથે જે બાહ્ય દૃષ્ટિથી શુભ ક્રિયા કરવામાં આવે તેને પણ લોકપંક્તિ કહેવામાં આવે છે અને તે અંતિમ પહેલાંના સર્વ પુદ્ગલાવર્તમાં પ્રાણીને વર્તતી હોય છે. આથી ઉપર ઉપરથી શુભ ક્રિયા કરનાર પણ યોગભૂમિકામાં આવ્યા વગરનો હોય છે એ ખાસ સમજવા જેવું છે. ઘણા દંભી પ્રાણીઓ પોતે ભૂમિકારૂઢ છે એમ બતાવી લોકોને છેતરવા પ્રયત્ન કરે છે તેનાથી બચી જવાની ખાસ જરૂર છે. જયાસુધી અંતઃકરણપૂર્વક આંતરંગ દૃષ્ટિથી વિશિષ્ટ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી ત્યાંસુધી યોગભૂમિકા પ્રાપ્ત થાય એ અસંભવિત છે. મહાન્ ધર્મની બાબતમાં પણ બોધની અલ્પતા હોય અને મોટી મોટી ક્રિયાઓ કે તેના આડંબરો કરવામાં આવે તો તેથી લાભ થતો નથી એટલુંજ નહિ પણ તે સર્વ ક્રિયાઓ વિપરીત ફળ આપનાર થાય છે. ક્રિયા મોટી છે તેથી ખેંચાઈ જવાનું નથી, તે ક્રિયાથી લાભ પ્રાપ્ત કરવા કેવા વિચાર ઉચ્ચારની સાથે જરૂર રહેલી છે એ ખાસ વિચારવા યોગ્ય છે અને એને અંગે લક્ષ્યમાં રાખવાની ખાસ હકીકત એ છે લોકાચારને અનુસરવાને બદલે આંતરંગ વૃત્તિ ભેદાય તેના ઉપર બહુ આધાર રહે છે. આથી આ લોકપંક્તિને સમજવાની બહુ જરૂર છે.

બાહ્ય લોકપંક્તિ–યોગાભાસ.

બાહ્ય દૃષ્ટિથી લોકપંક્તિ અનુસાર દાન, સંભાવણ, સન્માન વિગેરે શુભ ફળ આપે છે પણ જે વિશિષ્ટ ધર્મપ્રાપ્તિના હેતુથી તે ક્રિયાઓ કરવામાં આવે છે તે હેતુ તેથી જરા પણ સિદ્ધ થતો નથી. મતલબ જેમ કેટલીક વખત ધનપ્રાપ્તિ માટે કલેશ કરવામાં આવે છે પણ યથાયોગ્ય પ્રવૃત્તિના અભાવે કલેશને પરિણામે પણ ધનની પ્રાપ્તિ થતી નથી પણ કલેશ થાય છે, તેમ લોકપંક્તિ અનુસાર બાહ્ય ક્રિયા કરવાથી પુણ્યપ્રાપ્તિ થાય છે પણ યોગદૃષ્ટિએ મનકામના અધમપૌદ્ગલિક હોવાથી નિયાણાવાળા સાધુઓની સંયમક્રિયા માફક ધર્મપ્રાપ્તિ જરા પણ થતી નથી; તેથી જેની પ્રાપ્તિને અંગે એ ક્રિયાઓ કરવામાં આવી હોય છે તેની અપેક્ષાએ તે તદ્દન નિષ્ફળ નીવડે છે.

તદ્દન મૂર્ખ પ્રાણી સમૂર્છમની પેઠે અનાભોગથી ક્રિયા કરે તેના કરતા આ ક્રિયા કાંઈક સારી ગણાય, પણ તત્ત્વદૃષ્ટિએ તેમાં કર્મશુભાશયોની પ્રાપ્તિ ન હોવાથી એ ક્રિયા તદ્દન નકામી છે.

કર્મશુભાશયો.

કર્મશુભાશયો જે ક્રિયાશુદ્ધિના હેતુ છે તે પાંચ છે. યોગને અંગે કેટલી પ્રગતિ થઈ છે તેના દર્શક તરીકે તેની ઘણી અગત્યતા હોવાથી તેપર ખાસ વિચાર કરવાની જરૂર છે. એનાથી ક્રિયાશુદ્ધિ કેટલી થઈ છે એ બહુ સારી રીતે જણાય છે અને તેને અંગે યોગમાં પ્રગતિ કેટલી થઈ છે તેપર ખાસ ધ્યાન રહે છે. એ પાંચ કર્મ શુભાશયો આ પ્રમાણે છે. પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ. પ્રણિધાન એટલે ક્રિયાનિષ્ઠપણું. તે એટલું સુંદર હોય છે કે વિહિત રીતે જે જે ક્રિયાઓ બતાવવામાં આવેલી હોય છે તે કરવામાં આવે છે અને ધર્મસ્થાનથી અવિચલિત સ્વભાવ પ્રાપ્ત થાય છે; તેની સાથે આ પ્રણિધાન આશયમાં પોતાના ધર્મસ્થાનથી નીચેના સ્થાનમાં વર્તતા પ્રાણી ઉપર તેને દ્વેષ આવતો નથી, પણ કરૂણા આવે છે; તેનો સંસારભાવ અથવા ગુણહીન લોકોને તેઓ ઉપર દયા આવે છે, પણ તેના ઉપર વૈરબુદ્ધિ થતી નથી. પરોપકારના કાર્યને તે બહુ સુંદર માને છે અને તેનું મન સાવદ્ય વસ્તુના ત્યાગપૂર્વક નિરવદ્યને આચરનાર હોવાથી પાપથી રહિત થાય છે. આવી રીતે પ્રથમ 'પ્રણિધાન' આશયને અંગે [illegible] થાય છે. બીજા પ્રવૃત્તિ આશયમાં અધિકૃત ધર્મસ્થાનમાં [illegible] પ્રવૃત્તિ થાય છે, તમા [illegible] કે ધર્મવિષયમાં પોતે જે પ્રયત્ન [illegible] પ્રયત્ન કર્યા કરે છે, અને [illegible] નથી. વળી એ પ્રવૃત્તિ એવી [illegible] નથી, એટલે [illegible]

[illegible]

એકાગ્ર સ્થિરતા રહે છે. આવા શુભ આશયને 'પ્રવૃત્તિ' કહેવામાં આવે છે. ત્રીજા વિઘ્નજયાશયમાં બાહ્ય અંતર વ્યાધિ અને મિથ્યાત્વપર જય મેળવવા માટે યત્ન થાય છે. જેમ અમુક માર્ગે પ્રવૃત્તિ કરતાં રસ્તામાં કાંટા હોય તે દૂર કરવામાં આવે છે તેમ બાહ્ય વ્યાધિઓ અને શીત ઉષ્ણાદિકપર જય મેળવવામાં આવે છે. જ્વર વિગેરે અંદરના વ્યાધિનો નાશ કરવો તે અંતર વ્યાધિજય કહેવાય છે અને મોહ-દિશાશૂન્યત્વરૂપ મિથ્યાત્વપર જય મેળવવો તે તૃતીય મિથ્યાત્વજય કહેવાય છે. બાહ્ય અને આંતર વ્યાધિ તથા મિથ્યાત્વરૂપ વિઘ્નો પ્રગતિ કરવામાં બહુ અડચણ કરનાર થાય છે તેપર જય મેળવવાથી મહાન્ લાભ થાય છે એ તૃતીય 'વિઘ્નજય' રૂપ શુભાશય સમજવો.* ચોથા

* આ વિઘ્નજય આશયને જરા વધારે સ્પષ્ટ કરીને સમજવાની જરૂર છે. ત્રણ પ્રથમ જણાવવામાં આવ્યું છે કોઈ પણ નગર તરફ ગમન કરતાં મનુષ્યને ત્રણ પ્રકારના ભયથી સાવચેત રહેવાની જરૂર પડે છે. ૧. માર્ગમાં કાંટા હોય તેની પીડા દૂર કરવા માટે પગમાં જોડા પહેરી લેવા કે જેથી તેને નકામી માર્ગની પીડા ન થાય. ૨. રસ્તે પ્રયાણ કરતાં જો તેને જ્વરાદિ વ્યાધિ થઈ આવે તો તેનું પ્રયાણ આગળ ચાલી શકતું નથી, શરીરની અસ્વસ્થ સ્થિતિ થઈ જાય છે અને ધારેલી મુસાફરી અટકી પડે છે. જ્વરાદિ વ્યાધિના જ્યારે સર્વથા નાશ થાય ત્યારે જ તેનું પ્રયાણ આગળ થઈ શકે છે. ૩ પ્રથમના બે પ્રકારના વિઘ્નો દૂર કરવા છતાં પણ તેનું ખાસ [illegible] [illegible]

સિદ્ધિરૂપ આશયમાં તાત્ત્વિક અભ્યાસથી થયેલા ધર્મની પ્રાપ્તિ ય
છે. અભ્યાસ કરનારને થતી ધર્મપ્રાપ્તિ અહીં ઉપયોગી નથી પ
અભ્યાસ થયા પછી થયેલી પ્રાપ્તિ કામની છે. એનું લક્ષણ એ છે
એમાં સાક્ષાત્ અનુભવ થાય છે. એટલે આત્માનું આત્માવડે આત્મા
જ્ઞાન થાય એને અનુભવ કહેવામાં આવે છે તેરૂપ તેની પ્રાપ્તિ ય
છે અથવા પ્રાપ્તિમા અનુભવ સાથે સહચારી હોય છે. પોતાથી ઈ
ઉપર કૃપા-દયા આવે છે, મધ્યમ પ્રાણીઓ ઉપર ઉપકાર કરવા
બુદ્ધિ રહે છે અને પોતાથી ઉત્તમ પ્રાણીઓ તરફ વિનય કરવા રૂ
રહે છે. આ 'સિદ્ધિ' રૂપ ચતુર્થ આશય સમજવો. પંચમા વિનિમય શુ
આશયમાં પોતાથી વ્યતિરિક્ત પ્રાણીને ધર્મમાં જોડવાની બુદ્ધિ અને
માટે દૃઢ પ્રયત્નને 'વિનિયોગ'રૂપ શુભ આશય કહેવામાં આવે છે. ર
પાંચ પ્રકારના આશય વગર ગમે તેટલી ક્રિયા કરવામાં આવે તે ધર્મપ્રા
માટે થતી નથી અને કેટલીક વખત ઉલટી નુકશાન કરનાર પ
થાય છે. આવી ક્રિયાઓ નુકશાન કરનારી કેવી રીતે થાય છે તે પ
સમજવા યોગ્ય છે. જ્યાં શુભ આશય ન હોય ત્યાં પ્રાણી પોતા
જાતને છેતરી અજ્ઞતાથી અથવા દંભથી એમ માને છે કે પોતે ઉત્ત
ક્રમમાં આવેલ છે, હવે જ્યારે તેનામાં તે કંઈ હોય નહિ ત્યારે
ઉલટાં તીવ્ર કર્મો બાંધી સના. વધ.. મૂકે છે કોઈ પણ પ્રાણી પાર
મુનિમ પગ્યો છે કે નહિ ... નિર્ણય કરવા માટે જન પ્રયત્ન
મુ મ.ને..ના વિવેચન ... ... ન આ પાંચ આશયે દ

છે કે જ્યાંસુધી અંતરંગ આશય જેને 'ભાવ' કહેવામાં આવે છે તે જાગ્રત થતો નથી ત્યાંસુધી ઉત્ક્રાન્તિ થતી નથી અને એવો ભાવ અંતિમ પુદ્ગળપરાવર્તમાં સાધ્યની નજીક પ્રાણી આવે ત્યારે જ થાય છે. જેમ રસવેધથી લોહનું સુવર્ણ થાય છે તેમ ભાવથી ક્રિયાનું મોક્ષહેતુત્વ થાય છે. એક કુવો ખોદવો હોય તો ખનનના કાર્યને ક્રિયા સાથે સરખાવી શકાય, પરંતુ અંદર પાણીની શિરાઓ ઉત્પન્ન થવી તેને ભાવ સાથે સરખાવી શકાય. મતલબ જળપ્રવાહનું આગમન તો ભાવથી જ થાય છે, ખાલી કૂપ ખણવાથી કાંઈ લાભ થતો નથી. જેમ તૃણની અંદર ઘીનો ભાવ શોધવો તેમ ક્રિયામાં યોગ શોધવો એ બરાબર છે. તૃણ જંગલમાં હોય તેમાં ઘી નથી, પરંતુ ગાય તેને ખાય, પચાવે, તેનું દૂધ થાય, તેનું દહીં થાય, તેને વલોવવામાં આવે, તેનું માખણ થાય, તેને તાવવામાં આવે, ત્યારે ઘી થાય છે; તેવી જ રીતે અંતિમ પહેલાના આવતમાં પ્રાણીમાં યોગ્યતા હોય છે તોપણ તે અંદર પડી રહે છે, વ્યક્ત થઈ શકતી નથી આ સાથે એટલું પણ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે ગાય જેમ ઘાસ ખાધા વગર જીવી શકતી નથી અને ઘાસ ન ખાય તો દૂધની પ્રાપ્તિ પણ થતી નથી તેમ શુભ અધ્યવસાય પણ ક્રિયાની શુદ્ધિ અને શુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિ વગર ટકી શકતા નથી અને તે વગર ઇચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી. ગૃહસ્થલિંગે કૈવલ્યદશા પ્રાપ્ત કરનાર અથવા અન્ય લિંગે તે દશા પામનારનું આયુષ્ય બે ઘડીથી વધારે હોય તો જરૂર તે સાધુપ્રવૃત્તિ અને સાધુવેશ ધારણ કરે છે એમ શાસ્ત્રકાર કહે છે તેનું આ કારણ છે. પ્રવૃત્તિ અને પરિણતિ બન્નેનો અરસ્પરસ આવી રીતે સાપેક્ષભાવ રહે છે એ વાત બહુ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. સાથે એ પણ લક્ષ્યમાં રાખવાનું છે કે પરિણતિની શુદ્ધિ સાધ્ય છે અને ક્રિયાફળનો આધાર તેના ઉપર જ રહે છે. ઘાસ ગમે તેટલું સારૂ હોય તોપણ રોગી કે મડદા જેવી ગાય તે ખાય તો તેનાથી દૂધની પ્રાપ્તિ થતી નથી. આથી ગાયની સારી સ્થિતિ દૂધને અંગે જેટલી જરૂરની છે તેવી જ રીતે અત્રે શુભ અધ્યવસાય-સ્થિતિ સમજવી. આવી રીતે આપણે યોગનું લક્ષણ અને તેની પ્રાપ્તિનો સમય અને તેને બતાવનારા આશયો વિચાર્યા, હવે આપણે યોગના ભેદો સંબંધી વિચાર કરીએ.

યોગના ભેદો.

યોગની પ્રાપ્તિને અંગે અનેક ગુણો ઉત્પન્ન થાય છે, અનુક્રમ પ્રમાણે ચારિત્રના ભેદો પ્રાપ્ત થાય છે અને ભૂમિકા પ્રમાણે ઉન્નતિમાં વધારો થતો જાય છે અને ક્રમસર પ્રગતિ થતી જાય છે. યોગનું સ્વરૂપ સમજવા માટે યોગના કેટલાક વિભાગો પાડી તેનું સ્વરૂપ બતાવવા યોગવિજ્ઞાનીઓએ પ્રયાસ કર્યો છે તેના જૂદી જૂદી રીતે પાડેલા ભેદોપર આપણે હવે વિચાર કરીએ. ત્યાં ખાસ કરીને સમ્યગ્ શ્રદ્ધાન અને બોધ થયા પછી દેશથી અથવા સર્વથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે તે યોગને અંગે બહુ અગત્યની છે. ચારિત્રના જેટલા ભેદો છે તે એક દૃષ્ટિએ યોગના ભેદો છે એમ સમજી લેવું. સદરહુ ચારિત્રની ભિન્નતાનાં કારણના બીજા દૃષ્ટિબિન્દુથી જોતાં યોગના પાંચ વિભાગ કરવામાં આવ્યા છે તે આપણે વિચારીએ. તે પાંચ ભેદ આ પ્રમાણે છેઃ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય.

૧ અધ્યાત્મ યોગ.

વૃત્તિયુક્ત પ્રાણી ઔચિત્ય જાળવીને મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત શિષ્ટવચનાનુસાર તત્ત્વચિંતવન કરે તે ચિંતવનને યોગીઓ 'અધ્યાત્મ' કહે છે. અધ્યાત્મ સંબંધી ઘણી જગાએ ઉલ્લેખ કરવામાં આવે છે. આ. [illegible] ઉપોદ્ઘાતમાં એક લેખ લખ્યો છે. પણ [illegible] અહીં આપવા[illegible]

માટે આગળ ઇચ્છાયોગ વિગેરે ભેદ પાડવામાં આવશે તેપરના વિવેચનથી આ વાત વધારે સ્પષ્ટ થશે. યોગમાં તદ્દન નીચી ભૂમિકાએ રહેલાનો યોગ એટલો સામાન્ય છે કે તેના સંબંધમાં વક્તવ્યતા બહુ અલ્પ છે. અહીં જે અધ્યાત્મની વાત કરી છે તે પંચમ ભૂમિકા-દૃષ્ટિ-પર આરૂઢ થયેલા પ્રાણીની છે એમ વ્યાખ્યા ઉપરથી જણાય છે. આવો પ્રાણી ઔચિત્યપૂર્વક કરે એમ કહ્યું તે ઉચિત પ્રવૃત્તિ કરે એમ સમજવું. આવા યોગમાં પ્રગત પ્રાણીની પ્રવૃત્તિ પોતાના આગળ વધેલા ગુણને અનુરૂપ જ હોય છે. આવો પ્રાણી મૈત્ર્યાદિ ભાવ જેનાપર હવે પછી વિચાર કરવામાં આવશે તેથી સંયુક્ત થઈ મહા ઋષિઓએ બતાવેલ આગમાનુસાર તત્ત્વચિંતવન કરે તેનું નામ અધ્યાત્મ છે. જીવ અજીવાદિ તત્ત્વ, કર્મસ્વરૂપ, ચેતનનો સંબંધ વિગેરે અનેક આત્મિક બાબતોનો શાસ્ત્રરીતિ અનુસાર વિચાર-ચિંતવન તેનું નામ અધ્યાત્મ છે. આ તત્ત્વચિંતવનને અંગે ઔચિત્ય, વ્રતસમવેતત્વ, આગમાનુસારિત્વ અને મૈત્ર્યાદિ ભાવ સંયુક્તત્વ એ ચારે વિશેષણો એટલાં અગત્યનાં છે કે એનાપર વિચાર કરવાથી મહાન્ સત્યો દૃષ્ટિ સમીપ ખડા થઈ જશે. આ ચારે વિશેષણો અધ્યાત્મ યોગની ઉપર જણાવેલી વ્યાખ્યાને અંગે પ્રાપ્ત થાય છે તે સદરહુ વ્યાખ્યા ફરીવાર વાંચી જવાથી સમજાશે.

અહીં મૈત્ર્યાદિ ભાવ સયુક્ત એવું જે વિશેષણ તત્ત્વચિંતવનને અંગે આપવામાં આવ્યું તે મૈત્રી, પ્રમોદ, મુદિતા અને કરૂણા એ ચાર ભાવના સમજવી. એ ચાર ભાવનાનું સ્વરૂપ અધ્યાત્મ કલ્પદ્રુમના પ્રથમ સમતાધિકારમાં સારી રીતે ચર્ચ્યું છે તેનાથી તદ્દન જૂદી રીતે બહુ સંક્ષેપમાં અત્ર તેપર વિચાર કરશું. સુખચિંતા એટલે મૈત્રીભાવ. કોનું સુખ ઇચ્છવું અથવા ચિંતવવું તેને અંગે તેના ચાર ભેદ પડે છે. જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેનું સુખ ઇચ્છવું તે ઉપકારીસુખચિંતા, જે પોતાના સ્નેહી સંબંધી મિત્રના કે સગપણ સબંધથી થયેલા હોય તેનું સુખ ઇચ્છવું તે સ્વજનસુખચિંતા, જે પ્રાણીઓને પોતે પોતાના ગણ્યા હોય અથવા જેને પોતાના પૂર્વપુરૂષોએ પોતાના ગણ્યા હોય તેવા આશ્રિતના સુખનું ચિંતવન તે સ્વપ્રતિપન્નસુખચિંતા અને ઉપકાર સંબંધ કે આશ્રયનો ખ્યાલ કર્યા વગર સર્વ પ્રાણીઓનું

સુખ ઇચ્છવું તે સામાન્યસુખચિંતા. આ મૈત્રી ચિંતવન જેના સુખનો વિચાર કરવામાં આવે તેને અંગે કરવામાં આવે છે અને તેના ભેદને અંગે અહીં ચાર ભેદ બતાવવામાં આવ્યા છે. તેના વિષય-સુખનો વિચાર કરીએ તો લૌકિક, કુતીર્થિક, પૈદ્ગલિક, ઐહિક, પારલૌકિક, આત્મીય આદિ અનેક પ્રકારે પ્રચલિત સુખના ભેદો કરી શકાય અને તેવા પ્રકારનાં સુખના ભેદો લોકોમાં પ્રચલિત છે. ચિંતવન કરનાર પરમ દશાને પ્રાપ્ત થનાર હોવાથી આત્મીય સુખની વિચારણા અત્ર સમજવી. સ્વજનાદિનો વિભાગ એવા પ્રસંગમાં લોકરૂઢિને અનુસરીને બતાવવામાં આવેલ હોય એમ જણાય છે અથવા પરમ દશા પ્રાપ્ત કરનાર મહા પુરૂષની ચિત્તપરિણતિ કેવી વિશાળ હોય છે તેનો ખ્યાલ આપવા સારૂ તેવા ભેદો બતાવ્યા હોય એમ જણાય છે. તેનો આશય એવા સુખના ઉપાયો યોજવા તરફ પ્રયત્ન કરવાનું સાધ્ય લક્ષ્યમાં રાખવાનું નિદર્શન હોય એમ લાગે છે.

બીજી કરૂણા ભાવના દુઃખ દૂર કરવાની ઇચ્છા થાય છે તે ચાર પ્રકારની છે. અજ્ઞાનથી વ્યાધિગ્રસ્ત પ્રાણી દયા ઉશ્કેરે તેવા ગળગળાવા શબ્દથી અપથ્ય ભોજન ખાવા માગે તેનાપર ખોટી દયા લાવી તેને ભોજન આપવું તે મોહજન્યા કરૂણા, બીજી દુખી પ્રાણીને જોઇને તેને આહાર ઔષધિ વિગેરે [illegible] વસ્તુ, ધન, ધાન્યાદિ આપવાં તે દુઃખિતદર્શનજન્યા કરૂણા, [illegible] પ્રાણીઓને જોઇને તેઓનાં સુખ ઉપર દયા આવે અને તેઓ [illegible] રીતે એવા બાહ્ય સુખના ખોટા ખ્યાલથી બચી અપ[illegible] સુખ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય એવી ઇચ્છા તે [illegible] અને કુદરતી રીતે અન્ય ઉપર કરૂણા અને [illegible]

થતાં ઐહિક સુખમાં આનંદ માનવો તે સદ્હેતુ મુદિતાભાવ, ત્રીજો આ ભવ અને પરભવ બન્નેમાં સુખ થાય તેવા અનુબંધ કરાવનાર શુભ કાર્યો કરનારને તજ્જનિત સુખપ્રાપ્તિ થાય તેમાં સંતોષ પામવો તે સદનુબંધયુતા મુદિતા અને ચોથો મોહનીય કર્માદિ મહા તીવ્ર કર્મના નાશથી પ્રાપ્ત થતાં અવ્યાબાધ સુખમાં જે સંતોષવૃત્તિ થવી તે પરા મુદિતાભાવ. આવા પ્રકારનાં સુખો કોઈ પણ પ્રાણીઓ પ્રાપ્ત કરે, અન્ય કોઇને તે પ્રાપ્ત થાય તે જોઈ જાણી મનમાં સંતોષ થાય, અતિ આનંદ થાય અને જરા પણ અસૂયા ન થાય એ ત્રીજો મુદિતા ભાવ.

ચોથો ઉપેક્ષા ભાવ માધ્યસ્થ્યયુક્ત હોય છે. એ પણ કરૂણાથી, અનુબંધથી, નિર્વેદથી અને તત્ત્વસારથી એમ ચાર પ્રકારે થાય છે. જેમ કોઈ અપથ્ય ખાનાર રોગી ઉપર કરૂણા આવવાથી તેને અપથ્ય સેવતાં અટકાવી શકાશે નહિ એમ ધારીને અથવા તેમ કરવાનો પોતાનો અધિકાર નથી એવા ખ્યાલમાં તેને અપથ્ય સેવવાના કાર્યથી નિવારણ કરવામાં ઉપેક્ષા કરે તે કરૂણાજન્યા ઉપેક્ષા: ભવિષ્યમાં શું પરિણામ થવું સંભવિત છે એમ વિચાર કરી કોઈ અમુક પ્રવૃત્તિ કરે તેને અટકાવવામાં યત્ન ન કરતા તે જેમ કરે તેમ કરવા દે તે અનુબન્ધાલોચકારી ઉપેક્ષા; સર્વ સુખ ભોગવી શકે તેવા સંયોગમાં હોય છતા નિર્વેદથી તેનું પરિણામ જોઇ તે સુખની ઉપેક્ષા કરે તે નિર્વેદજન્યા ઉપેક્ષા અને સુખ દુ:ખ કેવી રીતે થાય છે તેનો વિચાર કરી પોતાથી અન્ય સર્વ પ્રાણીઓને કાંઈ પણ સુખ દુ:ખ ન થાય એવા ઇચ્છાથી થયેલી ભાવના તે તત્ત્વસારા ઉપેક્ષા.

નિષ્પન્ન યોગી આ ચાર ભાવનાને અનુક્રમે સુખીની ઇર્ષ્યાનો ત્યાગ કરે છે (મૈત્રી), દુ:ખીની ઉપેક્ષાનો ત્યાગ કરે છે (કરૂણા), પુણ્યવાન્ પ્રાણી ઉપર દ્વેષ છોડી દે છે (મુદિતા) અને અધર્મી પ્રાણી ઉપર રાગદ્વેષ બન્ને તજી દે છે (ઉપેક્ષા). ઉપર જે વ્યાખ્યા આપેલી છે તેવા પ્રકારના અધ્યાત્મયોગથી કર્મપ્રકૃતિનો અને ખાસ કરીને પાપપ્રકૃતિનો ક્ષય થાય છે, વીર્યનો ઉત્કર્ષ થાય છે, ચિત્તની સમાધિ થાય છે, વસ્તુસ્વરૂપનો બોધ થાય છે અને અનુભવની જાગૃતિ થાય છે. આ પ્રથમ અધ્યાત્મ યોગનું સ્વરૂપ આ પ્રમાણે વિચારવું. એને માટે ગ્રંથાન્તરમાં બહુ વિવેચન છે તેપર અત્ર

ઉલ્લેખ કરવાનો અવકાશ નથી. પરંતુ એ કેવો મહત્વનો વિષય છે તે આટલી હકીકત ઉપરથી સમજવામાં આવી ગયું હશે. આવી રીતે યોગના સર્વ વિષયોપર વિવેચન કરવું જરૂરનું છે તેના અત્ર તો સંક્ષેપથી નામનિર્દેશ અને તેપર બહુ ટુંક વિવેચન થશે. પ્રસંગે વળી તેપર વિવેચનો ભવિષ્યમાં બની આવશે. વાચકો પોતાની મેળે સૂચવેલા ગ્રંથો ગીતાર્થ પાસે બરોબર સમજશે તો આ વિષય બહુ સારી રીતે સમજાશે. યોગ્ય પ્રયત્ન કરવાથી વિષય ધ્યાનમાં અને પ્રક્રિયામાં આવી શકે તેવો છે.

૨. ભાવના યોગ.

ભાવના યોગના સંબંધમાં અત્ર લંબાણથી વિવેચન કરવાની જરૂર નથી. જે અધ્યાત્મના વિષયમાં નિષ્ણાત થયેલ હોય તેણે દરરોજ વધારે વધારે અભ્યાસ પાડી વિચારણાપૂર્વક આત્મતત્વનું ચિંતવન કરવું અને અશુભ વિચારનો ત્યાગ કરવો એનું નામ ભાવના કહેવામાં આવે છે. અભ્યાસના સંબંધમાં એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે એ દીર્ઘ કાળ સુધી, આંતરા વગર અને આદરપૂર્વક સેવન કરવામાં આવે છે ત્યારે તે અભ્યાસને દ્રઢભૂમિ સ્થિર કરે છે. અહીં અભ્યાસ માટે ત્રણ વિશેષણો બતાવ્યા જે [illegible] છે અને વહે અભ્યાસથી [illegible] [illegible] સુધી ભાવના કરવાનું કહેવાનું [illegible]

છે, વિભાવ સંસ્કારો મંદ થાય છે અને એક ભાવના બીજી વિશિષ્ટ ભાવનાઓને જન્મ આપે છે અને એમ ઉત્તરોત્તર પ્રગતિ થતી જાય છે. અહીં ભાવના યોગમાં બાર ભાવના બતાવી છે તેનું સંક્ષિપ્ત સ્વરૂપ વિચારી જવુ પ્રાસંગિક ગણાશે.

બાર ભાવનાનું રહસ્ય

ભાવના યોગમાં બાર ભાવના ઉપર જણાવ્યું તેમ ખાસ અગત્યનો ભાગ બજાવે છે. જ્યાંસુધી ચિત્તમાં ભાવના આવતી નથી ત્યાંસુધી શાંતરસની રેલછેલ થતી નથી અને સાત્વિક ભાવ પ્રગટ થતો નથી. હૃદયને અસર કરનાર હોવાથી ભાવનાઓ યોગમાં ખાસ અગત્યનો ભાગ ભજવે છે. અનેક પ્રકારના મોહથી ચિત્તમાં વ્યાકુળતા રહ્યા કરે છે; એવી વિષાદગ્રસ્ત અવસ્થામાંથી ચિત્તને દૂર રાખનાર અને શાંત ભાવ પમાડનાર ભાવનાઓ વ્યાકુળતા દૂર કરે છે અને સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. આર્ત અને રૌદ્ર ધ્યાનમાં આસક્ત પ્રાણીઓ જ્યાંસુધી આ ભાવનાઓનો અભ્યાસ પાડતા નથી, વારંવાર તેને આદરતા નથી, નિરંતર તેમાં આસક્ત થતા નથી, ત્યાંસુધી વિભાવમાં આસક્ત ચિત્ત વારંવાર સંસાર તરફ ઘસડાઈ જાય છે, સંસારના ઉપર ઉપરથી ઉજળા લાગતા ભાવોમાં લપટાઈ જાય છે અને પરભાવમા સ્વબુદ્ધિ કરી તદ્રસિક થઈ પડે છે. શાંતરસ અતિ અદ્ભુત છે, મોક્ષસુખની વાનકી છે, સુખની પરિકાષ્ઠા છે, સ્થિરતાનું કેંદ્ર છે, શમનું સરોવર છે. એ સંસારભાવનું વિરસપણું શાંત પણ ચોકસ રીતે બતાવી ચેતનને ઉદાત્ત બનાવે છે, પ્રગતિમાં મૂકે છે અને તેનો પગ પ્રગતિમાં પાછો ન હઠે એવી મજબૂત પીઠિકા આપે છે. એ શાંત ભાવ બનાવવા સારૂ બાર ભાવના પર વિચાર કરવાનો છે. બહુ સંક્ષેપમા તેનું સ્વરૂપ આપણે અહીં જોશું તો તેપરથી તેની મહત્તા અતિ વિશિષ્ટ છે તે જણાશે.

૧. અનિત્ય ભાવના

પ્રથમ અનિત્ય ભાવનામાં પ્રાણી વિચારે છે કે આ સંસારમાં પ્રાણી સંપત્તિ ઉપર રાચે માચે છે પણ એ તો ચિરકાળ ટકતી નથી, અનેકને સંપત્તિ છોડી ચાલી જાય છે તે નજરે જોયું છે, ઘણા પ્રાણીઓ મોટી સંપત્તિના માલીક હોય તેને ભીખ માગતા જોયા છે—ત્યારે એવી અસ્થિર સંપત્તિ ઉપર આધાર કેમ રખાય? પ્રાણી પોતાના યૌવનમાં મસ્ત રહે છે પણ

તે કાયમ ટકતું નથી, વૃદ્ધાવસ્થા જરૂર પ્રાપ્ત થાય છે ત્યારે અથવા તે પહેલાં વ્યાધિથી શરીર ખરાબ થાય છે, શરીર પોતે અનિત્ય છે, અંતે પડવાનું છે અને કોઇનો અમરપટો અત્રે છે જ નહિ. આકાશમાં વિજળીનો ચમકારો થાય તેટલો વખત જ ટકે તેવી સંપત્તિ અથવા યૌવન ઉપર આધાર કેવી રીતે રાખી શકાય? ધર્મશાળાને ઘરનું ઘર માની તેમાં આસક્ત રહેનાર પ્રાણી વસ્તુસ્વરૂપ સમજ્યો નથી; પોતાની સાધારણ પુંજીના સરવાળા કર્યા કરનાર, સરવૈયાના આંકડા જોઈ રાજી થનાર પોતાનું શું છે તે તપાસવા ઊભો રહેતો નથી; પૃથ્વી કોઇની થઈ નથી, કોઈ સાથે ગઈ નથી અને અત્યાર સુધીમાં તેણે અનેક પતિઓ કર્યા છે. આ પ્રમાણે દરેક વસ્તુ માટે વિચારવું. વસ્તુ પોતે નિત્ય નથી અને નિત્ય સંબંધ ન હોય તે નકામો છે, જે સંબંધને પરિણામે અંતે વિયોગ જરૂર થાય તે કેવી રીતે કરવા યોગ્ય ગણી શકાય? અનુત્તર વૈમાનનાં અપૂર્વ સુખ ભોગવનાર દેવોનો અંતે ત્યાંથી પાત થાય છે અને થાય છે ત્યારે સુખ ભોગવેલું હોય છે તે પણ ફક્ત થઈ જાય છે અને પાછા ફરી દુઃખમાં અવતરવું પડે છે. વીજળી અને સંધ્યાના રંગનાં દૃષ્ટાંતો બહુ વિચાર કરીને સમજવા યોગ્ય છે. એ જેટલો વખત ચમકારો કરે છે કે રંગ આપે છે તેટલો વખત ઉપર ઉપરથી આનંદ આપે છે પણ તે ટકતા નથી. આમ સાંસારિક સર્વ વસ્તુઓમાં, વિષયમાં અને તેની પ્રવૃત્તિમાં જણાય છે એ બહુ સૂક્ષ્મ રીતે સમજવું. મિત્ર, મા', સ્વજન વિગેરે સર્વનો સમાગમ અનિત્ય છે, અને જરૂર વિયોગ થનાર છે અને [illegible] તો તે સ્વપ્ન અથવા [illegible] જેવો છે [illegible] તેટલી જ [illegible] છે, તેવી રીતે સ્વજન [illegible] અને [illegible] મનમાં અનેક [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] છે. [illegible] છે અને [illegible] [illegible] પણ [illegible] છે એ [illegible]

શરણ નથી, ટેકો નથી; તેને તેનાં પોતાનાં કર્મ પ્રમાણે આવવાનું જવાનું અને સ્થિર થવાનું બને છે અને કર્મ તેનાં અનેક પ્રકારના સારાં માઠાં ફળો આપ્યાં જ કરે છે. જે વખતે દ્વીપાયન ઋષિએ દ્વારિકાને સળગાવી તે વખતે જે પ્રાણીઓએ નેમનાથ સ્વામીનું શરણ કર્યું તે સર્વ બચી ગયા, બીજા બળી ગયા; એ પ્રમાણે આ સંસારદાવાનળમાં અન્યનું શરણ મળી શકતું નથી, જેઓ ધર્મનું-જિનવચનનું શરણ કરે છે તે ભવિષ્યમાં લાભ મેળવી શકે છે. આ અશરણ ભાવના આત્માને પોતાના ઉપર આધાર રાખતાં શીખવે છે. મોટા મોટા નવ નંદ વિગેરે રાજાઓ ચાલ્યા ગયા, પણ તેની કરેલી સુવર્ણની ડુંગરીઓ તો અહીં જ રહી ગઈ, ચક્રવર્તીઓ ગયા પણ તેણે સાધેલા છ ખંડ ને ચૌદ રત્નાદિ અહીં જ રહ્યાં. એ સર્વ જોતાં બહારથી કોઈનું શરણ આવી શકતું નથી એ વાત સ્પષ્ટ થાય છે.

૩ સંસાર ભાવના. ત્રીજી સંસાર ભાવનામાં સંસારનું સ્વરૂપ વિચારે છે. આ પ્રાણી કર્મને વશ પડીને સંસારમાં કેવા કેવા નાચો નાચે છે તેનો વિચાર જરા અવલોકનદૃષ્ટિથી કરવા યોગ્ય છે. આ જીવના ભ્રમણો જુએ તો તે અનેક કુગતિમાં-દુર્ગતિમાં ગયો છે: કોઈવાર પૃથ્વી અપ, અગ્નિ, વાયુમાં રખડ્યો, વનસ્પતિમાં ફર્યો, ટકાનો ત્રણ શેર વેચાયો, બે ત્રણ ચાર ઇંદ્રિયોવાળા જીવોમાં ગયો, તિર્યંચના અનેક વેશો લીધા, ઉપર ગયો, નીચે આવ્યો, નાટકો ખેલ્યો, નારકીમાં રખડ્યો, દેવતામાં [illegible] મનુષ્યગતિમાં અનેક [illegible] એવી રીતે અનેક [illegible] કુટાયો, અને [illegible] અનેક પ્રકારના [illegible] પણ એક [illegible] અનુભવ્યા. અનેક [illegible] એણે [illegible] એની [illegible] અનેક પ્રકાર [illegible] લીધાં, [illegible] અનેક પ્રકારનાં [illegible] એણે અનેક [illegible] ક્રોધ [illegible] અને [illegible] હરેક પ્રકારની [illegible] કરી, [illegible] હરેક ગતિમાં [illegible] વશ થઈ [illegible] પ્રકારના નાટક [illegible] અને પોતાને [illegible] પ્રત્યેક [illegible]

તો તેમાં વળી તેણે અનેક રંગો જંમાવ્ય હોય એમ દેખાઈ આવશે. પ્રાણીએ કર્મને વશ થઈ કેટલા નિસાસાઓ મૂક્યા હશે, આનંદ માન્યા હશે અને ધકેલા ખાધા હશે એનો વિચાર કરતાં ત્રાસ આવે તેમ છે. પ્રાણીને આ સંસારમાં એક ચિંતા મટે છે ત્યાં બીજી થાય છે, એક બાબતપર જરા પગ સ્થિર થાય છે ત્યાં બીજી ત્રણ ઉપાધિઓ વધે છે. આવી રીતે સાચાખોટા વ્યવહારમાં, બહારના દેખાવમાં, ધામધુમમાં, ગપાટા મારવામાં, બડાશો હાંકવામાં અને એવી અનેક ક્ષુદ્રક બાબતોમાં ભવના ભવ ચાલ્યા જાય છે અને પ્રાણી આટો અવળો પડતો આખડતો સંસારના ચિત્ર વિચિત્ર પવનનો અનુભવ કર્યા કરે છે. આ સસાર ભાવના ભાવવી એટલે આખા સંસારનું ચિત્ર આત્મા પાસે રજુ કરવું. એમ કરવા માટે લેખની જરૂર નથી, જરા આજુબાજુ-આગળ પાછળ જુઓ-આખી સંસાર ભાવના રજુ કરી શકાશે. માત્ર ઉદાસીન ભાવે વસ્તુસ્વરૂપ ઓળખવાના વિશુદ્ધ ઇરાદાથી એમાં પ્રયાણ કરતાં બહુ સત્ય સમજાશે, રહસ્યજ્ઞાન પ્રાપ્ત થશે અને પોતાનું સ્થાન શું છે તેનો ખ્યાલ આવશે. સંસારમાં ગતિ આગતિ, સંબંધની વિચિત્રતા, પિતાનું પુત્ર થવું, પુત્રનું પિતા થવું, માતાનું સ્રી થવું, સ્રીનું માતા થવું ઇત્યાદિ ફેરફારો, સુખનો અપૂર્ણ ખ્યાલ, બાળબુદ્ધિનાં કાર્યો વિગેરે તથા ઇંદ્રિયોનું જોર, વિકારોનું સામ્રાજ્ય અને સાથે પ્રગતિનાં સર્વ તત્ત્વો આ ભાવનામાં જણાશે. વિચારણાપૂર્વક વિશાળ અવલોકન કરવાથી આ ભાવનાનું રહસ્ય પ્રાપ્ત થાય તેમ છે.

૪ એકત્વ ભાવના

ચોથી એકત્વ ભાવનામાં પ્રાણી વિચારે છે કે અત્ર સંબંધ થયા છે તે પર છે તેની સાથે વાસ્તવિક રીતે પ્રાણીને સબંધ નથી સર્વ સબંધજ સંબંધ વગરના છે. ચેતન પોતે એકલો છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. એનું કોઈ નથી, એ કોઇનો નથી, બીજા તેને પોતાનો કહે છે, તે બીજાને પોતાના માને છે, તે સર્વ ખોટુ છે, તેમજ કોઈ વસ્તુ પણ તેની નથી. આ રીતનો વિચાર તે જરા પણ દીન થયા વગર કરે છે. જંગલમાં સિંહ એકલોજ હોય છે, તેને એમ થતું નથી કે હું એકલો છું, તેને એમ થાય છે કે હું રાજા છું. તેમ પ્રાણી એકત્વ ભાવના ભાવે ત્યારે તેને એમ થાય છે કે કર્મને લીધે પ્રાપ્ત થયેલ સંબંધ માત્ર અનિત્ય

છે, પોતાને તેની સાથે કાંઈ લાગતું વળગતું નથી. મોટા મોટા ચક્રવર્તીઓ પણ આખરે એકલા ગયા છે, કોઈ અથવા કંઈ તેઓ સાથે ગયું નથી. સચ્ચિદાનંદઘનસ્વરૂપી જ્ઞાન દર્શન ચારિત્રમય અનેક સદ્ગુણોનું ધામ અંતરાત્મદશામાં રમણ કરનાર ચેતન એકલો છે, એક છે, અપર છે. એને પર સંબંધ થયો છે તે બહારનો છે, ઉપર ઉપરનો છે, પરકૃત છે અને પરભાવ છે. એને એના સ્વભાવમાં આણતા તે વસ્તુસ્વરૂપમાં રમણ કરશે, પરભાવને ત્યાગી દેશે અને અખંડ આનંદનું ધામ બની એકલો નીકળી જશે. અહીં સંબંધ કરે છે ત્યારે પણ તેમાં તેનો એકત્વ ભાવ તો સંબંધના અસ્થિરપણાને અંગે પણ સ્પષ્ટ જણાય છે. ચેતનની એકતા વિચારવાની આ ભાવનામાં પુરૂષાર્થને બહુ માર્ગ મળે છે, ચેતન અત્યંત ઉદાત્ત દશાનો અનુભવ કરે છે અને એનું સાધ્ય-માહાત્મ્ય સ્થાન એને સ્પષ્ટ દર્શન આપે છે અને ત્યાં યોગસિંહાસનપર અત્યંત આનંદ વર્ષાવનાર શુદ્ધ કાંચન સ્વરૂપી રત્નત્રયધારી ચેતનરાજને-પોતાને અસલ સ્વરૂપે બિરાજમાન થયેલ તે જુએ છે. એકથી વધારે મળે ત્યાં કલહ થાય છે એ દૃષ્ટાંત બતાવનાર દાહજ્વરપીડિત નમિ રાજર્ષિની પાંચશે ઓઓ જ્યારે કકણ કાઢી નાખે છે ત્યારે જે બોધ થાય છે તે જીવનના પ્રત્યેક બનાવો બતાવી આપે તેમ છે, આખો ઉઘાડી હૃદયચક્ષુદ્વારા તેની વિચારણા કરી જોવા યોગ્ય છે અને કરવાથી સત્ય રહસ્ય સમજાય તેમ છે. એવી રીતે વિચારણા કરનાર ચેતનરાજનો એકત્વ ભાવ બહુ

આવે છે અને પ્રાણીને સંસારમાં ભટકાવે છે અને એ સર્વને પ્રવર્તાવનાર મન વચન કાયાના યોગો બહુ રીતે પ્રાણીને ફસાવે છે. આવી રીતે ઇંદ્રિયો, અવ્રતો, કષાયો અને યોગો તેમજ ક્રિયાઓના પ્રકારપર વિસ્તારથી વિચાર કરવો, તેના અનેક ભેદો, ભેદોના ભેદો, તેઓની સ્થિતિ અને ચેતનજીપર તેની અસર કેવી, કેમ, શામાટે અને કેટલા પૂરતી થાય છે તેપર વિચાર કરવો, તેઓનાં ફળનો નિર્ધાર કરવો અને તેઓથી થતી અતિ ક્લિષ્ટ ભવસંતતિ સમજવી એ આ આશ્રવ ભાવનાનું કેંદ્ર છે. પ્રથમની છ ભાવના કરતાં જૂદી રીતે આ ભાવના તત્ત્વરમણતા કરાવે છે અને બહુ અગત્યની વિચારશ્રેણી પૂરી પાડી પ્રાણીને વસ્તુસ્વરૂપ તેના યથાસ્થિત આકારમાં સમજાવે છે. ઇંદ્રિયોના પ્રત્યેક વિષયો કે કષાયના વિભાગો બહુ વિચાર કરવાનું વિશાળ ક્ષેત્ર પૂરૂં પાડે છે. પચીશ ક્રિયાઓ એવી યોગ્ય રીતે ગોઠવી છે કે આ પ્રવૃત્તિના જમાનામાં તેનો વિચાર બહુ લાભ કરે, વસ્તુસ્વરૂપ સમજાવે અને પ્રાણીને શુદ્ધ ઉપયોગમાં રાખે. એવી અનેક વિચાર કરવા યોગ્ય બાબતો તે સમજાવે છે. હિંસાદિનું સ્વરૂપ, તેના ભેદો, દરેક વ્રતના પાંચ પાંચ અતિચારો, દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ, મન વચન કાયાના યોગોના પંદર ભેદ વિગેરે બાબતો બહુ વિચારવા યોગ્ય છે. એ સર્વ કેવી રીતે કર્મસમૂહને ખેંચી લાવીને ચેતનને કેવો ભારે કરે છે તે બહુ બહુ પ્રકારે વિચારી ભાવનાનો વિષય કરવા યોગ્ય છે. ત્યાં મુખ્યત્વે કરીને પાંચ ઇંદ્રિયો, પાંચ અવ્રત, ચાર કષાય, ત્રણ યોગ અને પચીશ ક્રિયા એમ બેતાલીશ આશ્રવના ભેદ પડે છે. આ ભાવનામાં તેપર વિસ્તારથી વિચાર કરવાનો છે.

૮. સંવર ભાવના

આઠમી સંવર ભાવનામાં કર્મને આવવાનાં દ્વાર રોકવાની વિચારણા છે. આશ્રવરૂપ ગરનાળાની આડા દ્વાર બંધ કરી દેવાથી જીવરૂપ તળાવમા કર્મરૂપ નવીન જળ આવતું બંધ થાય છે. તે દ્વારો વિચારવારૂપ તત્ત્વચિંતન આ ભાવના પૂરૂં પાડે છે. એને માટે અનેક માર્ગો બતાવ્યા છે. સત્તર પ્રકારે સંયમ કરવાથી આશ્રવદ્વાર બંધ થાય છે. પાંચ ઇંદ્રિયોપર જય કરવો, પાંચ મહાવ્રત આદરવાં, ચાર કષાયનો જય કરવો અને મન વચન કાયાના યોગોપર અંકુશ લાવવો એ સત્તર પ્રકારે સંયમ છે.

દશ યતિધર્મો પણ એજ રીતે સંવરદ્વાર બતાવે છે. ક્ષમા, મા
(માર્દવ), માયાત્યાગ (આર્જવ), સંતોષ, તપ, સંયમ, સત્ય,
અકિંચનત્વ અને બ્રહ્મચર્ય એ દશ યતિધર્મો છે, સાધુધર્મનો
વિષય છે અને કર્મને રોકનાર છે. પાંચ સમિતિમાં ચાલતાં
લેતાં મૂકતાં ઉપયોગ રાખવાનું સૂચવે છે અને ત્રણ ગુપ્તિમ
વચન કાયાના યોગોપર અંકુશ આવે છે. એ પાંચ સમિતિ
ગુપ્તિને અષ્ટ પ્રવચનમાતા કહેવામાં આવે છે. એ પણ સં
આ બાર ભાવનાઓ પણ સંવરનો વિષય છે. બાવીશ પ્રકારન
પરિષહો સહન કરવા એથી પણ સંવર થાય છે. પોતાના ગુણ વ
તેટલા માટે વધારે આગળના ગુણનો વિચાર કરવો, તેની
ભાવવી અને તેનું આદર્શ ચિત્રવું-એ ગુણપ્રાપ્તિ માટે
જરૂરનો વિષય છે. માર્ગાનુસારી શ્રાદ્ધગુણ ક્યારે મળશે એમ
છે, શ્રાદ્ધ સાધુજીવનની ભાવના કરે છે, સાધુ પ્રતિમાવહનનો
કરે છે અને એવી રીતે ઉત્તરોત્તર વિશિષ્ટ ગુણોની ભાવના ચ
આ સંવર ભાવનાના વિષયો ચેતનને શાન્ત બનાવી તેની પ્રગ
સારી રીતે વધારી મૂકે છે અને તેના વિષયો એટલા વિશાળ
અગત્યના છે કે જેમ જેમ તેનાપર ઉહાપોહ કરવામાં આવે તે
તે ઘણી નવી નવી હકીકતોપર પ્રકાશ પાડતા જાય છે. અહીં દરે
તેના સેદ્ધાન્ત સ્વરૂપપર વિચારણા કરી નથી, તેમ કરવા જતા વિષ
લાંબો થઈ જાય, પરન્તુ એની પ્રત્યેક હકીકત બહુ વિચારવા
હકીકત પૂરી પાડે છે. શાસ્ત્રના એપર બહુ વિવેચન છે ર
સર્વ સમજીને ખાસ વિચારવા યોગ્ય છે પોતાના જીવનના
વિભાગને આ ભાવનાઓના વિષયે અનેર કરનાર છે તથી તેને
એટલે વિચાર કરવાના [illegible] તેટલો યોગ્ય છે, પ્રવર્તન રથ
એ લક્ષ્યમાં રાખવું [illegible] સ્વરૂપ [illegible] આશ્રવરૂપ ગરના
કર્મરૂપ નવીન જળ આવતું અટકી જાય [illegible] થઈ જાય છ
આવતું જ નથી એટલી વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય

નવમી નિર્જરા ભાવના કર્મને કેવી રીતે વીખેરી

નવમ ભાવના

એની વિચારણા ચાલે છે [illegible] તરફથી નવીન ક
આવતું અટકે છે, પણ અગાઉ જે [illegible]

વમાં ભરાઈ ગયું હોય છે તેને શોધવા માટે-પંપ કરવા માટે યંત્રની જરૂર છે અને તે નિર્જરા ભાવના પૂરું પાડે છે. નિકાચિત કર્મોને પણ ખેરવી નાખનાર આ ભાવનામાં તપનો મહિમા ખાસ વિચારવા યોગ્ય છે. જેમ કપડા ઉપર મેલ લાગ્યો હોય તે ઝાપટવાથી ખરી પડે છે તેમ તપના પ્રભાવથી આત્મા સાથે લાગેલાં કર્મો ખરી પડે છે અને તેથી તપ બહુ અગત્યનો વિષય છે. એકઠાં કરેલાં કર્મોને દૂર કરવાનો તપ સિવાય અન્ય માર્ગ નથી અને ભારે થયેલ આત્માને હલકો કરવાનો તે સિવાય અન્ય ઉપાય નથી. આ તપના વિષયના બે મુખ્ય વિભાગ છેઃ બાહ્ય અને અભ્યંતર. ઉપવાસાદિ તપ કરવો તે અનશન, ઓછું ખાવું તે ઉણોદરિકા, દ્રવ્યનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ, રસવાળી વસ્તુઓનો ત્યાગ તે રસત્યાગ, લોચાદિ કષ્ટ સહન કરવાં તે કાયક્લેશ અને શરીરનાં અંગોપાંગ સંકોચી રાખવાં તે સંલીનતા—આ છ બાહ્ય તપ છે, એ શરીરને સીધી અને આડકતરી અસર કરે છે અને રજોગુણ તમોગુણ અલ્પ કરી સત્ત્વગુણ વધારે છે તેટલા માટે મનોયોગમાં પણ અગત્યનો ભાગ ભજવે છે. ખાસ કરીને એથી ઇંદ્રિયોપર સંયમ સારી રીતે આવી જાય છે. અભ્યંતર તપ એથી વધારે અગત્યનો વિષય છે. કરેલ પાપ માટે પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત્ત અધિકારી વડીલ પાસે લેવું એ પ્રાયશ્ચિત્ત, વડિલને યોગ્ય માન આપવું તે વિનય, બાલ વૃદ્ધ ગ્લાનની સેવા કરવી તે વૈયાવચ્ચ, પુસ્તકઅધ્યયન પુનરાવર્તન ચર્ચા કથા આદિ કરવા તે સ્વાધ્યાય, ધર્મ શુક્લ ધ્યાન ધ્યાવવાં તે ધ્યાન અને કર્મક્ષય માટે કાયોત્સર્ગ કરવો તે ઉત્સર્ગ. આવી રીતે બાહ્ય અને અભ્યંતર તપથી અનેક કર્મો બળી જાય છે, ખરી જાય છે, ચાલ્યાં જાય છે. એ બાર પ્રકારનાં તપના સંબંધમાં બહુ વિસ્તારથી વિચાર કરવો એ આ ભાવનામાં આવે છે. દૃઢપ્રહારી જેવા મહાપાપી આ ભાવનાના આશ્રયથી પોતાનું કાર્ય સાધી ગયા એવાં દૃષ્ટાંતો આ ભાવનાનું રહસ્ય બતાવી આપે છે. તપ (બાહ્ય) કેવી રીતે કરવો તે માટે શાસ્ત્રમાં વિધિ બતાવી છે એ સર્વની ભાવના થઈ શકે છે. અભ્યંતર તપ વધારે અગત્યનો છે અને ખાસ વિચારવા યોગ્ય છે. એના અનેક ભેદોપભેદ થાય છે. એ સર્વનો આ ભાવનામાં વિચાર કરવાનો છે.

દશમી લોકસ્વરૂપ ભાવનામાં લોકનું સ્વરૂપ વિચારવામાં [illegible]
૧૦ લોકસ્વરૂપ ભાવના છે. નીચે એક બીજાથી નીચે નીચે સાત [illegible]
પૃથ્વી છે, વચ્ચે તિર્યગ્ લોક છે તેમાં મનુષ્ય [illegible]
જ્યોતિષી છે અને ઉપર બાર દેવલોક ગ્રૈવેયક અને અનુત્તર વૈમા[illegible]
સર્વથી ઉપર લોકને છેડે સિદ્ધસ્થાન છે. આ સર્વ મળીને ચૌદ [illegible]
લોક થાય છે, તેનો કેડે હાથ દઈ ઊભેલ પુરૂષ જેવો આકાર [illegible]
કટિની નીચે સાત નારકીઓ છે, કંદોરાસ્થાને તિર્યક્ લોક છે, [illegible]
ભાગે દેવલોકો છે અને મુખ ઉપર અનુત્તર વૈમાન અને કપ[illegible]
સ્થાને સિદ્ધસ્થાન છે. સાત રાજ નીચે પહોળાઈ છે, તિર્યક્ લોક [illegible]
રાજપ્રમાણ પહોળો લાંબો છે. પાંચ રાજપ્રમાણ દેવલોક[illegible]
ભાગમાં વચ્ચે પહોળાઈ છે, અનુત્તર વિમાન પાસે એક રાજ [illegible]
ળાઈ છે અને ૪૫ લાખ યોજન વિસ્તારવાળી સિદ્ધશિલા છે. [illegible]
નીચે પહોળાઈમાં સાત રાજપ્રમાણ સમમ નારકસ્થાન છે, [illegible]
એક એક રાજ ઘટતું જાય છે, તિર્યક્ લોક એક રાજ પહોળો [illegible]
આ ચૌદ રાજલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિ[illegible]
કાળ, પુદ્ગળાસ્તિકાય અને જીવ એમ છ દ્રવ્ય રહેલા છે. આ[illegible]
આગળ અલોકમાં માત્ર એક આકાશ દ્રવ્ય જ છે. જીવ અને [illegible]
ગળનું ચૌદ રાજલોક નાટ્યસ્થાન છે, રંગભૂમિ છે. એમાં એક [illegible]
એથી બીજી જગોએ પ્રાણી ને પુદ્ગળ ભમ્યા કરે છે. નારકસ્થાં[illegible]
મહા દુઃખ છે, સુરાલયે[illegible] સુખ છે. એમા અનેક પ્રકારના [illegible]
નિરંતર [illegible] કરે છે, [illegible] પ્રાણીઓ અને [illegible]
[illegible]

[illegible]

વિચારતાં આખી વિશ્વવ્યવસ્થાનું ભાન થાય છે, એનો અકૃત્રિમ ભાવ સ્પષ્ટ થાય છે અને એનું અનાદિ અનંત સ્વરૂપ ઝળકે છે. એપર અનેક પ્રકારની વિચારણા આ ભાવનામાં થાય છે અને સંસાર અરઘટ્ટપર ખરેખરો ખેદ આવે છે, અવલોકન વિશાળ થાય છે અને વિશાળ વિશ્વમાં પોતાનું સ્થાન કયું છે અને કેવા સ્થાનને પ્રાપ્ત કરવાની પોતામાં શક્તિ છે તેનો ખરો ખ્યાલ આવે છે.

૧૧. બોધિ ભાવના

અગિયારમી બોધિ ભાવનામાં પ્રાણી વિચારે છે કે નિગોદમાંથી નીકળીને ઊંચા આવવું તે પ્રથમ તો પ્રાણીને બહુ દુર્લભ છે. અકામ નિર્જરા થઈ જતાં નદીગોળ પાષાણન્યાયથી વ્યવહાર રાશિમાં આવી અનેક રીતે અથડાતાં પછડાતાં પ્રાણી બાદર એકેંદ્રિયમાં આવી, વિકલેંદ્રિયમાં થઈ, તિર્યંચગતિમાં ભમતો ભમતો મનુષ્યગતિમાં આવે છે. અહીં સુધી પહોંચવું જ પ્રથમ દરજ્જે ઘણું મુશ્કેલ છે. આવી મુશ્કેલીથી પ્રાપ્ત થયેલ મનુષ્યભવ પણ ઘણા પ્રાણીઓ કેવી રીતે ગુમાવી નાખે છે અથવા નકામો બનાવી મૂકે છે તે વિચારવા યોગ્ય છે. જો અનાર્ય કુળમાં જન્મ થાય તો નકામી રીતે ભવ પૂર્ણ થાય છે, સુંદર દેશ કે ઉચ્ચ કુળ પ્રાપ્ત થાય તોપણ ત્યાં સદ્ગુરુનો યોગ થવો, ધર્મ ઉપર શ્રદ્ધા થવી, શરીરનું સ્વાસ્થ્ય રહેવું, યોગ્ય સામગ્રી મળવી એ સર્વ દુર્લભ છે. ખાવા પીવાની મોજો ઉડાવવામાં, નકામી કુથળી કરવામાં, રાજદ્વારી વાતોના ગપ્પા મારવામાં, પારકી નિંદા કરવામાં, ખાવા પીવાનાં સાધનો યોજવામાં, તેવાં સાધનોનો લાભ લેવામાં અને એવી અનેક બાબતમાં ભવ પૂર્ણ થાય છે, સંસારના કલહો, નકામી ખટપટ વિગેરેમાં આયુષ્ય ચાલ્યું જાય છે, ધર્મની વાત ચાલે ત્યાં ઝોકાં આવે છે, ધર્મ કરવાના પ્રસંગ આવે ત્યાં મન સંસારમાં ચાલ્યું જાય છે—આવી રીતે ઘણાખરા પ્રાણીઓ પોતાનું કર્તવ્ય શું છે તે વિચારી શકતા નથી, મનુષ્યભવની કિંમત સમજતા નથી અને પ્રાપ્ત થયેલા ધર્મનું દુર્લભપણું જાણી શકતા નથી. આ બોધિરત્નનું સ્વરૂપ વિચારવું અને ખાસ કરીને એનું મુશ્કેલીથી પ્રાપ્ત થવાપણું વિચારવું એ આ ભાવનાનું ખાસ સ્વરૂપ છે. ખાસ કરીને વર્તમાન યુગ એવો વર્તે છે કે એમાં જીવનકલહ વિશેષ છે, બાહ્ય ભાવમાં ખેંચાણ વધારે થાય તેવા

પ્રસંગો છે અને જીવનનાં હેતુઓ અને સાધ્યો પાશ્ચાત્ય સંસર્ગથી ફરી ગયાં છે-તેવા વખતમાં બોધિરત્નની પ્રાપ્તિ વિશેષ દુર્લભ છે એ આ ભાવનામાં ખાસ વિચારવાનુ છે.

૧૨. ધર્મ ભાવના

બારમી ધર્મ ભાવનામાં ધર્મથી પ્રાણીને કેટલું હિત થાય છે તે પર વિચારણા ચાલે છે. દુર્ગતિમાં પડતાં ધારણ કરી રાખનાર ધર્મ દુઃખીનો આશ્રય છે, દીનનો બંધુ છે, આપત્તિમાં મિત્ર છે, સુખમાં સાથી છે અને એકંદરે મહા સુખ આપનાર છે. જે જે સામગ્રીવિશેષતા પ્રાપ્ત થઈ હોય, શરીર, સ્ત્રી, પુત્ર, ધનાદિની વિપુલતા થઈ હોય, સ્વરૂપ સમજવા યોગ્ય મગજ મળ્યું હોય-એ સર્વ એનો પ્રભાવ છે. ધર્મ એ કલ્પવૃક્ષ છે, એનાથી સર્વ પ્રકારનાં વાંછિત ફળે છે અને એનાથી સર્વ સંપત્તિ આવી મળે છે દાન, શીલ, તપ અને ભાવરૂપ, ક્ષમા આદિ દશ યતિ ધર્મરૂપ અથવા બીજા અનેક ગુણરૂપ આ ધર્મનુ સ્વરૂપ વિચારતાં મનમાં એક એવા પ્રકારનો આનંદ આવે છે કે જેવો આનંદ સ્થૂલ વિષયોના અનુભવમા કદિ પણ આવી શકતો નથી. ધર્મનો પ્રભાવ અદ્ભુત છે, એના રસ્તા સીધા છે અને એના પ્રતાપ આન્તર સ્નેહોત્પાદક છે, એને સેવતા અતિ આનંદ આવે છે અને ફળ અતિ ઉત્તમ થાય છે. આ ધર્મ ભાવનાનો વિચાર કરતાં અનેક પ્રાણીઓને બહુ લાભ થયો છે.

[illegible]

૩. ધ્યાન યોગ.

ધ્યાન નામનો યોગ ભાવનાથી પણ આગળ પ્રગતિ બતાવે છે. સ્થિર પ્રદીપ સદૃશ જ્ઞાનમાં પોતાથી વિપરીત બાબતને ટાળી દઈને લક્ષ્ય બાબતને જ ઉદ્દેશીને જે પ્રશાન્ત અર્થબોધ થાય અને સૂક્ષ્મ બોધથી સહિત હોય તેને ધ્યાન યોગ કહેવામાં આવે છે. એનું તાત્પર્ય એ છે કે ધ્યાન યોગમાં એકાગ્રતા એક બાબતમાં એટલી બધી થાય છે કે પછી તેને અન્ય બાબતપર વિચાર થતો નથી અને બોધ ઘણો ઊંડો થઈ જાય છે. ચિત્તના આઠ દોષોનો અહીં અનુક્રમે નાશ થતો જાય છે તેથી ધ્યાન યોગ ક્રમે ક્રમે બહુ વૃદ્ધિ પામતો જાય છે. એ આઠ દોષ નીચે પ્રમાણે છેઃ ૧. ખેદ. પ્રવૃત્તિ કરવાથી થાક લાગે તે ખેદ. આવો ખેદ જેને થયા કરે છે તેને પ્રણિધાનમાં ચિત્તની એકાગ્રતા થતી નથી તેથી ખેદનો અત્ર ત્યાગ થવાનું સૂચવન કર્યું છે. ૨. ઉદ્વેગઃ પ્રાણીઓને યોગના ઉપર અનાદર થાય તેને ઉદ્વેગ કહેવામાં આવે છે. શ્રીમાન્ કુટુંબમાં જન્મ થયો વગેરે યોગને બાધા કરવાના નિમિત્તભૂત થાય છે. ઉદ્વેગથી પ્રવૃત્તિ ન કરી શકે. ૩ ભ્રમઃ મનમાં વિપર્યય થવો તે. શુક્તિમાં રૂપાનું જ્ઞાન, રજ્જુમાં સર્પનું જ્ઞાન વિગેરે. આ કામ મેં કર્યું છે કે નહિ, ક્યારે કર્યું વિગેરે શંકાની વાસના થવી તે. યોગ્ય સંસ્કાર વગર ધ્યાન કરવા બાદ પણ મનમાં સમજે કે મેં યોગ કર્યો છે એવી વિભ્રાન્તિને ભ્રમ કહેવામાં આવે છે. ૪. ઉત્થાનઃ પ્રશાન્તવાહિતા એનું રૂપ વર્ણન આગળ આવ્યું છે તેનો અત્ર અભાવ હોવાથી મનનો ઉદ્રેક થવાથી [illegible] પૂરું ધ્યાન કરે તેનો ત્યાગને [illegible] અહીં પ્રાપ્ત થાય છે અહીં વર્ણન [illegible] રીતે [illegible] ગુણના અભાવથી તેનો ત્યાગ [illegible] ૫. ક્ષેપઃ ક્રિયા કરતા કરતા વચ્ચે બીજી ક્રિયા કરવા [illegible] એક બાબતમાં ચિત્ત સ્થિર કરવું નહિ. [illegible] ક્રિયા [illegible] અમુક ક્રિયા ચાલતી હોય તેમાંજ એકાગ્રતા કરવાની કહી છે, એ અન્તરિત અથવા એકાગ્રતા વગર બીજી ક્રિયામાં પણ લક્ષ્ય આપવામાં આવે તો ધ્યાનભ્રષ્ટ થવાય છે. એવી [illegible] વૃત્તિ [illegible] જનારને [illegible] ઉત્તરોત્તર [illegible]

હુંડાની પેઠે યોગને અંગે કોઈ ફળ પ્રાપ્ત થતું નથી. ૬. આસંગઃ
આદરેલ અનુષ્ઠાનમાંજ તત્પરના રહે, આગળ પરિણામ અને પ્રવૃત્તિમાં
પ્રગતિ કરવાનું લક્ષ્ય રહે નહિ તેને આસંગ કહે છે. અહીં અનાત્મમાં
આત્મબુદ્ધિ થવાથી અસંગક્રિયા અનુષ્ઠાન થતું નથી. એ અનુષ્ઠાન
જેને અમૃતક્રિયા કહેવામાં આવે છે અને જેપર યોગભૂમિકામાં ઉપર
વિવેચન થઈ ગયું છે તેથી હલકું છે અને જ્યાંસુધી અમૃતક્રિયા ન થાય
ત્યાંસુધી મોહનો નાશ થતો ન હોવાથી પ્રગતિ થતી નથી, માત્ર સામાન્ય
લાભ થાય છે, પણ જે ગુણસ્થાનકમાં પ્રાણી વર્તતો હોય છે ત્યાં જ
તે રહે છે, આગળ વધતો નથી. ૭ અન્યમુદ્: જે વિહિત ક્રિયા યથાવ-
સર બતાવી હોય તેનાથી અન્ય ક્રિયાઓ ઉપર રાગ: એટલે શિષ્ટ
પુરૂષોએ પ્રતિક્રમણ, પડિલેહણ, ચૈત્યવંદન, સ્વાધ્યાય વિગેરે ક્રિયાઓ
બતાવી છે તેમાંથી જે કરાતી હોય તેના ઉપર રાગ ન થતાં તેથી
આગળની બીજી ક્રિયા કરવાની વૃત્તિ અને કરાતી ક્રિયા ઉપર
અનાદર અથવા અબહુમાન* ૮ રૂગ્: સમ્યગ્ અનુષ્ઠાનનો સર્વથા
ઉચ્છેદ કરવો; તે લાભ કરનાર હોઈ શકે જ નહિ એવો નિર્ણય કરવો
અને અન્યને તેવો ઉપદેશ આપવો. આ આઠ પ્રકારની મનની

સ્થિતિ જ્યાંસુધી વર્તતી હોય છે ત્યાંસુધી કદિ પણ ધ્યાનયોગની પ્રાપ્તિ* થતી નથી. જે શાંત ઉદાત્ત પ્રાણી ચિત્તના આ આઠ દોષોનો ત્યાગ કરે છે અને તેને આડકતરી રીતે પણ સ્પર્શ ન થઈ જાય એવી ભાવના બરાબર વિચારપૂર્વક રાખે છે તેને જ ધ્યાનયોગની પ્રાપ્તિ થાય છે.

આ ધ્યાનયોગનાં ત્રણ મોટાં ફળ છે. એ ખાસ ધ્યાન ખેંચનારાં હોવાથી અત્ર તેનાં નામનિર્દેશ કરી આ ધ્યાનયોગનો વિષય પૂર્ણ કરીએ. ત્યાં ધ્યાનનું પ્રથમ ફળ સર્વ ઇંદ્રિયાદિપર સંયમ થઈ જવાથી પરતંત્રતા મટી જઈ સ્વાયત્તતા આવે છે એટલે અત્યાર સુધી પ્રાણીને સર્વ બાબતમાં ઇંદ્રિયો ઉપર અથવા અન્ય મનુષ્યની કૃપા દયા કે પ્રેમ ઉપર આધાર રાખવો પડતો હોય છે તે સર્વ મટી જઇ પોતાને સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે અને તેને અન્ય પ્રાણીની કે પુદ્ગળની ગરજ પડતી નથી. અહીં તાત્પર્ય એમ નથી કે એ સર્વ પુદ્ગળસંબંધ છોડી દે છે, પણ વાત એમ છે કે પુદ્ગળ ઉપર ગૃદ્ધિ ન હોવાથી અને આશીભાવનો ત્યાગ થવાથી તેને પૂર્ણ સ્વતંત્રતા, સ્વવશતા, આત્માયત્તતા પ્રાપ્ત થાય છે. આ ધ્યાનયોગના બીજા ફળ તરીકે અંતઃકરણના પરિણામનું નિશ્ચળપણું પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી જે મન ડામાડોળ ફર્યા કરતું હતું, મનના ઘોડા દોડ્યા કરતા હતા તે હવે બંધ થઈ જાય છે, અને ચિત્તની શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત થાય છે, કારણ કે એકાગ્રતા, એ ધ્યાનનો ખાસ વિષય છે અને એકાગ્રતાને પરિણામે ચિત્તની નિશ્ચળતા થાય છે. એ ધ્યાનયોગનું ત્રીજું ફળ અનુબંધનો વ્યવચ્છેદ થાય છે એટલે સંસારને વધારનાર કર્મોના ગ્રહણનો તેથી અંત આવે છે. જ્યાંસુધી ધ્યાનયોગ રહે છે ત્યાંસુધી બહુ ઉચ્ચ દશા વર્તે છે અને કર્મની નિર્જરા થાય છે અને તેથી વિચારણા એવી સુંદર થાય છે કે કર્માર્જન થાય એવી સ્થિતિથી દૂર રહેવાનો નિશ્ચય થઈ જાય છે. આટલા માટે શાસ્ત્રકાર અપાયવિચય અને વિપાકવિચય ધ્યાનો જેનું સ્વરૂપ હવે પછી વિસ્તારથી વિચારવામાં આવશે તે બતાવે છે.

---

* આ આઠ દોષનું વિસ્તારથી સ્વરૂપ ચૌદમા ષોડશકમાં જોવું. સદરહુ ગ્રંથ દે. લા. ગ્રંથમાળામાં છપાયો છે. હરિભદ્રસૂરિ તેના કર્તા છે અને તેનાપર ઉપાધ્યાયજી તથા યશોભદ્રની બે ટીકા છે. બન્ને ટીકા પણ છપાઈ ગઈ છે.

તેથી ઇંદ્રિય આશ્રવ દંડ વિગેરેના અનર્થોનું સ્વરૂપ ચિંતવવું, તેનાં ફળો વિચારવાં-એથી ઉપર જણાવેલી સ્થિતિ સ્વતઃ પ્રાપ્ત થાય છે, તેની અસર પણ સારી થાય છે અને પાપથી નિવૃત્તિ રહ્યા કરે છે.

૪ સમતાયોગ.

વ્યાવહારિક દૃષ્ટિથી અમુક વસ્તુઓ ઇષ્ટ અને અમુક અનિષ્ટ થઈ પડે છે તેવી કલ્પનાપર વિવેકપૂર્વક તત્ત્વનિર્ણય બુદ્ધિથી રાગદ્વેષ-પરિહારનું નામ સમતાયોગ કહેવામાં આવે છે. આ જીવને અનાદિ કાળથી અમુક વસ્તુને ઇષ્ટ માનવાની અને અમુકને અનિષ્ટ માનવાની ટેવ પડી ગઈ છે. એને લઈને એ કેટલીક વસ્તુ ઉપર રાગ કરે છે, કેટલીકપર દ્વેષ કરે છે. તેને એમ શા માટે થાય છે તે તે પોતે પણ સમજતો નથી. માન્યતાનાં સુખની ખાતર, સ્થૂળ ઇચ્છાઓની તૃપ્તિ ખાતર અને કષાયોના પોષણ માટે તે મનમાં ઇષ્ટ અનિષ્ટનો નિર્ણય કરવા તત્પર થઈ જાય છે. આવા અનાદિ સંસ્કારને 'અવિદ્યા' નામ આપવામાં આવે છે. જ્યાંસુધી નયાપેક્ષિત પ્રમાણોપેત જ્ઞાન થયું ન હોય ત્યાંસુધી આવી કુટેવને સાધ્ય તરીકે માનવાનું રહે છે. આવા તેના મનમાં માની લીધેલા પ્રમોદને આપનાર અને ન આપનાર વસ્તુપરના ભાવને તજી દઈને જ્યારે તેના મનમાં નિશ્ચય થાય છે કે જે પદાર્થોને પોતે એક વખતે તિરસ્કારે છે તે જ પદાર્થોને વળી પાછો અન્ય વખતે રાગથી ચાહે છે, તેથી ખરેખરી રીતે તો કોઈ પદાર્થ ઇષ્ટ અનિષ્ટ નથી-આવા પ્રકારની નિર્મળબુદ્ધિ થતાં, વસ્તુને વસ્તુ તરીકે ઓળખવાનો વિવેક પ્રાપ્ત થાય અને તેના ઉપરથી તત્ત્વચિંતવન કરવું, વિચાર [illegible] અવલોકન કરી અને [illegible]

કષાયત્યાગ જેટલા સંકુચિત અર્થમાં વપરાય છે તે અર્થમાં અહીં સમજવાનો નથી, તે અર્થમાં વપરાતા સમતા શબ્દપર અધ્યાત્મ કલ્પદ્રુમના પ્રથમ સમતા અધિકારમાં વિવેચન કર્યું છે. અહીં તે વિવેકપૂર્વક તત્ત્વવિચારણાના વિશાળ અર્થમાં સમતા શબ્દ વપરાયો છે અને તે એટલો વિસ્તૃત શબ્દ છે કે તેમાં આખા જૈન અને જૈનેતર તત્ત્વજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. કહેવાની જરૂર નથી કે સંકુચિત અર્થમાં સમતા શબ્દનો જે ઉપયોગ અન્યત્ર થયો છે તે અર્થનો પણ અત્ર નિર્દિષ્ટ કરેલા વિશાળ ભાવમાં સમાવેશ થઈ જાય છે. એક ખાસ મુદ્દાની વાત એ છે કે ધ્યાન વગર સમતાયોગ સંભવતો નથી અને સમતાયોગ વગર ધ્યાન સંભવતું નથી અને બન્ને જ્યારે સાથે હોય છે ત્યારે એક બીજાને વધારી વધારે સારી સ્થિતિમાં મૂકી પરસ્પર કારણભાવ પામે છે. આથી ધ્યાનયોગ સાધનારને આ સમતાયોગની પૂરેપૂરી જરૂરીઆત છે. આ સમતાયોગમાં જે પ્રાણી આચરણા કરતો હોય છે તેને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થયેલી હોય છે પણ તેની તત્ત્વબુદ્ધિ એટલી સ્થિર થયેલી હોય છે કે તેવી લબ્ધિઓ અથવા અસાધારણ શક્તિઓનો તે કદિ ઉપયોગ કરતો નથી, તે તેનું સ્થૂળ સ્વરૂપ સમજે છે અને તેમાં કદિ પણ લલચાઈ જતો નથી અને તેનાં સૂક્ષ્મ કર્મનો પણ આ યોગમાં ક્ષય થઈ જાય છે તેથી વિશિષ્ટ ચારિત્ર જેને ‘યથાખ્યાત ચારિત્ર’ કહેવામાં આવે છે તેને આવરણ કરનાર અને કેવલ્યજ્ઞાન દર્શનને આવરણ કરનાર કર્મોનો પણ આ યોગથી ક્ષય થઈ જાય છે અને સંસાર અપેક્ષારૂપ તંતુનો વિચ્છેદ થઈ જાય છે; એટલે સંસારમાંથી કોઈ પણ પ્રકારનું સુખ મેળવવાની કોઈ પણ અપેક્ષા તેને રહેતી હતી તે સર્વનો આ સમતાયોગથી છેદ થઈ જાય છે. આવી રીતે આ સમતાયોગનાં ત્રણ ફળ બતાવ્યાં તે સમજવામાં આવી ગયા હશે. લબ્ધિમાં અપ્રવર્તન, સૂક્ષ્મ કર્મનો ક્ષય અને અપેક્ષાતંતુનો વિચ્છેદ. એ ત્રણે આ સમતાયોગનાં ફળ છે એ નિર્દિષ્ટ થયું.

૫. વૃત્તિસંક્ષયયોગ.

અન્યકૃત વિકલ્પનાજાળરૂપ વૃત્તિઓનો ફરી વખત ઉદ્‌ભવ ન થાય તેવી રીતે રોધ કરવો તેનું નામ ‘વૃત્તિસંક્ષયયોગ’ કહેવામાં

આવે છે. આ આત્મા મોટા સમુદ્ર જેવો છે પણ તેનામાં તરંગ નથી, બહારથી જ્યારે પવન આવે છે ત્યારે તેનામાં સંકલ્પરૂપ તરંગો ઉત્પન્ન થાય છે. મન અને શરીરના સંયોગરૂપ પવનથી તેનામાં અનેક વિકલ્પો ઉઠે છે. એ અન્યભૂત વિકલ્પજાળનો એવી રીતે નાશ કરવો કે ફરી વખત તેની ઉત્પત્તિ જ ન થાય, ફરીવાર કલ્પનાજાળ ઉઠેજ નહિ એવા પ્રકારના સર્વથા રોધને વૃત્તિસંક્ષયયોગ કહે છે. આ યોગ કેવળજ્ઞાનદર્શનપ્રાપ્તિ વખતે અને નિવૃત્તિપ્રાપ્તિ વખતે લભ્ય છે, કારણ કે અગાઉ પણ વૃત્તિનો નિરોધ તો થયા કરે છે, પરંતુ તેમાં સર્વથા રોધ થતો નથી. આ યોગના ત્રણ ફળ છે: કેવળજ્ઞાનની પ્રાપ્તિ, શૈલેશીકરણ અને મોક્ષની પ્રાપ્તિ. વૃત્તિરોધને અંગે અહીં મનનો રોધ કેવી રીતે અને શા માટે કરવો તે સંબંધી મહાન્ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અન્ય યોગીઓ ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહે છે તેવી રીતે મનને મારી નાખવાથી-દાબી દેવાથી કાંઈ લાભ થતો નથી; તેટલા માટે શાસ્ત્રકારે એવી સુંદર વ્યવસ્થા બતાવી છે કે તેથી અમુક અવસ્થા સુધી મનનો શુભ ઉપયોગ થાય અને જ્યારે તેનાથી કેવળભાસ થઈ જાય અને તેનો ખપ જ ન રહે ત્યારે તેનો સ્વાભાવિક રીતે જ રોધ થઈ જાય. અહીં એટલું યાદ રાખવાની જરૂર છે કે [illegible] થાય છે [illegible] [illegible]

સુખપ્રાપ્તિને અંગે થતી પ્રવૃત્તિને લક્ષ્યમાં લઈ તેને અંગે યોગના ભેદોની કાંઈક વિચારણા કરીએ. આ જુદા દૃષ્ટિબિન્દુથી હવે આપણે યોગના બીજા ભેદો જરા સંક્ષેપમાં વિચારી જઈએ. હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં યોગના ત્રણ વિભાગ પાડ્યા છે અને તેપર સહજ વિવેચન કરી તેઓએ આપણે ઉપર બતાવી તે યોગની આઠ ભૂમિકા ઉપર અતિ વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. આ ભેદો પણ સમજવા યોગ્ય હોવાથી આપણે તેપર પણ દૃષ્ટિપાત કરી જઈએ. એ ભેદો ઉપર જણાવ્યું તેમ પ્રવૃત્તિને અંગે પડે છે.

ઇચ્છાયોગ

જે પ્રાણીએ અનેક શાસ્ત્રો સાંભળ્યાં હોય, જાતે પ્રમાદી હોય, તેને સંપૂર્ણ કરવાની ઇચ્છા છતાં પૂર્ણ વ્યાપાર ન થાય તેને 'ઇચ્છાયોગ' કહેવામાં આવે છે. અહીં પ્રાણીએ શાસ્ત્ર સાંભળ્યાં હોય તેથી તેને ઇચ્છાઓ બહુ પ્રકારની થયા કરે, પણ પોતાને આળસ એટલું બધું હોય કે તે જ્યારે ત્યારે વિકથાદિક કરવામાં અથવા વિષયકષાયમાં પડી જઈ કાંઈ શુભ પ્રવૃત્તિ કરતો ન હોય, છતાં તેના મનમાં શુભ ક્રિયા કરવાની હોંશ બહુ રહે અને જ્યારે બની આવે ત્યારે તે કરવા અભિલાષા રહે, તેવા પ્રાણી વખતે કવખતે કદાચ કાંઈ ચૈત્યવંદનાદિ કરે તોપણ તેમાં યથાકથિત વિધિનો લગભગ ન હોય-આવા પ્રાણીના યોગને શાસ્ત્રકાર 'ઇચ્છાયોગ' એવું નામ આપે છે. જ્યાં લાંબા કાળ સુધી યોગ કરવાનો હોય તેમાં પ્રમાદ કરી પૂર્ણ યોગસાધન કરવામાં ન આવે, પણ કરવાની ઇચ્છા રહે તેને ઇચ્છાયોગ કહેવામાં આવે છે. તેમ. સાધારણ વંદન નમસ્કાર [illegible] નપૂર્ણ થઈ જાય તે. તેથી ઇચ્છાયોગની વ્યાખ્યામાં કોઈ [illegible] નથી.

[illegible]

[illegible]

નકે ક્ષપકશ્રેણી આદરે ત્યારે થાય છે. આ બીજા અપૂર્વકરણ વખતે જે મહા આત્મારામત્વની સ્થિતિ પ્રાપ્ત થાય છે તેને શાસ્ત્રકાર ધર્મ-સંન્યાસ સામર્થ્યયોગનો પ્રથમ ભાગ જણાવે છે. આ વખતે આત્મ-સ્ફુરણા તીવ્ર થાય છે, પરપરિણતિ થતી નથી અને થવાનો ભય પણ રહેતો નથી. એ અતિ સુંદર દશાને જ્ઞાનીઓ પણ વર્ણવી શકે તેમ નથી એમ તેઓ કહે છે. અતિ આનંદજનક આ ઉત્કૃષ્ટ સ્થિતિને અન્ય યોગગ્રંથકારો 'ઋતંભરા' શબ્દથી બોલાવે છે, એને જૈન યોગકારો પ્રાતિભજ્ઞાન કહે છે. વ્યાસજી પણ કહે છે કે આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસના રસથી એ ઉત્કૃષ્ટ ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે. એવી ઉત્કૃષ્ટ પ્રજ્ઞા જે કૈવલ્યજ્ઞાનની પહેલાં પ્રાપ્ત થાય છે તે વખતે ચારિત્ર પણ ઉત્કૃષ્ટ વર્તે છે. એ ચારિત્રને 'યથાખ્યાત ચારિત્ર' એવું અભિધાન આપવામાં આવે છે. આ અતિ ઉત્કૃષ્ટ ચારિત્ર અને જ્ઞાનદશામાં વર્તતા ચેતનનાં ઘનઘાતી કર્મોનો એકદમ નાશ થવા માંડે છે અને તે શ્રેણી ઉપર આરૂઢ થઈ બહુ અલ્પ કાળમાં અનેક ચીકણાં કર્મોને ભસ્મ કરી નાખે છે. અહીં આત્મ પરિણામની નિર્મ-ળતા એટલી બધી થાય છે કે તેના સામર્થ્યથી જગતના અનંત જીવોનાં તમામ કર્મોને બે ઘડિમાં પોતે એકલો આત્મસામર્થ્યથી બાળી નાખી શકે. પણ કર્મનુ પ.યંકય છે અને તેની એ ખ.સીયત છે કે પોતાના [illegible] નથી..

ાગની પ્રાપ્તિ થાય છે. ધર્મસંન્યાસ યોગ આઠમા નિવૃત્તિ ગુણ-
યાનકે બીજી વખત અપૂર્વકરણ કરે છે ત્યારે પ્રાપ્ત થાય છે, એટલે
પ્રમત્ત યતિ જ્યારે ક્ષપકશ્રેણી આદરે છે ત્યારે તેને તાત્ત્વિક રીતે
ર્મસંન્યાસ પ્રાપ્ત થાય છે. તાત્ત્વિક રીતે યથાસ્થિત ધર્મસંન્યાસ આ
સ્થિતિમાં જ પ્રાપ્ત થાય છે એનું કારણ એમ છે કે એ પહેલાં ધર્મ-
ંન્યાસ થાય છે પણ તે અતાત્ત્વિક હોય છે, જ્યારે પ્રાણી ક્ષપકશ્રેણી
પર આરોહણ કરે છે ત્યારે જ તેને ક્ષાયિક ભાવે તે ધર્મો પ્રાપ્ત થાય
. સાધારણ રીતે તો પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારે પણ ધર્મપ્રાપ્તિ થાય
પરંતુ તે સાધારણ છે, આ ધર્મસંન્યાસની યોગ્યતા તો ભવવિર-
તને જ શકય છે. શાસ્ત્રકાર દીક્ષાને યોગ્ય કોણ હોઇ શકે તેનું
વરૂપ બતાવતાં કહે છે કે 'આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ હોય, વિશિષ્ટ
તિ અને કુળવાળો હોય, કર્મમળબુદ્ધિ જેની લગભગ ક્ષીણ થઇ
ાઇ હોય તેવો, જે પોતાના મનમાં વિચારતો હોય કે મનુષ્યભવ
ર્લભ છે, જન્મ મરણ નિમિત્ત માત્ર છે, ધનસંપત્તિ ચળ છે,
ષયો દુઃખના હેતુ છે, સંયોગ માત્રનો વિયોગમાં અંત આવે છે,
તિક્ષણે મરણ થયા જ કરે છે અને તેનો સંભવ પણ તેટલો જ
હુ છે, ભોગનો વિપાક અતિ ભયંકર છે–આવા આવા સુંદર વિચારો
પ્રાણી કરતો હોય અને એવા વિચારથી જે સંસારથી વિરક્ત
હોય, જેના કષાયો અલ્પ હોય, જેને હાસ્ય વિગેરે અલ્પ
ાય, જે ઉપકારનો જાણકાર હોય, જે વિનયવાન્ હોય, જે પ્રવ્રજ્યા
હણ કરવા પહેલાં પણ રાજ્ય પ્રધાન નગરવાસી વિગેરેમાં બહુમાન
ામેલો હોય, જે કોઇનો દ્રોહ કરનાર ન હોય, પરંતું કલ્યાણ કર-
ાર હોય, શ્રાદ્ધગુણસપન્ન હોય–આવી સ્થિતિનો જે પ્રાણી ઉન્નતિ-
મમાં વધેલો હોય તે પ્રવ્રજ્યાને યોગ્ય ગણાય છે, અને તે વાસ્ત-
ક રીતે ધર્મસંન્યાસવાન્ થઇ શકે છે, કારણ કે અહીં જ્ઞાનયોગની
તિપત્તિ થાય છે. એવો પ્રાણી ન હોય તે જ્ઞાનયોગને આરાધી
કતો નથી અને જે આવો હોય છે તે આરાધતો જ નથી એમ
ને પણ નહિ એમ વિચારવું. આટલા ઉપરથી સમજાયું હશે કે
પર ઉપરનો બાહ્ય ધર્મસંન્યાસ તો છઠ્ઠે ગુણસ્થાનકે પ્રાપ્ત થઇ શકે

છે, પરંતુ તાત્ત્વિક ધર્મસંન્યાસની પ્રાપ્તિ તો આઠમા ગુણસ્થાનકે જ શક્ય છે. એ વખતે પ્રાણીની ઉત્કૃષ્ટ બોધ થવાની યોગ્યતા થાય છે અને તેના ક્ષાયોપશમિક ભાવો નાશ પામી જાય છે. આ ધર્મસંન્યાસના વેગના વધારાથી મોહ વિગેરે ઘનઘાતી કર્મોનો નાશ થતો જાય છે અને પ્રાણી એકદમ પ્રગતિ કરી આગળ વધતો જાય છે. આ બીજા અપૂર્વકરણ વખતે પ્રાણી ક્ષપકશ્રેણી માંડે છે. પ્રથમ અપૂર્વકરણ વખતે ગ્રંથિભેદ કરે છે એ આપણે ઉપર જોઈ ગયા છીએ. તેરમા ગુણસ્થાનકના અંતમાં દરેક કેવળી આયોજીકરણ કરે છે અને તે પછીના મુહૂર્તમાં અયોગી સ્થિતિ પ્રાપ્ત કરે છે. શૈલેશી અવસ્થા પ્રાપ્ત થતાં જે મહા ઉત્કૃષ્ટ યોગ પ્રાપ્ત થાય, શરીરયોગપર તદ્દન અંકુશ આવી જાય તેવા યોગને–અયોગી ગુણસ્થાનક (ચૌદમા) ની અવસ્થાને યોગસંન્યાસ કહેવામાં આવે છે. યોગનો અયોગ તે યોગ એવી જે યોગની વ્યાખ્યા હરિભદ્રસૂરિ મહારાજે કરી છે તે આ ઉત્કૃષ્ટ યોગસંન્યાસમાં મનોયોગના ત્યાગરૂપ અથવા યોગ ઉપર અંકુશરૂપ સમજવી. એ યોગસંન્યાસયોગમાં યોગો નિરુદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય છે અને છેવટે અયોગીભાવ પ્રાપ્ત કરી, શુક્લ ધ્યાનના ચતુર્થ પાદપર પંચ હ્રસ્વાક્ષર કાળસ્થિતિ કરી સાધ્યપ્રાપ્તિ થાય છે. આ યોગસંન્યાસ અંતિમ યોગભૂમિકા (આઠમી) ની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવે છે. ધર્મસંન્યાસ તાત્ત્વિક અને અતાત્ત્વિક બે, તેમાં અતાત્ત્વિક બાહ્યાચારરૂપે [illegible] તાત્ત્વિક ધર્મસંન્યાસ યોગની પ્રા[illegible] [illegible] યોગસંન્યાસ [illegible] છે અને [illegible]

જેને બીજા બે ક્રિયાઅવંચક અને ફળાવંચક ભાવની પ્રાપ્તિ
છા હોય તે આ વ્યાખ્યામાં આવે છે. આ પ્રવૃત્તચક્ર
વિજ્ઞ પક્ષીના નામથી જૈન આગમમાં ઓળખાય છે. આ
ગીઓનું સ્વરૂપ ખાસ વિચારવા યોગ્ય છે. પાંચ યમ આપણે
જાણીએ છીએ: અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અકિં-
ા પર હવે પછી સહજ વિવેચન પણ થશે, કારણ કે તે યોગનું
, છે. બીજી રીતે યમના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે.
જેનાં નામ ઉપર આપવામાં આવ્યાં છે. જે પ્રાણી-
ચાર. ઓએ યમ કરેલો હોય તેની કથા સાંભળવામાં
વે અને તેવા યમ કરવાની ઇચ્છા થાય તેને ઇચ્છાયમ
આવે છે. ઉપશમભાવપૂર્વક યમનું પાલન કરવું તે બીજો
કહેવાય છે. ઇચ્છાથી આગળ વધીને અહીં પ્રવૃત્તિ થાય
શમ ભાવથી અતિચારની ચિંતારહિતપણે જે યમનું પાલન
આવે તેને ત્રીજો સ્થિરયમ કહેવામાં આવે છે. અહીં ઉપ-
ને બદલે ક્ષાયોપશમિક ભાવ પ્રાપ્ત થાય છે. આ સ્થિરયમ-
ી જે યોગપ્રક્રિયા કરે છે તે પ્રકૃતિથી જ અતિચાર રહિત
શુદ્ધ અંતરાત્મામાં ઉત્કૃષ્ટ સિદ્ધિસાધક યોગની અચિંત્ય
પૂર્વક પ્રક્રિયા કરવામાં આવે તેને ચોથો સિદ્ધિયમ કહેવામાં
આ સિદ્ધિયમને એટલી ઉત્કૃષ્ટ યમપ્રાપ્તિ થાય છે કે તેની
રત્યાગ થઈ જાય છે. આ રીતે જે ચાર યમની અહીં
[illegible] તે [illegible] પ્રથમ [illegible] યમ-ઇચ્છાયમ અને પ્રવૃત્તિ-
હોય અને [illegible] યમ પ્રેમ કરવાની અત્યંત ઇચ્છા

યોગ-સંબંધને ગણવામાં આવ્યો છે. સત્સંગની કેટલી જરૂરીઆત છે તે આ ઉપરથી જણાશે અને તે વાતને કેટલું મહત્વ આપવામાં આવ્યું છે તેનો પણ આટલા ઉપરથી વિચાર થશે. જ્યાંસુધી આવા મહાત્માઓ સાથે યોગ થતો નથી ત્યાંસુધી વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ થતો નથી અને બોધ વગર-વસ્તુગત ધર્મોના ભાન વગર વસ્તુનું ઓળખાણ થતું નથી તેથી પરિણામે અનેક લાભ થવાનો સંભવ પ્રાપ્ત થતો નથી. મહાત્માઓનો યોગ તેટલા માટે અતિ ઉપયોગી છે અને તેની સાથે તેમનું તથારૂપે (ગુણવાન્ તરીકે) દર્શન થાય ત્યારે બહુ લાભ થાય છે. આવા મહાત્મા પુરૂષોને યથાયોગ્ય પ્રણામ નમસ્કારાદિ કરવા અને તે માટે અંતઃકરણમાં પૂજ્ય બુદ્ધિ રાખવી એ બીજો ક્રિયાઅવંચક ભાવ કહેવાય છે. વસ્તુસ્વરૂપના બોધ પછી જે ક્રિયા થાય છે તે અતિ આહ્લાદજનક અને સ્વરૂપદર્શક હોવાથી તેથી બહુ લાભ થાય છે, મહા અનિષ્ટ કર્મોનો નાશ કરનાર હોય છે અને સિદ્ધિ તરફ પ્રયાણ કરાવનાર હોય છે. યોગાવંચકત્વ પ્રાપ્ત થયા પછી જો ક્રિયાવંચકત્વ પ્રાપ્ત થાય તો જ તે લાભ કરનાર થવાનો સંભવ છે, કારણ કે યોગ વગર સત્ક્રિયાનો સંભવ જ નથી. આ યોગાવંચક અને ક્રિયાવંચકપણાથી શુભ અનુબંધરૂપ ફળની પ્રાપ્તિ થાય તેને ફળાવંચક ભાવ કહે છે. મહાત્માઓની સાથે સંયોગ થવાથી તેઓએ આપેલા ઉપદેશને અનુસારે જે ક્રિયા કરવામાં આવે તેના પરિણામ તરીકે મહા ઉત્તમ ફલાવાપ્તિ થાય તે આ ત્રીજો અવંચક ભાવ છે. સાધ્યપ્રાપ્તિરૂપ મહા ઉત્તમ ફળાવચક ભાવ તો બહુ ઉચ્ચ દશાએ પ્રાપ્ત થાય છે, પણ સાધનધર્મોની પ્રાપ્તિરૂપ ફળ અવાંતર દશામાં પણ પ્રાપ્ત થાય છે. આપણે યોગભૂમિકાના નિરૂપણપ્રસંગે જોઈ ગયા છીએ કે આ યોગાવચક ભાવરૂપ પ્રથમ યોગ પ્રથમ ભૂમિકાએ પ્રાપ્ત થાય છે.

અત્ર વક્તવ્યતા એ છે કે પ્રવૃત્તચક્રયોગીને પ્રથમના બે યમ હોય છે એટલે તેઓને ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ પ્રાપ્ત થયેલા હોય છે અને બાકીના સ્થિરયમ અને સિદ્ધિયમ પ્રાપ્ત કરવાની તેઓને ઇચ્છા હોય છે અને પ્રથમ યોગાવંચક ભાવ તેઓને પ્રાપ્ત થયેલ હોય છે અને બાકીના બે અવંચક યોગ પ્રાપ્ત કરવાની ઇચ્છા તેઓને હોય છે.

રીતે દેવપૂજન કરવું તે યોગપ્રાપ્તિનો એક ઉપાય છે. તેવી જ રીતે વૃદ્ધ પુરૂષોની સેવા કરવી તે પણ માર્ગદર્શકપણું પ્રાપ્ત કરવામાં અતિ ઉપયોગી હોવાથી બહુ લાભ કરનાર છે. ગુણવાનની સંગતિથી, તેઓના સંપર્કથી અને તેઓની પર્યુપાસનાથી ગુણની ઓળખાણ થાય છે, ગુણ ઉપર રાગ થાય છે અને તે પ્રાપ્ત કરવા પ્રયાસ થાય છે. વળી માતા પિતા વિગેરેનો ઉપકાર એટલો છે કે તેનો બદલો કોઈ રીતે વળી શકે તેમ નથી. તેના તરફ પૂજ્યબુદ્ધિ બતાવીને તેઓનું યોગ્ય આદરાતિથ્ય કરવું તે તેઓના ઉપકારને માટે ઘટે છે. દેવના સંબંધમાં એટલું ખાસ યાદ રાખવા યોગ્ય છે કે પોતે સવિશેષ દૃષ્ટિએ દેવતત્ત્વનો યોગ્ય નિર્ણય કર્યો હોય તોપણ અન્ય દેવ ઉપર દ્વેષ તો કદિ કરવો જ નહિ. પરમતસહિષ્ણુતા રાખવાની ખાસ જરૂર છે અને તેને માટે યોગ્ય શાસ્ત્રોમાં યોગગ્રંથકારો વારંવાર ઉલ્લેખ કરી ગયા છે.

૨. દાન. ઉચિત દાન પાત્રને યોગ્ય વખતે યોગ્ય રીતે સન્માનપૂર્વક આપવું. આ સિવાય કીર્તિદાન પોતાની સ્થિતિને યોગ્ય આપવું ઘટે છે, દયાને પાત્ર પ્રાણી ઉપર અનુકંપા લાવી વસ્ત્ર, ધન પ્રમુખનું દાન આપવું તેને અનુકંપાદાન કહેવામાં આવે છે. દાન આપવામાં વિવેક રાખવાની જરૂર છે. રોગીને અપથ્ય વસ્તુનું દાન આપવું તે મૂર્ખાઈ છે તેમ જ દીન અનાથને દાન આપતી વખત પોતાના માતા પિતા સ્ત્રી પુત્ર વિગેરે [illegible] વસ્તુને. આધાર દાન આપનાર ઉપર હોય તેવા પોષ્ય વર્ગના [illegible] દાન આપવું. ખાસ કરીને જેઓ દાન [illegible] હોય, [illegible] હોય, તેઓને વિવેક પૂર્વક દાન આપવું [illegible] યોગના પૂર્વ ઉપાય

કહેવામાં આવે છે. માર્ગદર્શક તરીકે એ અતિ ઉપયોગી છે. અનેક ગુણોનો અત્ર સમાવેશ થાય છે અને તેનો વિસ્તારથી નામનિર્દેશ કરીએ તોપણ વિવેચન ઘણું લાંબું થઈ જાય. બહુ અગત્યના સદાચારો આપણે વિચારી જઇએ. ગંભીર ધીર પ્રાણી પ્રકૃતિથી જ પારકાનું મન રાખી તેનું કામ કરવા તત્પરતા બતાવે તે સુદાક્ષિણ્ય; અન્યનું દુઃખ દૂર કરવાની ઇચ્છા તે દયાળુતા; દુઃખી પ્રાણી ઉપર દયા લાવી તેનો ઉદ્ધાર કરવા યત્ન કરવો તે દીનોદ્ધાર; અન્ય મનુષ્ય પોતા ઉપર ઉપકાર કરે તેની બુઝ જાણવી તે કૃતજ્ઞતા; લોકમાં પોતાની અપકીર્તિ થાય તો તે માટે મરણથી વિશેષ ભય લાગે તે જનાપવાદ ભીરૂત્વ; ગુણવાન્ પ્રાણી ઉપર સ્વાભાવિક રીતે રાગ રાખવો તે ગુણીરાગ; ઉત્તમ, મધ્યમ કે અધમ મનુષ્યની નિંદાનો ત્યાગ કરવો તે નિંદાત્યાગ; ગમે તેવી વિપત્તિ આવે તો તેમાં રાંકડા-દીન ન થઈ જવું, ગભરાઈ ન જવું અને જાણે પોતામાં કાંઈ પુરૂષાર્થ જ નથી એમ જાણવા ન દેવું એ અદૈન્ય; કોઇને આપેલ વચન અથવા પોતે કરેલ નિયમને ગમે તેટલા ભોગે નિર્વહવા એ સત્પ્રતિજ્ઞત્વ; ગમે તેવી અથવા તેટલી સંપત્તિ ભોગ વૈભવ પ્રાપ્ત થાય તોપણ જરા પણ અભિમાન થવા ન દેવું એ નમ્રતા; પોતાનાં વ્રત નિયમાદિ ધર્મોને અડચણ ન કરે એવા કુળાચારને અનુસરવું તે સુકૃત્યત્વ; કારણ વગર નકામું ન બોલવુ, પરનું હિત થાય તેવું બોલવું, પરને પ્રિય લાગે તેવુ બોલવું તે મિતભાષિતા; પોતાના પ્રાણ કંઠે આવે તોપણ નિંદ્ય આચરણ સેવવુ નહિ એ નિંદ્યત્યાગ; સારાં કામ માટે દૃઢ આગ્રહ; શુભ માર્ગમા ધનનો વ્યય; લોકરૂચિને અનુસરવાનો નિર્ણય; પ્રમાદત્યાગ વિગેરે વિગેરે અનેક પ્રકારના સદાચારો છે. જે વર્તનથી વ્યવહાર્ રીતે ઉપયોગી મનુષ્યમા ગણના થાય, જે વર્તનથી એક નીતિમાન્ અને સારો સદ્ગુણી મનુષ્ય ગણાય, જે વર્તનથી ઊંચામા ઊંચા પ્રમાણિકતાના અને સૌજન્યના ગુણો પ્રાપ્ત થાય તે સર્વનો સદાચારમાં સમાવેશ થાય છે. નીતિના ઊંચામાં ઊંચા નિયમોનું પાલન કરવું અને અત્યારે જેને નૈતિક બિંદુ (Moral Point of View) કહેવામાં આવે છે તે બિંદુથી ઉત્કૃષ્ટ ચારિત્રગુણ બનાવવો તે સર્વનો આ યોગની પૂર્વસેવામાં સમાવેશ થાય છે.

યોગધર્મનો અધિકારી નૈતિક દૃષ્ટિએ જરા પણ ઉતરતો હોઈ શ
એ વાત તદ્દન અસંભવિત છે. પ્રમાણિકપણામાં પણ ઉત્કૃષ્ટ વ્યાપ.
સુત્રકારો કે નોકર જેવું વર્તન રાખે અથવા હાઇકોર્ટના જજની પ.મે
જે પ્રકારના વર્તનની આશા રાખી શકાય તેનાથી ઊંચું નૈતિક વ
આ માર્ગગામી પ્રાણીએ બનાવવાનું છે અને એવા વર્તન વ
ઇંદ્રિયોદ થાય કે યોગભૂમિકાની પ્રાપ્તિ થઈ શકે એમ માનવું
તદ્દન મૂર્ખતા જ છે. આવી મૂર્ખતા બતાવનારા અને ધર્મને વગો
વનારા પ્રાણીઓ ઘણા હોય છે પણ તે બાહ્યચારી જ છે એમ સ
જવું. યોગની વ્યાખ્યા અને આશયો ઉપર અગાઉ જે વર્ણન
છે તે પરથી પણ આ વાત સ્પષ્ટ રીતે સમજાઈ જાય તેવી
સદાચાર શબ્દ એટલો વિસ્તૃત છે કે ઘણા નૈતિક નિયમો
સમાવેશ થવા ઉપરાંત તેમાં વર્તન અને પ્રક્રિયાનો પણ સમાવે
થઈ જાય છે.

૩. તપ—અનેક પ્રકારના તપ કરવાથી ઇન્દ્રિયોપર સંયમ ર
છે બાહ્ય અભ્યંતર તપને અનેક પ્રકારે વિભાગ બતાવેલ છે તે
[illegible] સૂચવન હોય એમ જણાય છે. બ
[illegible]



તેના પાંચ મોટા વિભાગ પાડ્યા છે અને તેમ કરીને બતાવી આપ્યું છે કે જેમ એક આંબો (કેરી) હોય તે રોગી માણસ ખાય તો તેથી તેના વ્યાધિની વૃદ્ધિ થાય છે અને બીજા માણસને તે બળની વૃદ્ધિ કરે છે તેવી રીતે વ્યક્તિપરત્વે એક સરખાં જ અનુષ્ઠાનો જુદા જુદા પ્રકારનાં ફળ આપે છે; ફળાવાપ્તિનો આધાર આંતર આશય અને તત્ત્વાવબોધપર રહેતો હોવાથી અમુક અનુષ્ઠાન કેવું છે તેનો બાહ્ય દૃષ્ટિએ વિચાર કરવાનો નથી. આ ભવમાં અમુક લબ્ધિની અથવા શક્તિની પ્રાપ્તિ થાય અથવા કીર્તિ થાય એવી કોઈ અપેક્ષાથી અનુષ્ઠાન કરવાં તેને વિષ અનુષ્ઠાન કહેવામાં આવે છે. વિષ ખાવાથી તરત જ પ્રાણનો નાશ કરે છે એ જાણીતી વાત છે. વિષની પેઠે આવું અનુષ્ઠાન ત્યાજ્ય છે. ગમે તેવી ક્રિયા આવા ઐહિક સુખની ઇચ્છાથી કરવામાં આવે તેથી લાભ થતો નથી. તેવી જ રીતે પરલોકમાં દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તીપણાનાં સુખની પ્રાપ્તિની ઇચ્છાથી જે અનુષ્ઠાન કરવામાં આવે એટલે અમુક ક્રિયાના ફળ તરીકે એવી સંપત્તિ અથવા બીજું કાંઈ પણ પરલોકમાં પ્રાપ્ત થવાનું નિયાણું કરવામાં આવે તે ગરલ અનુષ્ઠાન કહેવાય છે. અનેક ઝેરી દવાના મિશ્રણથી ગરો નામનું ઝેરી દ્રવ્ય થાય છે તે પીવાથી પ્રાણી ધીમે ધીમે મરણ પામે છે; તેના વિષનો વિકાર [illegible] છે [illegible] પરલૌકિક સુખાદિની ઇચ્છાથી જે ત્યાજ્ય અનુષ્ઠાન થાય તે પણ ત્યાજ્ય જ છે. [illegible] વગેરેના પ્રાણી [illegible] અથવા [illegible] થઈ [illegible] અનુષ્ઠાન કરે તેને અનનુષ્ઠાન [illegible] અનુષ્ઠાન પણ [illegible] થી બની શકે તેવ. અનુષ્ઠાન [illegible] તેને તદ્ધેતુ અનુષ્ઠાન કહે

આ વિષયમાં બહુ લંબાણ કરવાની આવશ્યકતા નથી, કારણ ઉક્ત મહાત્માનું યોગશાસ્ત્ર પ્રસિદ્ધ થઈ ગયું છે અને યોગાચાર્યો આ આઠ અંગના વિવેચન ઉપર આધાર રાખતા નથી. હેમચંદ્રાચાર્યે તો અષ્ટાંગની હકીકત બનાવતાં પ્રસંગોપાત્ત બીજી ઘણી વાત કરી છે તેથી સદરહુ ગ્રંથ બહુ ઉપયોગી છે. આ સુપ્રસિદ્ધ આઠ અંગો પૈકી પ્રથમનાં પાંચ અંગો મધ્યમાધિકારી માટે છે અને છેવટનાં ત્રણ ઉત્તમાધિકારી માટે છે. એ આઠ અંગોનો આપણે જૈન યોગગ્રંથોમાં બતાવેલ નિયમ પ્રમાણે વિચાર કરીએ. (અત્ર અષ્ટાંગનો નિર્દેશ કર્યો છે તે ઉક્ત યોગશાસ્ત્ર અને જ્ઞાનાર્ણવનો સાર છે.)

૧. યમ.

સંસારસમુદ્રનો પાર પામવા માટે અને અનિર્વાચ્ય આત્મિક સુખ નિરંતરને માટે પ્રાપ્ત કરવા માટે આત્માના સહજ ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ કરવાની ખાસ જરૂર છે. એ ગુણો પ્રગટ કરવા માટે પ્રથમ શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ ઉપર શ્રદ્ધા રાખવી જોઇએ. એ શ્રદ્ધા બરાબર રહે તેટલા માટે અનેક ગુણોના આશ્રયરૂપ ન રાગદ્વેષ રહિત દેવ-

સમ્યક્ત્વ

તત્ત્વને શોધી કાઢવુ જોઇએ. દેવતત્ત્વમા ખાસ એ યાદ રાખવાનું છે કે દેવ યથ સ્થિત વસ્તુસ્વરૂપના બતાવનાર હોવા જોઈએ અને તેઓને કોઈ [illegible] પ્રકાર મોહ, ક્રોધ કે રાગ ન હોવ. જોઇએ. ગુરૂતત્ત્વ [illegible] હોવ જોઇએ [illegible] અવસ્થામા સ્થિત [illegible] હોવ જોઇએ અને મહાવ્રત [illegible] હોવ જોઇએ. [illegible]

રોગ શરીરમાં વ્યાધિ વિગેરે થાય છે અને અહિંસાથી દીર્ઘ આયુષ્ય, રૂપ, આરોગ્ય વિગેરે પ્રાપ્ત થાય છે.

સત્ય—આ દ્વિતીય યમ છે. એને અંગે કોઈ પણ પ્રકારની ક્રોધાદિક તુચ્છ વૃત્તિને આધીન ન થતાં અસત્ય ન બોલવું એ સર્વવિરતિપદસ્થિત સાધુઓ માટે અને પાંચ મોટાં જુઠાંનો તો સર્વથા ત્યાગ કરવો, એ દેશવિરતિપદસ્થિત અન્ય મનુષ્યો માટે જરૂરનું છે. આ પાંચ મોટાં અસત્ય આ પ્રમાણેઃ કન્યાના વેવિશાળાદિ સંબંધને અંગે કન્યા સંબંધી, ભૂમિ સંબંધી, જનાવર સંબંધી, અસત્ય બોલવું, થાપણ (ડીપોઝીટ) ને ઓળવવી અને સોગન ઉપર ખોટી સાક્ષી આપવી. આ પાંચ મહા અસત્યનો સર્વથા ત્યાગ કરવો એવો યોગાચાર્યોનો આદેશ છે. અસત્ય વચનથી સામો માણસ ખોટે રસ્તે દોરાય છે અને તેને સત્ય હકીકત જણાતાં એટલું દુઃખ લાગે છે કે અસત્ય વચનોચ્ચાર કરવો એ એક પ્રકારે જોતાં એના ભાવપ્રાણને હણવા જેવું છે. આ પ્રમાણે હોવાથી સુજ્ઞ પ્રાણીએ હિત, મિત, પ્રિય, તથ્ય અને પથ્ય વચન બોલવું યુક્ત છે. સત્ય બોલવાથી મનમાં પણ એક એવા પ્રકારની શાંતિ થાય છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. પોતાને સત્ય બોલવાથી કદાચ જરા ઘસારો સહન કરવો પડે તોપણ સત્યનો ત્યાગ કરવો ઉચિત નથી, કારણ કે એવા ઘસારાથી પણ મનમાં સ્વાભાવિક [illegible] અને એક ફરજ બજાવી એવું લાગે [illegible] અસત્ય [illegible] પણ [illegible] પણ વિગેરે સુખન [illegible] કટલીક [illegible]

રહેતું નથી અને પરિણામે મહા દુઃખ ઉત્પન્ન થાય છે; તેમજ તે
આગથી શરીરનું આરોગ્ય, વીર્ય અને સંપત્તિ જળવાઈ રહે છે
નિરોધે પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય પાળવાથી યોગમાં બહુ જલદી પ્રગ
થાય છે એ સુપ્રસિદ્ધ હકીકત છે. આ અગત્યના વિષય પર પ્રાય વિસ્ત
કરવા યોગ્ય છે.

અપરિગ્રહ પાલન. નિષ્પરિગ્રહતારૂપ યમમાં મૂર્છાનો ત્યાગ
કરવાનો માર્ગ બતાવ્યો છે. ધન, ધાન્ય, પશુ આદિ કોઈ પણ વસ્તુઓ
ઉપર મૂર્છા કરવી, અત્યન્ત દૃઢતાથી તેને પોતાની કરવ. મનુષ્યો
સંયો એ પ્રસિદ્ધ છે અમુક વસ્તુ પામે હોવી તેને પરિગ્રહ કહેવા
આવતો નથી પણ તેના ઉપર મૂર્છા કરવી અથવા વિહિત રીતિ કરતા
વધારે ધર્મોપકરણ રાખવા તેનું નામ પરિગ્રહ છે. મૂર્છાથી અનેક
ઉત્પન્ન થાય છે અને અસંતોષથી અનેક દુઃખો. અને કાંચનને
થાય છે. સંતોષથી જે માનસિક સુખ થાય છે તેનું વર્ણન કરવું
અશક્ય છે સર્વેને પામવાનો કામધેનુ અથવા કલ્પવૃક્ષ સમ છે
પાવે છે તેનું કારણ સ્પષ્ટ સમજા

ગુરુની રજા વગર, આમ પુરુષના આદેશ વગર
રજા વગર અદત્ત જીવ કે વસ્તુનો સ્વીકાર ન થાય, ર
ભગિનીબુદ્ધિ થાય અને પ્રાપ્ત ધનનો પણ સર્વથા ત
રીતે જૂદી જૂદી રીતે પાંચે યમનો સર્વથા સ્વીકાર
ભૂમિકામાં અધિક પ્રગતિ થતી જાય છે અને માર્ગ
જણાય છે. આ પ્રત્યેક યમના પાંચ પાંચ અતિર
અંગે બતાવ્યા છે અને સર્વથી ત્યાગરૂપ દરેક યર
ભાવનાઓ છે. પ્રથમની હકીકત અતિ સુંદર રીતે અ
શ્રાવક પ્રતિક્રમણ સૂત્રપરની ટીકામાં બહુ વિવેચન
અને બીજી હકીકત ઉક્ત યોગશાસ્ત્ર પ્રથમ પ્રકા
અહીં વિસ્તારભયથી તેપર ઉલ્લેખ કર્યો નથી. જિ
અભ્યાસ કરી આ વિષય સમજવા યોગ્ય છે. આ
વર્ણન કર્યું છે તે દેશથી આદર કરેલા હોય છે ત્યાર
વ્રતો પૈકી પ્રથમનાં પાંચ અણુવ્રત બને છે અને
હોય છે ત્યારે સાધુનાં પાંચ મહાવ્રત બને છે. સિ
શ્રાદ્ધ અને યતિ એ બન્ને માર્ગ ઉપયોગી છે. એક
શેષ છે અને વિશેષ પ્રગતિને યોગ્ય સાધનોની પ્ર
કાશ છે, બીજામાં પ્રગતિ અલ્પ અને ધીમી છે-પ
માટે અને નિર્વાણપ્રાપ્તિ માટે બન્ને માર્ગ બહુ ઉ
બન્નેપર લક્ષ્ય આપવાની જરૂર છે.

૨. નિયમ.

ઇચ્છા ઉપર અંકુશ લાવવા માટે અનેક પ્રક
વ્યવસ્થા યોગમાં બતાવી છે. શૌચ, સંતોષ, સ્વ
દેવતાપ્રાનિધાન એ પાંચ પ્રકારના નિયમના સંબંધમાં
યોગભૂમિકાના નિરૂપણ પ્રસંગે વિવેચન કરી ગય
પાંચ નિયમના સંબંધમાં વિવેચન કરતાં વણીવિ
બત્રીશમી બત્રીશીમાં કહે છે કે શૌચથી છઠ્ઠો અશુચિ
વાથી શરીર ઉપર જુગુપ્સા થાય છે. માંસ, રૂધિર, મે
મજ્જાથી ભરેલી ચર્મની કોથળી ઉપર રાગ કરવો ઉ
એવી જ પરની કાયા હોવાથી તેનો સંસર્ગ કરવો

ગણાય ? આ શૌચભાવથી સાત્વિક ગુણની વૃદ્ધિ થાય છે અને રજસ્
અને તમોભાવનો અભિભવ થાય છે, ઇંદ્રિયોપર જય પ્રાપ્ત થાય છે
અને આત્મદર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. સંતોષથી ઉત્તમ
પ્રકારનું આત્મીય સુખ થાય છે; સ્વાધ્યાયથી ઇષ્ટદર્શન થાય છે;
તપસ્યા કરવાથી શરીર અને ઇંદ્રિયપર બહુ ઉત્તમ પ્રકારનો અંકુશ
પ્રાપ્ત થાય છે અને ઈશ્વરપ્રણિધાન નામના પાંચમા નિયમથી આત્મ-
સમાધિની પ્રાપ્તિ થાય છે.

નિયમોનો આવો ચમત્કાર હોવાથી ઇચ્છારોધ કરવા માટે
અનેક પ્રકારના નિયમો યોગાચાર્યોએ બતાવ્યા છે. આપણે અત્ર
યોગશાસ્ત્રનિર્દિષ્ટ ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું સંક્ષેપમાં
નિરૂપણ કરશું. શ્રાદ્ધનાં દ્વાદશ વ્રતમાં પ્રથમનાં પાંચ અણુવ્રતોનું પ્રથમ
યમ યોગાંગને અંગે ઉપર નિરૂપણ થઈ ગયું, એ પાંચની રક્ષા માટે
અને આત્માને બરાબર માર્ગપર રાખવા માટે ત્રણ ગુણવ્રતો અને
ચાર શિક્ષાવ્રતોની યોજના કરી છે. એ પાંચ અણુવ્રત, ત્રણ ગુણ-
વ્રત અને ચાર શિક્ષાવ્રત મળીને બાર વ્રત થઈ જાય છે અને દેશ-
વિરતિ શ્રાદ્ધાવસ્થાને અંગે અતિ અગત્યનો ભાગ ભજવે છે;
જ્યારે અણુવ્રતને બદલે સાધ્વવસ્થામાં પાંચ મહાવ્રત આદ-
રવામાં આવે ત્યારે બાકીના ગુણશિક્ષાવ્રતોના યોગ સહજ સાધ્ય
થઈ જતા હોવાથી સાધુ-યતિઓના સબંધમાં તેની જુદી વિવક્ષા
કરવાની જરૂર નથી તેથી તેઓને માટે ઉપરોક્ત શૌચાદિની
યોજના નિયમ નામના યોગાંગમાં આવે છે, જ્યારે શ્રાદ્ધ ગુણ-
વૃદ્ધિ માટે ગુણશિક્ષાવ્રતોની યોજના નિયમ નામના [illegible]
કરી હોય એમ [illegible]

અત્ર તો પ્રયોજન વગર થતી હાનિપર વિચાર થાય છે અને વિચા-
રણાથી પ્રતિજ્ઞા કરી તેનો ત્યાગ કરવામાં આવે છે. નવરા બેસી
રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજનની કથાઓ કરવી, ન્યૂસપેપર
વાંચવાં, નાટકો જોવાં, નવરા બેસી આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાવાં, કોઈ
જાતના લાભ વગર અન્ય માણસને પાપનો ઉપદેશ કરવો, પાપ-
માર્ગે જોડાવાની સલાહ આપવી, પ્રાણનો વધ કરે તેવાં શસ્ત્રો તથા
સાધનો એકઠાં કરી રાખી અન્યને આપવાં તે સર્વથી નિષ્કારણ
પાપ છે. ભાંડભવાયાના વેષો જોવા, નાટકો જોવાં, સીનેમેટોગ્રાફ
જોવા, મીઠો કાઢવાની સલાહ આપવી, ન્યૂસપેપરમાં આવેલ લડા-
ઈઓ, પાર્લામેન્ટ, મ્યુનિસીપાલીટી આદિ વાતોના તડાકા મારવા,
હવા કેવી છે વિગેરે પ્રશ્નો ઉપસ્થિત કરી વાતો લંબાવવી–એ સર્વ
નિષ્કારણ પાપો છે, મનને દુષિત કરનાર છે અને પરિણામે
કોઈ પણ પ્રકારનો લાભ કરનારા નથી. આવાં પાપો આખા દિવ-
સમાં પ્રાણી બહુ વહોરે છે. આ અનર્થદંડત્યાગમાં મુખ્ય ચાર
બાબતોપર ધ્યાન રાખવાનું છે. આર્ત્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો એ
પ્રથમ ઉપયોગી વ ત છે. એનાપર હવે પછી ધ્યાનન. વિષયને
અંગે વિચારણા કરવાની હોવ.માં અત્ર તપ. કાંઈ ઉલ્લેખ કરવ.માં
આ-યો નથી. પાપે પદેશ એ બાજો વિષય છે, એમા આરંભના કાર્ય.
ક-વ, નહી મીઠો . ડવ, નહીં . ને . . ર, નહી છે રો ખરીદવા,
ન ર મ ર.ને

પાત્ર છે અને સમ્યક્ત્વમાં સંતુષ્ટ, વિરતિ વગરના પણ વિરતિના ઇચ્છક અને તીર્થપ્રભાવના માટે ઉદ્યમી પ્રાણીઓ જઘન્ય પાત્ર છે. આવા પાત્રોને યથોચિત દાન આપવું, તેઓની યોગ્ય પ્રકારે પર્યુપાસના કરવી એ આ વ્રતમાં આવે છે. અપાત્ર અથવા કુપાત્રને કીર્તિ માટે દાન આપવામાં આવે અથવા અનુકંપા દાન આપવામાં આવે તેનો અત્ર સમાવેશ નહિ થતાં તે દયા-અનુકંપા વગેરેમાં પ્રવેશ કરે છે.

આવી રીતે ચારે શિક્ષાવ્રતોની વિચારણા ઉપરથી જણાયું હશે કે એનાથી ગુણપ્રાપ્તિ ઉપર લક્ષ્ય રહે છે, મૂળ ગુણની પોષણા થાય છે અને ધીમે ધીમે તે ગુણો પ્રાપ્ત કરવા તરફ ભાવ થાય છે. ગુણ તરફ લક્ષ્ય રખાવનાર, ગુણને પોષનાર અને ગુણમાં વધારો કરાવનાર આ શિક્ષાવ્રતો પણ બહુ ઉપયોગી છે.

આ બાર વ્રતોના અતિચાર અને તેઓનું સૂક્ષ્મ સ્વરૂપ અતિ વિસ્તારથી જૈન કથારત્નકોશના ભાગ ચોથામાં અર્થદીપિકા નામની શ્રાવક પ્રતિક્રમણસૂત્રની ટીકામાં અને બાર વ્રતની ટીપમાં છપાઈ ગયાં છે તે વાચવા ખાસ ભલામણ છે. અત્ર તો શ્રાદ્ધગુણને અંગે નિયમ નામના યોગના બીજા અંગને કેવી રીતે પોષે છે તે બતાવવા સારૂ તેનુ સામાન્ય દિગ્દર્શન કર્યું છે. સાધુઓને માટે પાંચ મહાવ્રતમાં આ વ્રતોનો સમાવેશ થાય છે અને તેની તેઓને માટે ગુણવ્રત અને શિક્ષાવ્રતની [illegible] અવશ્ય [illegible] અવશ્ય નથી એ વાત ઉપર [illegible] તેને માટે [illegible] વિવેચન કરવા [illegible]

ચિત્તની અસ્થિરતાનાં કારણોનો નાશ થાય છે; તેવી જ રીતે પર્યંકાસન વિગેરે સિદ્ધ આસનને બેસવાથી અનેક મહાત્માઓ આત્મારામને સાધી શક્યા છે તેથી આવાં સ્થાન આસનને સાધવાં અને તેની વ્યવસ્થા વખતે એને પસંદ કરવાના નિયમો લક્ષ્યમાં રાખવા. જ્યાં રાગદ્વેષના પ્રસંગો ઓછા હોય, જ્યાં બહુ માણસોનો અવરજવર ન હોય, જ્યાં ચિત્તની પ્રસન્નતા રહેતી હોય, એવું સ્થાન પસંદ કરવું. તીર્થંકર ભગવંત તથા કેવળી અને ભાવિતાત્મા મુનિ મહારાજાઓ નિર્વાણભૂમિ માટે તીર્થસ્થાનાદિ પસંદ કરે છે તથા ગોદોહાસન, ઉત્કટિકાસન વિગેરે ધારણ કરે છે તે પણ યોગના આ અંગને પુષ્ટિકારક હકીકત છે. આસન સિદ્ધ કરેલ માણસ ધર્મક્રિયામાં શરીરની નિશ્ચળતા જાળવી શકે છે અને સામાયિક પોસહાદિકમાં સ્થિર આસને બેસી શકે છે. શારીરિક ચપળતાનો આસન સિદ્ધ કરવાથી અવશ્ય રોધ થાય છે, એટલા માટે એની આવશ્યકતા છે. વ્યાખ્યાનાદિ અવસરે, પ્રતિક્રમણાદિકમાં મુનિ સ્થિર આસન લાંબા વખત સુધી જાળવી શકે છે તે યોગનું એક અંગ છે ને તેનો આમાં સમાવેશ થાય છે. એક પુસ્તકમાં હઠયોગને અંગે ચોરાશી આસનો બતાવ્યાં છે અને તેનાં ચિત્રો પણ આપ્યાં છે અને તે છપાયાં પણ છે. આ આસનોમાં શરીરને કષ્ટ આપવાનો હેતુ છે. મનને મજબૂત કરવાની વિશેષ જરૂર હોવાથી હઠયોગ ઉપર જૈન યોગીઓ વિશેષ ધ્યાન આપતા નથી અને તેની આવશ્યકતા એટલી બધી હોય એમ લાગતું પણ નથી. [illegible] અમુક આસને બેઠા પછી [illegible] પછી કદાચ [illegible] [illegible] શરીરનું [illegible] પણ [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સુધી લઈ આવવાનો વિધિ અને તેના ગમાગમનાં દ્વારો યોગગ્રંથો
બહુ સૂક્ષ્મ રીતે બતાવ્યાં છે. ઉપર બતાવેલા રેચક, કુંભક અને પૂ
કથી આ પ્રયોગ સારી રીતે થઈ શકે છે. પ્રાણ વાયુના જયથી જ
રાગ્નિનું પ્રાબલ્ય થાય છે, શ્વાસોચ્છ્વાસ દીર્ઘ થાય છે અને શરીર
લઘુતા થાય છે. સમાન અને અપાન વાયુના જયથી ગુમડાં તથ
થાનું રૂઝાઈ જવું થાય છે, પાચક અગ્નિ પ્રદીપ્ત થાય છે, ચરબી અલ્પ
થાય છે અને વ્યાધિનો નાશ થાય છે. ઉદાનના જયથી જળ તથા
કાદવની પીડા નાશ પામે છે. વ્યાનના જયથી કાંતિ પ્રબળ થાય છે
અને શરીર નિરોગી થાય છે. શરીરમાં અનેક પ્રકારના વ્યાધિઓ
થાય છે તેનો નાશ વિધિપૂર્વક પવનનો જય કરવાથી અભ્યાસ વડે
થઈ શકે છે. પવનના ચાર પ્રકારનાં મંડળ થાય છેઃ પૃથ્વી, અપ,
તેજ, વાયુ. આ ચાર મંડળમાંથી કયા મંડળમાં પવન વર્તે છે ત
જાણવાની આવશ્યક્તા છે. પૃથ્વીમંડળ વજ્રલાંછનયુક્ત સુવર્ણ વર્ણ-
વાળું હોય છે અને તેમાં જ્યારે પ્રાણ વાયુ વર્તે છે ત્યારે આઠ અંગુળ
પ્રમાણ શ્વાસ ચાલે છે. અપ મંડળ વરૂણ બીજના ચિહ્નયુક્ત અર્ધ-
ચંદ્રાકાર શુક્લ વર્ણવાળું હોય છે અને તેમાં પ્રાણ વાયુ બાર અંગુળ
ચાલે છે. તેજમંડળ [illegible]
[illegible] પીત વર્ણ-
[illegible]

નાડીવિજ્ઞાન

ચંદ્ર, સૂર્ય અને મધ્યમા અથવા સુષુમ્ણા એ ત્રણ નાડી કે[illegible] કહેવી તે આપણે ઉપર જોઈ ગયા. ચંદ્ર નાડી ડા[illegible] બાજુએ ચાલનારી અભીષ્ટને આપનારી ગણાય છે, સૂર્ય નાડી દક્ષિણ બાજુએ ચાલનારી અનિષ્ટનું સૂચન કરનારી છે અને સુષુમ્ણા નાડી મધ્યમા ચાલનારી નિર્વાણ ફળને આપનાર થાય છે ઉત્તમ કાર્યોમાં ચંદ્ર નાડી ઉપયોગી છે અને [illegible] કાર્યોમાં સૂર્ય નાડી ઉપયોગી છે અમુક તિથિએ ચંદ્ર નાડીનો ઉદય શુભ ગણાય છે અને અમુકમા સૂર્યનો ઉદય શુભ ગણવામા આવ્યો છે. અમુક નાડી અમુક રીતે કેટલાક દિવસ સુધી ચાલે તો તેથી મૃત્યુનો કાળ નક્કી કરી શકાય છે. આ ઉપરાત નાડીથી કાળજ્ઞાન પણ થઈ શકે છે. શરીરમાં વ્યાધિ વિગેરે હોય તો કેટલીક વાર ગોટાળો પણ થઈ જાય છે, તેથી બાહ્ય કાળનું લક્ષણ પણ બતાવવામા આવેલ હોય છે. નેત્રમા અમુક વિકાર થાય, મસ્તકમા અમુક દેખાવો જણાય અને કાનમા અમુક અવાજ સભળાય તેન થી પણ કાળજ્ઞાનનો નિર્ણય થઈ શકે છે આ સિવાય કાળજ્ઞાનના બીજા અનેક પ્રકારો છે અને તે સ્વરોદય વિગેરે ગ્રંથો[illegible]

યોગ ન કરવાનાં ઘણાં કારણો છે. એવા વિશિષ્ટ જ્ઞાનવાળા ગુરૂ મહારાજે મળવા લગભગ અશક્ય છે, જેઓ તેનો પ્રયોગ કરે છે તેઓમાં દંભ અને આત્મવંચના એટલી બધી હોય છે કે સત્યને શોધી કાઢવું મુશ્કેલ પડે છે અને એવી રીતે કદાચ નાડીજ્ઞાન પ્રાપ્ત થાય તો તે આડે રસ્તે ઉતારી નાખનાર થાય છે, શરીરસ્વાસ્થ્ય પૌદ્ગલિક છે અને પરપુરપ્રવેશ બહુધા કૌતુકાંતર હોવાથી સંસાર વધારનાર જ છે. આ પ્રમાણે હોવાથી પોતાને ખાસ લાભ હોય તો જ પ્રાણાયામ નામના યોગના અંગનો આશ્રય કરવો. આ વિષયમાં સામાન્ય રીતે ચર્ચા કરતાં શ્રી મહોપાધ્યાય યશોવિજયજી ઉપાધ્યાય બાવીશમી બત્રીશીમાં ચોથી યોગદૃષ્ટિપર ઉલ્લેખ કરતાં પ્રાણાયામની વ્યાખ્યા આપી જણાવે છે કે "પ્રાણાયામથી ધારણાની યોગ્યતા થાય છે એવો પતંજલિ વિગેરેનો અભિપ્રાય છે; ભગવાનના સિદ્ધાન્તમાં તો શ્વાસોચ્છ્વાસના રોધથી વ્યાકુળતા થવાના હેતુથી તેનો નિષેધ કર્યો છે. અમુક વ્યક્તિને ઉપયોગી હોય તો તેણે પ્રાણાયામ કરવા, કારણ કે યોગીઓને નાના પ્રકારની રૂચિ થાય છે અને પોતાની રૂચિ પ્રમાણે યોગનો ઉપાય કરવામાં આવે તો ઉત્સાહ રહે તેથી પ્રાણાયામથી પણ કાર્યસિદ્ધિ થઈ જવા તેવા પ્રાણીને નમે છે. યોગબિન્દુમાં યોગસિદ્ધિના છ પ્ર[illegible] હરિભદ્રસૂરિએ બતાવ્યા છે: ઉત્સાહથી, નિશ્ચયથી, ધૈર્યથી, [illegible]થી તત્ત્વદર્શનથી અને જનપદ (લોક)ના [illegible] પ્રાણીની ઇંદ્રિયવૃત્તિના નિરોધ [illegible]

[illegible]

પ્રત્યાહાર કહેવામાં આવે છે. ઇંદ્રિયવૃત્તિઓ ચિત્તવૃત્તિની સાથે યથાર્થ-
રૂપે અનુકાર કરનારી થાય એ તો અસંભવિત છે પણ જ્યારે ચિત્ત
ધ્યેય તરફ જાય ત્યારે વિષયો તરફ ઇંદ્રિયો ન જાય એવો ગૌણ અનુ-
કાર ઇંદ્રિયોનો થઇ જાય છે. તાત્પર્યાર્થ એ છે કે ઇંદ્રિયો પોતાના
વિષયો તરફ ન જતાં ચિત્તવૃત્તિ જ્યારે નિરોધસમયે ધ્યેયાભિમુખ
રહે ત્યારે તેમાં ખલેલ ન પહોંચાડે એવી સ્થિતિને પ્રત્યાહાર કહે
છે. સામાન્ય રીતે આપણે અનેક પ્રસંગે જોયું છે કે ઇન્દ્રિયો પોતાના
વિષયો તરફ એવી જોરથી ચાલ્યા કરે છે કે ચિત્તવૃત્તિને પણ તે
મલિન કરી નાખી વિષયો તરફ ખેંચી જાય છે, પરંતુ ચિત્તવૃત્તિ
મજબૂત થઈ જ્યારે ધ્યેય તરફ જાય છે ત્યારે કાંઈ પણ પ્રયત્ન કર્યા
વગર ઇંદ્રિયો પણ તત્સન્મુખ થઈ જાય છે. ચિત્તને તેટલા માટે
ધ્યેયાભિમુખ કરવાની ખાસ જરૂર છે અને તે આ યોગાંગમાં થાય છે.
આ પ્રત્યાહારથી ઇંદ્રિયો બહુ સારી રીતે વશ થઈ જાય છે, તેનો
જય થાય છે અને તે અંકુશમાં આવી જાય છે. પ્રત્યાહારથી એટલી
પ્રગતિ થાય છે કે વિષયમાં જે આનંદ થતો હોય છે તે દૂર થાય
છે અને મનની એવી અવસ્થા દૂર થવાથી સામાન્ય રીતે તે જુદા
જુદા પદાર્થ ઉપર અથવા પરિભાષામાં કહીએ તો ધ્યેય ઉપર સ્થિર
[illegible]
[illegible] તરીકે આ પ્રત્યાહાર
[illegible] એની [illegible]
[illegible]

૬. ધારણા.

યોગના આ છઠ્ઠા અંગના સંબંધમાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય બહુ સંક્ષેપમાં ઉલ્લેખ કરે છે. ધ્યેયદેશપર ચિત્તને સ્થાપન કરી ત્યાં તેને એકાગ્ર કરવું તેનું નામ ધારણા છે; (૩-૧) ભગવાન્ પતંજલિની ધારણા શબ્દની આ વ્યાખ્યા સ્વીકારાયલી છે. ધારણાના દેશની શ્રયો કરતાં તેના બે વિભાગ બતાવવામાં આવ્યા છે: બાહ્ય અને અભ્યંતર. બાહ્ય પદાર્થોમાં સગુણ ઈશ્વરનું ધ્યાન કહે છે અને અભ્યંતરમાં નાભિના, જિહ્વા તથા સાત ચક્રોની વ્યવસ્થા બતાવે છે. આધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપૂર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધિ ચક્ર, આજ્ઞા ચક્ર અને અજરામર ચક્રનું સ્વરૂપ બતાવી તેનો પ્રયોગ સદ્ગુરૂ પાસેથી શીખી લેવાની ભલામણ કરે છે. પાતંજળ દર્શનના ત્રીજા પાદના પ્રથમ સૂત્રનું વિવેચન વાંચી જવાની અત્ર ભલામણ કરવામાં આવે છે, કારણ કે એ વિષય જરા ગંભીર છે અને ગુરૂમુખના જ્ઞાન વગર માત્ર અહીં લખી જવાથી સમજાય તેવો નથી. ધારણાદેશનો નિર્ણય કરતા હેમચંદ્રાચાર્ય નાભિ, હૃદય, નાસિકાનો અગ્ર ભાગ, કપાલ, ભ્રુકુટિ, તાલુ, આંખ, મુખ, કાન અને મસ્તક એટલાં સ્થાન બતાવે છે. એને માટે નિયમ એવો છે કે જેમ ધનુષ્યનો પ્રયોગ શીખનાર માણસ પ્રથમ સ્થૂળ વિષયને લક્ષ્ય કરે છે અને પછી ધીરે ધીરે સૂક્ષ્મ તરફ વધતો જાય છે. તે પ્રમાણે અહીં પ્રથમ નાભિ વિગેરેમાં મૂર્ત પદાર્થ ધ્યેય કરી ધારણા કરવી અને તેમાં સ્થિર થયા બાદ આગળ પ્રગતિ કરી અંતરના ચેતનગુણ [illegible] રીતે પૃથક્ પૃથક્ સ્થાન-કોમાં [illegible] આત્મન ધ્યાનની અને મૂર્તિમાન્ કરેલા પર-માત્મ સ્વરૂપની [illegible] કેટલી જરૂરીઆત છે તે અહીં સ્પષ્ટ થાય છે. [illegible] માટે છે એટલે [illegible] ઉપયોગી છે. શરૂઆત [illegible] નથી એ [illegible] સમ-જાય છે. [illegible] ધારણા, ધ્યાન અને સમાધિ સર્વ સાધ-નનું છે અને [illegible] તથા વિશિષ્ટ અધિકારી માટે પણ ઘણાં ઉપ-યોગનાં છે. [illegible] ધ્યાન [illegible] ઉપયોગી છે

અને તેનાપર યોગગ્રંથકારોએ અને ખાસ કરીને જૈનાચાર્યોએ બ[illegible]
લખ્યું છે. તે યોગના વિષયના કેન્દ્રસ્થાનીય અંગપર હવે આપ[illegible]
વિચાર કરી જઇએ.

૭. ધ્યાન.

યોગના આ અતિ અગત્યના અંગ ઉપર બહુ વિચારપૂર્વક લક્ષ્ય આપી તેનું રહસ્ય સમજવા યોગ્ય છે. ધારણામાં ધ્યેયના એક દેશમાં ચિત્તવૃત્તિને સ્થાપવામાં આવે છે, ધ્યાનમાં એકાગ્રતા કરવામાં આવે છે. ધ્યાનથી કર્મોનો પ્રબળપણે ક્ષય થઈ જાય છે અને તેના પ્રકારથી રાગાદિ અંધકાર દૂર થઈ જાય છે. સાધ્યપ્રાપ્તિનું પ્રબળ કારણ ધ્યાન છે અને પાપસમૂહનો નાશ કરવા માટે તે અગ્નિ સમાન છે. ધ્યાનથી ચિત્તની એકાગ્રતા થવાથી અનેક પ્રકારના લાભ થાય છે એ સંદેહ વગરની બાબતપર તેનું મહત્ત્વ સ્પષ્ટ કરવા લગભગ દરેક જૈન યોગપર વિવેચન કરનાર આચાર્યોએ લાંબો ઉલ્લેખ કર્યો છે. આ ધ્યાનના વિષયપર વિવેચન કરતાં પહેલાં જૈન યોગગ્રંથોમાં તેના કેવી રીતે વિભાગ પાડવામાં આવ્યા છે તે બતાવી દેવાથી વિષય સ્પષ્ટ થઈ જશે. પ્રથમ જ્ઞાનાર્ણવ નામના ગ્રંથમાં શુભચંદ્રાચાર્યે કેવી રીતે ધ્યાનના વિભાગ પાડ્યા છે તે બાજુના પૃષ્ઠપર લખેલા પટપરથી વિચારમાં લેવું (જુઓ પૃ. ૧૩૩). તેઓએ જે વિભાગ પાડ્યા છે તેપરથી જણાશે કે તેઓ ધ્યાનના પ્રથમ દુર્ધ્યાન અને શુદ્ધ ધ્યાન એ બે વિભાગ કરે છે. દુર્ધ્યાન યોગનું અંગ નથી, છતાં તેના જ્ઞાનની પણ બહુ જરૂર છે, કારણ કે તેનું સ્વરૂપ જ્યાંસુધી સમજવામાં આવે નહિ ત્યાંસુધી [illegible]
[illegible] નહિ ત્યાંસુધી [illegible]

તેને પ્રથમ અનિષ્ટસંયોગ આર્તધ્યાન કહેવામાં આવે છે. પોતાને પસંદ ન આવે તેવા સંયોગો પ્રાપ્ત થતાં પ્રાણી મનમાં કેવા કેવા વિચારો કરે છે એ આપણા દરરોજના અનુભવનો વિષય છે. કોઈ અનિષ્ટ વાત સાંભળવાથી, દેખવાથી અથવા જાણવાથી મનમાં જે ખેદ થયા કરે છે અને તેની હકીકતનો અથવા તેને ઉત્પન્ન કરનારનો પ્રસંગ દૂર કરવા અથવા તેના સંબંધી કામ લેવાને અનેક પ્રકારની જે સંકલના મનમાં થઈ આવે છે અને તેની સ્થિતિમાં વર્તતી વખત મનમાં જે અનેક ખ્યાલ, ખેદ, આહટ દોહટ થયા કરે છે તે સર્વનો આ પ્રથમ વિભાગમાં સમાવેશ થાય છે. એમાં અનિષ્ટના વિયોગનું ચિંતવન થયા કરે છે અને તે માટે પટના કરવા મનમાં ધમાધમ ચાલે છે તે સર્વનો અત્ર સમાવેશ થાય છે. ઐશ્વર્ય, સ્ત્રી, પુત્રો, અધિકાર, મિત્ર વિગેરે ઇષ્ટ વસ્તુઓનો તથા જીવોનો વિયોગ થતી વખત અથવા થયા પછી મનમાં જે દુર્ધ્યાન ચાલે છે તેને ઇષ્ટવિયોગ આર્તધ્યાન કહેવામાં આવે છે. મોહથી, રાગથી, શોકથી કે સંભ્રમથી આવા ઇષ્ટવિયોગપ્રસંગે પ્રાણી જે વર્તન કરે છે તે અવલોકન કરનારને અતિ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી છે. સાંભળવાથી, દેખવાથી અથવા જાણવાથી કે જોવાથી જે વસ્તુ આનંદ આપતી હોય તે પૌદ્ગલિક વસ્તુઓ કોઈ પણ કારણથી દૂર થાય અથવા તેને તજવી પડે કે તેનો નાશ થાય અથવા પોતાના સંસારી [illegible] કુલ વખત માટે અથવા સર્વથા વિયોગ થાય ત્યારે મનની જે સ્થિતિ થાય છે અને ફરી તેનો સંયોગ થઈ શકતો હોય તો તેમ કરવા માટે જે [illegible] થાય છે અને ન થઈ શકતો હોય તો જે [illegible] થાય છે તે મનના આ ઇષ્ટવિયોગ વિભાગમાં સમાવેશ થાય છે. આ ઇષ્ટવિયોગ અને પૂર્વના અનિષ્ટસંયોગ [illegible] મનોવૃત્તિની [illegible] સમાઈ જાય છે અને બરાબર [illegible] પ્રકારના આર્તધ્યાનમાં જ પ્રાણીઓ મોટે ભાગે કાળ વ્યતીત કરે છે. શરીરને અનેક પ્રકારના વ્યાધિ થાય છે તેમાં કેટલાક સામાન્ય હોય છે, કેટલાક રાજરોગ હોય છે, કેટલાક ચેપી હોય છે. કોઈ વ્યાધિ થાય તે વખતે હવે મારું શું થશે એવી ચિંતા-[illegible] થાય અને વ્યાધિ ન થયા હોય તેવા પ્રકારના વખતમાં કદાચિત મને [illegible], [illegible], અતિસાર, મહામારી વિગેરે કોઈ વ્યાધિ થઈ જાય

શુભચંદ્ર ગણિનો ધ્યાન વિષય વિભાગ (જ્ઞાનાર્ણવ).

- ધ્યાન.
  - અપધ્યાન.
    - આર્ત.
      - ૧ અનિષ્ટસંયોગ
      - ૨ ઇષ્ટવિયોગ.
      - ૩ રોગચિંતા.
      - ૪ ભોગાર્તે (અગ્રશોચ)
    - રૌદ્ર.
      - ૧ હિંસાનંદી.
      - ૨ મૃષાનંદી.
      - ૩ ચૌર્યાનંદી.
      - ૪ સંરક્ષણાનંદી.
  - સદ્ધ્યાન.
    - ધર્મ.
      - ૧ આજ્ઞાવિચય.
      - ૨ અપાયવિચય.
      - ૩ વિપાકવિચય.
      - ૪ સંસ્થાનવિચય.
        - (અ) ચૌદ રાજનું સ્વરૂપ.
        - (બ) મધ્ય લોકનું સ્વરૂપ.
        - (ક) અધો લોકના દુઃખનું વર્ણન.
        - (ડ) ઊર્ધ્વ લોકનાં સુખનું વર્ણન.
        - (ઇ) મોક્ષનું સુસ્થિત સ્થાન.
      - ધ્યાનના ચાર ભેદ
        - ૧ પિંડસ્થ.
          - પિંડસ્થ. — પંચધારણા
        - ૨ પદસ્થ
        - ૩ રૂપસ્થ
          - રૂપસ્થ.
            - રૂપમાં દિવ્ય
            - સમવસરણસ્થિત
            - વીતરાગ ભાવસ્મરણ
        - ૪ રૂપાતીત
    - શુક્લ.
      - પૃથક્ત્વ વિતર્ક વિચાર.
      - એકત્વ વિતર્ક અવિચાર.
      - સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતી.
      - સમુચ્છિન્ન ક્રિય.

* પ્રકા. આ. નેવી ... [illegible] ... પ્રકર્ષ

[illegible]

ભાવનાઓમાં આવી રીતે અપ્રશસ્ય દુર્ધ્યાન થાય છે એટલુંજ ની
પણ જે પ્રાણી શુભ ક્રિયાઓ કરી તીર્થંકરપદ પ્રાપ્ત કરવા ઇચ્છ
રાખે છે અથવા તેથી પોતાના બાહ્ય શત્રુસમૂહનો ઉચ્છેદ કરવ
વિચાર કરે છે કે શુભ ક્રિયા દ્વારા માન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ધારણ
રાખે છે તે પણ આજ દુર્ધ્યાનમાં આવે છે. શુભ ક્રિયાનાં ફળ તરીકે
અમુક વસ્તુ પ્રાપ્ત થઈ જવી એ જૂદી વાત છે અને મનમાં અમુક
પૌદ્ગલિક ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી* અમુક ક્રિયા કરવી એ જૂદી
વાત છે. આ અપ્રશસ્ય આર્ત્તધ્યાન બહુ હેરાન કરનાર છે અને
ઘણાખરા પ્રાણીઓ લાભાલાભનો વિચાર કર્યા વગર તેના ભોગ થઈ
પડે છે એ પ્રત્યેકનો દરરોજના અનુભવનો વિષય છે. આ ચારે આર્ત્ત
ધ્યાન એવાં છે કે એને કરવા માટે કોઈ પાસે શિક્ષા લેવા જવી
પડતી નથી, અનાદિ અભ્યાસને લીધે પ્રાણી જાણે તે શીખીને જ
જન્મેલો હોય છે અને એના સંસ્કાર એટલા જબરા પડેલા હોય છે
કે ખાસ તેને દૂર કરવા માટે પ્રબળ પ્રયાસ ન કરે તો તે કદિ ખસી
જતા નથી અને ખસે નહિ ત્યાંસુધી આ પ્રાણીને સંસારસાગરમાં
રખડાવ્યા કરે છે અને બહુ રીતે અનેક કષ્ટયાતના આપી તેને ઊંચો
આવવા દેતા નથી. આર્ત્તધ્યાનમાં શંકા, શોક, ભય, પ્રમાદ, કલહ,
ચિત્તભ્રમ, ભ્રાંતિ, ઉન્માદ, વિષયલોલુપતા, નિદ્રા, જડતા, મૂર્છા વિગેરે
મોહના ચિહ્નો સ્પષ્ટ રીતે થાય છે. એ દુર્ધ્યાનના પ્રત્યેક વિભાગો
બહુ સ્પષ્ટ રીતે લક્ષ્યમાં રાખી સમજવા યોગ્ય છે. એના પરિણામે
પ્રાણી ઘણું કરીને [illegible] કરે છે.

[illegible] દુર્ધ્યાનને [illegible]
[illegible]

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યની સદ્ધ્યાન વિચારણા (યોગશાસ્ત્ર)

શુભ ધ્યાન.

ધ્યાતા

1 સંવરી
2 અનાસક્ત.
3 પરિષહ સહન કરનાર
4 મુમુક્ષુ
5 ઉદાસીન.
6 નિર્વેદ.
7 નિષ્કામ
8 નિસ્પૃહ.
9 સંવેગી
10 સમભાવ.
11 [illegible]
10 નિર્ભય.
11 આત્મારામ
12 નિશ્ચલ
13 ધીર

ધ્યાન

ધર્મધ્યાન.
ચિત્તને સ્થિર કરી ધ્યાવાનું
ભેદ.
1 આજ્ઞા.
2 અપાય.
3 વિપાક.
4 સંસ્થાન
શુક્લધ્યાન.
1 પૃથક્ત્વવિતર્ક સવિચાર
2 એકત્વવિતર્ક અવિચાર [illegible]
3 સૂક્ષ્મક્રિય
4 ઉચ્છિન્નક્રિય

ધ્યેય

1 પિંડસ્થ.
2 પદસ્થ.
3 રૂપસ્થ.
4 રૂપાતીત.
પિંડસ્થ.
પાંચ ધારણા.

પાર્થિવી આગ્નેયી મા. વા. તત્ત્વ.
પદસ્થ
1 [illegible]
[illegible]
[illegible]
2 [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
3 [illegible]
4 [illegible]
[illegible]
[illegible]



અનુભવ કરે છે અને અશાતાવેદનીયના ઉદયથી દુઃખનો અનુભવ
કરે છે. દેવ મનુષ્યાદિ ગતિમાં શાતાવેદનીયના ઉદયથી ઘણુ પ્ર-
કારનાં સુખ અનુભવે છે, જો કે તે સુખ નરકાદિની પરંપરા કરેલ
આયુષ્યાદિનું આસ્વાદન કરવા જેવાં છે, કારણ કે તેથી પરિણામે દુઃખ
થાય છે અને અશાતાવેદનીયના ઉદયથી તિર્યંચ નરક ગતિમાં
અનેક પ્રકારનાં દુઃખ અનુભવે છે. દેવ મનુષ્ય ગતિમાં પણ અશા-
તાનો ઉદય થાય છે તે અશાતાવેદનીય કર્મ સમજવું. મનુષ્ય મોહ-
નીય કર્મને મદિરા સમાન કહેલ છે કે દર્શનમોહના ઉદયથી શુદ્ધ દૃષ્ટિનો
લોપ થાય છે અને તેમ થવાથી પ્રાણી સત્યને અસત્ય અસત્યને સત્ય
માનતો તથા બંનેને સરખાં માનતો કે નહિ માનતો સંસારસમુદ્રમાં
ડૂબતો જાય છે, સમકિત-શુદ્ધ શ્રદ્ધાન પામતો નથી અને ચારિત્રમોહ-
નીયના ઉદયથી સ્વનો સાક્ષાત્કાર કરી શુદ્ધ ચારિત્રમાં રમણતા કરી શકતો
નથી. સંયમ પ્રાપ્ત કરીને પણ વારંવાર પ્રમાદ થયા કરે, કષા-
યના થાય અને પતિત થયા કરે તે સર્વ આ ચારિત્રમોહનીયનો ઉદય
સમજવો. આયુષ્યમાં પછી દેવાયુ કર્મના ઉદયથી દેવગતિમાં ઉત્પન્ન
થઈ ત્યાં અનેક પ્રકારનાં મનોવાંછિત સ્થૂળ સુખોનો અનુભવ કરે
છે, મનુષ્યગતિમાં અલ્પ કંઈક સુખ અને કંઈક દુઃખનો અનુભવ
કરે છે. તિર્યંચ આયુષ્યના ઉદયથી જળચર, સ્થળચર, ખેચર તેમજ
[illegible] દુઃખનો અનુભવ કરે છે અને
[illegible]

પોતાના નિયમ પ્રમાણે પામ્યા કરે છે, તેનો કોઈ કરનાર છે નહિ અને
હોઈ પણ શકે નહિ. તેથી તે લોક અનાદિસિદ્ધ છે. ઊર્ધ્વ લોક,
તિર્યગ્ લોક અને અધો લોક એવા ત્રણ વિભાગવાળા આ લોકને
સુરાસુરનરનો આધાર કહેવામાં આવે છે. ઘનોદધિ, ઘનવાત અને
તનુવાત એ ત્રણ અધોલોકને ધારણ કરી રાખે છે અને એ સર્વ
આકાશ ઉપર રહે છે. એ લોક નીચે વેત્રાસન (ખુરશી)ના આકાર-
વાળો છે, વચ્ચે ઝલ્લરી જેવા આકારનો છે અને ઉપર મૃદંગનો
આકાર ધારણ કરે છે. (લોકનાલિકાનું ચિત્ર ઘણી જગાએ ચિતરેલ
હોય છે તે જોવાથી આ આકાર સ્પષ્ટ થશે.) એની ઊંચાઈ નીચેથી
મધ્ય લોક સુધી સાત રાજની છે અને મધ્યથી ઊંચે સુધી સાત
રાજની છે. પહોળાઈ નીચે સાત રાજની છે, વચ્ચે ઘટીને એક રાજની
થઈ જાય છે અને ઉપરના ભાગમાં વચ્ચે પાંચ રાજની થઈ આખરે
ઉપર જતાં એક રાજની થઈ જાય છે. (એક રાજનું પ્રમાણ અસં-
ખ્યાતા યોજન સમજવું.) આમાં નીચેના સાત રાજમાં અતિ ભયં-
કર નારકીઓનો વાસ છે અને તેની સાત ભૂમિઓ છે. સર્વથી
નીચેની ભૂમિ અતિ ભયકર, તેની ઉપરની જરા સારી, એમ ઉત્તરો-
ત્તર ભૂમિઓ હોય છે. કેટલાક નારકીનાં ક્ષેત્ર અતિ ઉષ્ણ હોય છે
અને કેટલાક તદ્દન શીત હોય છે. તેની ગરમી તથા ઠંડી એવી હોય
છે કે તેની પાસે આફ્રિકાના સહરાના રણની ગરમી કે ઉત્તર ધ્રુવના
પ્રદેશની ઠંડી કશી ગણતરીમાં આવે નહિ. સખ્તમાં સખ્ત પોલાદ
જાતનું [illegible] પણ પ્રવાહી થઈ જાય એવી સખ્ત ગરમી ત્યાં
હોય છે [illegible]
[illegible] મદ્ય માંસનું ભક્ષણ કરનાર,
[illegible] અસત્ય
[illegible] પરસ્ત્રી લંપટ
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]



મોક્ષ ન જાય તો દેવલોક તથા ગ્રૈવેયક વિગેરે દેવ સબંધી અનેક પ્રકારનાં સુખો ભોગવી આનંદમાં જીવન ગાળે છે અને ત્યાંથી કાળ કરી ઉત્તમ કુળમાં જન્મ લઈ સુંદર ભોગો ભોગવે છે. તેમજ પછી વિવેક આદરીને સ્થૂળ સુખ અને આત્મીય સુખ વચ્ચેનો તફાવત જુએ છે અને ધ્યાનનો આશ્રય કરીને કામભોગનો ત્યાગ કરે છે અને શુભ ધ્યાનથી સર્વ કર્મનો નાશ કરીને અવ્યયપદ પ્રાપ્ત કરે છે. આવી રીતે ધર્મધ્યાન બહુજ ઉપયોગી હોવાથી તે ખાસ લક્ષ ખેંચનાર છે. એ આલંબન ધ્યાન છે એ આટલા વિવેચન ઉપરથી જોવામાં આવ્યું હશે. હવે પછી જ્યારે નિરાલંબી શુક્લધ્યાનપર વિવેચન કરવામાં આવશે ત્યારે તેની અને ધર્મધ્યાનની વચ્ચે તફાવત શું છે તે બરાબર સમજાશે. ધર્મધ્યાનના વિષયને જૈન યોગકારોએ બહુ વિસ્તારથી ચર્ચ્યો છે. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય ધ્યેય વિશેષને અંગે તેના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા ચાર વિભાગ પાડે છે અને જ્ઞાનાર્ણવમાં શુભચંદ્રાચાર્ય ધર્મધ્યાનના એજ ચાર ભેદો પાડે છે. એ ચારે ભેદોને ધ્યેયના પેટાવિભાગ સમજવામાં આવે તો તે વસ્તુસ્વરૂપને અંગે વિરોધ રહિત લાગે છે. એ પિંડસ્થાદિ ધર્મધ્યાનનું સ્વરૂપ એટલું આકર્ષક કરનારૂં છે કે એપર જરા નજર પણ દષ્ટિપાત કરી જવે. એ આ પ્રસ્તુત પ્રકરણને અંગે ખાસ ઉપયોગી જણાશે. આપણે ઉપરોક્ત છે [illegible]
ધ્યાનનું સ્વરૂપ [illegible]

આત્મીય વિષય છે અને આત્મા જો વિશેષ વિકસિત થયો ન હોય તો ઘણીવાર તેના દ્વારાજ તે મોહમાં પડી જઈ નીચો ઉતરી જાય છે તેથી આ વિષયમાં ખાસ સંભાળ રાખવાની જરૂર છે. પોતાની યોગ્યતા વિચારી અવલંબનોને તજવાં નહિ, તેમાં પણ સિદ્ધ અવલંબનોને તજી દેવાથી ઘણીવાર પ્રથમ પગથિયુંજ હાથથી ચાલ્યું જાય છે અને પોતે યોગમાં આગળ વધ્યો છે એમ માનનાર મનુષ્ય તદ્દન પ્રાથમિક સ્થિતિમાં પણ હોતો નથી એ વાત લક્ષ્યમાં રાખવી. આ અગત્યની બાબતપર તેટલા માટે લક્ષ્ય રાખવાનું જણાવી આપણે પિંડસ્થાદિ ચાર વિભાગપર વિચાર કરીએ.

પિંડસ્થધ્યેય. આ વિભાગમાં પાંચ ધારણાઓનો સમાવેશ થાય છે. પિંડનો અર્થ અહીં વસ્તુ સમજવો. ધ્યેય આત્માને કરવાનો છે, પરંતુ તેના પ્રકાર જુદા જુદા છે અને તે જુદી જુદી રીતે ધ્યાનવિષય થઈ શકે છે. એ માટે પાંચ પ્રકારની ધારણાનું સ્વરૂપ અહીં ખાસ સમજવા યોગ્ય છે. પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્ત્વભૂ અથવા તત્ત્વરૂપવતી એવી પાંચ ધારણાઓ છે. પ્રથમ પાર્થિવી ધારણામાં આત્માને ધ્યેય કરે તે આવી રીતેઃ નિઃશબ્દ, કલ્લોલ રહિત, ક્ષીર સમુદ્ર જેનું પ્રમાણ મધ્યલોક જેવડું છે તેની વચ્ચે એક હજાર પાંખડીવાળું, જેની કાંતિ ચારેતરફ ફેલાઈ ગઈ છે અને જેનો રંગ સુવર્ણ જેવો છે એવું કમળ વિચારવું. એ કમળની મધ્યમાં મેરૂપર્વત જેટલી ઊંચાઈવાળી પીળા રંગની અને દિશાઓને શોભાવતી કર્ણિકા વિચારવી, એ કર્ણિકા ઉપર એક શ્વેત રંગનું ઊંચું સિંહાસન ધારવું અને તે સિંહાસન ઉપર પોતાના આત્માને ક્ષોભ રહિત, સુખરૂપે અને શાંત મુદ્રાએ બિરાજેલ ચિંતવે અને સાથે વિચારે કે આવો સુંદર ચેતન રાગદ્વેષ દૂર કરવા સમર્થ છે અને સંસારને ઉત્પન્ન કરનાર કર્મોનો નાશ કરવાના ઉદ્યમમાં ઉદ્યત થઈ રહેલ છે. આવી રીતે આત્માનું ચિંતવન કરી તેને તે સિંહાસન પર બેઠેલો ચિંતવે. એ પ્રથમ પાર્થિવી ધારણાનું સ્વરૂપ છે. એમાં ચેતન એટલી વિમલ દશા ભોગવે છે કે તેનું સ્વરૂપ અનુભવગમ્યજ થઈ શકે તેમ છે. બીજી આગ્નેયી ધારણામાં પ્રથમ તે પોતાના નાભિકમળમાં સોળ પત્રનું

[illegible] લિખવે, જેમ [illegible] તે કેમ લિખવાં અને તે [illegible]
[illegible]
[illegible] કરવી અને [illegible]
[illegible] કે જેમ [illegible]
[illegible] પ્રથમ [illegible]
[illegible] અને [illegible]
[illegible]
[illegible] કે તેને [illegible] લિખવું [illegible]
[illegible]
[illegible] છે [illegible]
કેમ લિખવું [illegible]
[illegible] કે કેમ [illegible]
[illegible] કેમ લિખવી તે [illegible]
[illegible] કે કેમ [illegible]. તે [illegible]
[illegible] કરે છે, [illegible] કરે
અને [illegible] પણ [illegible] કરી [illegible]
[illegible]

ગર્જનાદિથી મુક્ત અને તારાગણોએ મંડિત આકાશ ચિંતવે. એ તારાગં-
માંથી અમૃતની પેઠે અથવા મોતીનાં બિંદુઓની ધારા પેઠે તરગાર ધીમે
ધીમે પડે છે એમ વિચારે. તેમાં અર્ધ ચંદ્રાકાર, મનોહર અને અમૃત-
મય જળનો પ્રવાહ આકાશને ભરપૂર કરી દે છે એમ ચિંતવે અને તે
આ દિવ્ય ધ્યાનથી થયેલા જળના અચિંત્ય પ્રભાવથી સમસ્ત કામ
પૂર્ણ છે એમ ચિંતવન કરે. જળના પ્રવાહથી કર્મરજ સાફ થાય છે
એનો અત્ર વિચાર કરવાનો છે, પણ કલ્પના આકાશ વિગેરેની
હોવાથી બહુ આનંદપ્રદ લાગે છે. ઉનાળાના દિવસોમાં ઝરમર ઝર-
મર વરસાદ આવતો હોય, તરબી જરા પણ હોય નહિ અને સર્વ
દિશાઓ શાંત હોય એ વિચાર જ એક પ્રકારની શાંતિ આપે છે.
આનથી તત્ત્વભૂ અથવા તત્ત્વરૂપવતી ધારણામાં સાત ધાતુ રહિત,
પૂર્ણચંદ્ર જેવા નિર્મળ અને સર્વજ્ઞ સમાન પોતાના આત્માને ચિંતવે.
એમ ધ્યાવે છે કે પોતાના ચેતનજી અથવા પોતે યોગસિંહાસન પર
આરૂઢ થયેલ છે, દિવ્ય અતિશયથી વિરાજમાન છે, કલ્યાણ મહિમા
સહિત છે, દેવ અને દાનવથી પૂજિત છે, છેવટે તેના સર્વ કર્મો ક્ષય
[illegible]

થતી નથી. એ સ્થિરતા પ્રાપ્ત કરવા માટે પ્રથમ સ્વાધીન ચિંતવનોથી મનને વશ કરવું જોઇએ. તેને માટે શરૂઆતમાં આલંબનની ખાસ જરૂર છે અને તે માટે પૃથ્વી આદિ તત્ત્વની ધારણા કરવાની જરૂર છે. પૃથ્વી સંબંધી ધારણાથી મન સ્થિર થાય, અગ્નિની ધારણાથી મન અને શરીરને તેમજ કર્મોને દગ્ધ કરવાની કલ્પનાથી મનનું સ્થંભન થાય, પવનની ધારણાથી શરીર અને કર્મની ભસ્મને ઉડાવીને મનને શોભાવે, જળની ધારણાથી રહી ગયેલી રજને ધોઈ નાખી મનને સ્થિર કરે અને પછી આત્મા પોતે જ્ઞાનાનંદમય છે અને શરીર અને કર્મ રહિત છે એમ ચિંતવી તેનામાં મનને સ્થિર કરે. આવી રીતે સાલંબન ધ્યાનથી અભ્યાસ દૃઢ થતો જાય છે અને છેવટે આવા વિશિષ્ટ ધ્યેયના આલંબનથી ચેતન શુક્લધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. નિરાલંબન ધ્યાન કેવી રીતે થાય છે તે હવે પછી જોવામાં આવશે. અત્ર પિંડસ્થ ચેતનને ધ્યેય કરવાની અભિનવ કલ્પનાપર વિચાર કર્યો, હવે તેથી આગળ વધીએ.

પદસ્થ ધ્યેય:—આ ધર્મધ્યાનના ભેદમાં જૂદાં જૂદાં પદો લઇને આત્મારામનું ધ્યાન કરવામાં આવે છે. આલંબન અત્ર પદોનું રહે છે. પ્રથમ વર્ણમાતૃકા નામનું પ્રસિદ્ધ પદ છે; તેમાં નાભિ ઉપર કમળની સ્થાપના કરવી, તેની સોળ પાંખડી ચિંતવીને પ્રત્યેકપર અ થી અઃ પર્યંત સોળ સ્વરોની સ્થાપના કરવી અને તે સર્વ ફરતા જાય છે એમ ચિંતવવું. તેની ઉપર હૃદયમાં ચોવીશ પાંખડી અને કર્ણિકાવાળા કમળની સ્થાપના કરવી અને તે પ્રત્યેક પાંખડીપર અને કર્ણિકાપર થઇને ક થી મ સુધીના વ્યંજનોની સ્થાપના કરવી. વદન ઉપર આઠ [illegible] સ્થાપના કરવી અને તે પ્રત્યેક પાંખડી [illegible] [illegible] વ્યંજનોની સ્થાપના કરવી. આવી રીતે નાભિ- [illegible] [illegible] સ્થાપના કરી [illegible] [illegible] [illegible] પ્રસિદ્ધ [illegible] [illegible] અક્ષરો [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થાય છે અને અનેક [illegible] [illegible] વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ઉત્તમ [illegible] થાય છે.

મંત્રરાજનું ધ્યાન એ આ વિભાગનો બીજો પ્રકાર છે. એમાં હૈં અક્ષરનું ચિંતવન કરવાનું છે. એને બીજાક્ષર કહે છે. કનકકમળના ગર્ભમાં કર્ણિકા ઉપર સ્થિત થયેલ અને શુદ્ધ ચન્દ્ર જેવું નિર્મળ, સર્વત્ર વ્યાપી રહેતું અને દશે દિશામાં ગમન કરતું આ પદ છે તેનું સ્મરણ કરે. આ અક્ષરમાં બુદ્ધ, શિવ, બ્રહ્મા અને વિષ્ણુની કલ્પના બીજાએ કરે છે તે ન કરતા તેમાં દેવાધિદેવ શ્રીજિનેશ્વર ભગવાન્ જેઓ સર્વજ્ઞ સર્વ વ્યાપી અને શાંત છે તેની કલ્પના કરવી. એ અતિ વિશિષ્ટ બીજ-તત્ત્વ કુંભક પ્રાણાયામથી ભૃકુટીમાં, વદનકમળમાં, તાલુદ્વારમાં ફરતું અને અમૃત વર્ષાવતું સ્મરે, વળી તેને નેત્રમાં જતું, કેશોમાં સ્થિત થતું અને જ્યોતિષચક્રમાં સંચાર કરતું જુએ અને તેવી રીતે તેને સર્વ દિશાઓમાં ગમન કરતું, આકાશમાં ઉછળતું, કલંકને છેદતું અને ભ્રમને ભાંગી નાખતું જુએ અને છેવટે તેને પરમસ્થાનમાં લઈ જતું, શિવશ્રી સાથે જોડતું અને અતિ આત્મિક આનંદ કરાવતું જુએ. આ મંત્રરાજનું ધ્યાન એકાગ્ર વૃત્તિથી કરવું, એમાં સ્ખલના થવા દેવી નહિ. પછી એ મંત્રરાજની નાસાગ્રમાં સ્થાપના કરવી અને ભૃકુટીમાં તેને સ્થિર કરવું. એને નાસાગ્ર તથા ભ્રૂલતામાં સ્થાપિત કરતી વખતે તેની સાથે વર્ણની સ્થાપના કરવાનું કોઈ આચાર્યો કહે છે. ત્યારપછી એ મંત્રરાજમાંથી બિંદુ કાઢી નાખું, પછી કળા (અર્ધ ચન્દ્રાકાર) કાઢી લેવી, પછી [illegible] ... અને છેવટે તેને અનક્ષરત્વ પ્રાપ્ત કરી શકે એવી રીતે [illegible] અને [illegible] ... નું ચિંતવન કરવું. આ અનક્ષરત્વ [illegible] ... એ ચન્દ્રલેખા સમાન સૂક્ષ્મ, [illegible] ... મંત્રરાજ એ અક્ષરમાંથી [illegible] ... અક્ષરમાં ગમન થતું બતાવે છે. [illegible] ... સૂક્ષ્મ થઈ [illegible] ... અવિનિશ્વ [illegible] ... ધ્યાનની એક [illegible] ... સિદ્ધ થય [illegible] ... [illegible] ... અક્ષરમાં ગમન [illegible] ...

માંથી સૂક્ષ્મમાં જવા યત્ન કરે છે. આ અનાહત પદ અતિ આનંદજનક છે, મહા કર્મસમૂહનો નાશ કરનાર છે અને શુક્લધ્યાનની તદ્દન નજીક મૂકી દેનાર છે. આ મંત્રરાજની ચિંતવનામાં વચ્ચે પરમ તત્વનું ચિંતવન થઈ શકે છે જે ઉપર બતાવાઈ ગયું છે.

પ્રણવ બીજના ધ્યાનમાં ૐ પદનું ધ્યાન આવે છે. અરિહંત, અશરીર, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એ પંચ પરમેષ્ઠી છે. એના પ્રથમ અક્ષરની સંધિ કરવાથી આ પ્રણવ બીજ વ્યાકરણના નિયમાનુસાર થાય છે. આ પ્રણવના વાચ્ય પરમેષ્ઠી છે અને એ પદ પરમેષ્ઠીનું વાચક છે તેથી વાચ્યવાચક સંબંધને લઈને તે અત્યંત નિર્મળ પદ છે. આ પદને ઉપર જે હૃદયકમળ બતાવ્યું છે તેની કર્ણિકામાં સ્થિત કરવું અને જાણે તેનાપર મસ્તકમાં રહેલ ચંદ્રમા અમૃતનો વરસાદ કરે છે તેથી તે આર્દ્રિત છે અને મહા પ્રભાવસંપન્ન છે એવા એ મહાબીજ અક્ષય પદસ્વરૂપ ૐ પદને કુંભક પ્રાણાયામથી ધ્યાવવું. આ પ્રણવપદનું ધ્યાન અતિ આનંદજનક છે અને તેને માટે અનેક પ્રકારે યોજના વિશિષ્ટ ગ્રંથોમાં બહુ યુક્તિસર બતાવી છે. પોતાના હૃદયકમળમાં આવા અતિ ઉત્કૃષ્ટ ગુણધારક પરમેષ્ઠીની સ્થાપના કરવી એ વાત જ બહુ આનંદ આપનારી લાગે છે. સ્તંભન, વશીકરણ વિગેરે માટે એનો ધ્યાનવિધિ બતાવ્યો છે પણ મોક્ષાભિલાષીને માટે તે કામનો નથી.

પંચ પરમેષ્ઠી પદ ધ્યાનનો પ્રકાર બતાવતા અષ્ટદળ કમળનું સ્થાપન કરવું અને તેની વચ્ચે કર્ણિકા ઉપર નમો અરિહંતાણં એ પદનું [illegible]

ત્રિક દુઃખો નાશ પામી ગયાની હકીકત શાસ્ત્રપ્રસિદ્ધ છે, પરંતુ
તે ઉપરાંત તેમાં જે પરમેષ્ઠીનાં નામો છે અને તેની વિચારણાને અંગે
જે આત્મિક ગુણોનું સ્મરણ થાય તેમ છે તે વિચારણાથી આત્મામાં
એક પ્રકારની શાંતિ આવી જાય છે. એ અતિ આહ્લાદજનક મહા
મંત્રનું સ્થાપન કરવાનો વિધિ આપણે સિદ્ધચક્રના યંત્રમાં અને
નમસ્કારકલ્પમાં દ્રષ્ટિગત કરીએ છીએ. એની સ્થાપના હૃદયમાં થાય
ત્યારે સાધારણ રીતે પણ બહુ લાભ થઈ જાય, આનંદ આવે અને
માનસિક ઉપાધિઓ વિસરી જવાય તેમ થતું લાગે છે.

આ ઉપરાંત જાપના અનેક પદો બનાવ્યાં છે. તેનો આશય
આત્મગુણ વિચારણા કરી ગમે તે પ્રકારે તેને શુદ્ધ સ્વરૂપે શોધવા,
ઓળખવા, [illegible] અને સાધ્ય તરીકે નિર્ણય કરી અંતે
પ્રાપ્ત કરવો એ છે. પંચાક્ષરી (પાંચ અક્ષરની) વિદ્યામાં પાંચ
અક્ષરનો જાપ કરવો. अर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यो नमः—છ અક્ષ
રના જાપમાં અરિહંત સિદ્ધ અને ચારના જાપમાં અરિહંત પદનું ધ્યાન
કરવાનું છે. બે અક્ષરમાં સિદ્ધ પદ અને એક અક્ષરમાં જ અક્ષરનું ધ્યાન
કરવાનું છે. [illegible] તેવું તે પ્રમાણે પદનો જાપ કરવો.
[illegible] પ્રણવાક્ષરનો જાપ બહુ ઉત્તમ
[illegible] છે. આવી રીતે અનેક
[illegible] પ્રાપ્ત થાય છે, એના
[illegible] થાય છે, પરંતુ
[illegible] લાગે
[illegible] મુખમાંથી
[illegible] શાંતિ થાય છે,
[illegible] શાંતિથી [illegible]
[illegible] કરી પીતે પીતે
[illegible] આવીત થાય છે
[illegible] चत्तारि मंगलं अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केव
लिपण्णत्तो धम्मो मंगलं। चत्तारि लोगुत्तमा अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा,
साहू लोगुत्तमा, केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो। चत्तारि सरणं पवज्जामि - अरिहंते
सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपण्णत्तं धम्मं

ભરતં ચત્તારિ એ અરિહંત, સિદ્ધ, સાધુ અને શુદ્ધ ધર્મ માંગલ્યકારી છે એમ ધ્યાવવું, ચાર લોકોત્તમ છે એમ વિચારવું અને ચારેનું શરણ અંગીકારવું એમ ચિંતવવું એ પણ એવી જ રીતે ધ્યાનને પરમ આકારમાં રજુ કરે છે અને ચેતનની પ્રગતિ કરે છે.

વળી મુખમાં આઠ દળવાળા કમળનું ચિંતવન કરી શકાય છે. એના પ્રતિપત્રપર ૐ નમો અરિહંતાણં એ પદના એકેક અક્ષરની સ્થાપના કરવી. પ્રત્યેક અક્ષરનું ધ્યાન કરતાં ચંદ્રની કળિકામાં જાણે કેશરની પંક્તિ હોય તેમ ચિંતવે અને તેમાં અમૃત સમ શાંત પ્રભાવીજનું સ્થાપન કરે. એ માયાબીજ જાણે તેજમય, અતિનિર્મળ, પ્રભાવાળું અને મુખકમળના કળિકા ઉપર રહેલું ચિંતવી, જાણે જરામાં તે પ્રતિપત્ર ઉપર જતું હોય, જરામાં આકાશમાં જતું હોય, જરામાં મનનો અજ્ઞાનઅંધકાર દૂર કરતું હોય, જરા વારમાં તાલુપ્રદેશમાં પ્રવેશ કરતું હોય એવી રીતે તેનું ચિંતવન કરે. આ મહામંત્રના જાપની ધીમે ધીમે ટેવ પડવાથી ધ્યાનવિષયમાં ઉત્તરોત્તર બહુ પ્રગતિ થતી જાય છે; છ માસ સુધી એ પદનું ધ્યાન કરતાં નિરંતર પોતે શ્રુતસમુદ્રમાં વિશેષ અવગાહન કરતો જાય છે, પછી એને મુખમાંથી ધૂમપંક્તિ નીકળતી જણાય છે, ત્યાર પછી વિશેષ અભ્યાસ કરતાં તેને એમ જણાય છે કે જાણે પોતાના મુખમાંથી અને ઉદરમાંથી અગ્નિની જ્વાળા બહાર નીકળે છે, ત્યાર પછી એનો અભ્યાસ [illegible] નવમે. સર્વજ્ઞમુખકમળનું દર્શન થાય છે—આ રીતે વિશુદ્ધ [illegible] પોતાની [illegible] સુધી પહોંચી જાય છે.

[illegible]

આવી રીતે જાપના અનેક પ્રકાર છે. વિધાના અનેક પ્રકાર છે. તમાં પણ કેટલીક રીતે જાપ કરવાથી સાંસારિક ભોગસાધન મળે છે, મહિમા કીર્તિ થાય છે, ઈષ્ટ જનનો પ્રસંગ થાય છે અને કેટલીક રીતે મોક્ષ તરફ ગમન થાય છે. જે પદનું ધ્યાન કરવાથી પ્રાણી વીતરાગ થાય, સંસારપર ભાવ ઓછો થાય, વસ્તુસ્વરૂપનો બોધ થાય અને આત્મિક ગુણ ઓળખાય એનું ધ્યાન કરવું. અનેક પ્રકારની પદોની વ્યવસ્થા યોગગ્રંથકારોએ બતાવી છે તે જોવી, વિચારવી અને પોતાને અનુકૂળ લાગે તે આદરવી; પરંતુ એ પદના જાપથી અણિમાદિ સિદ્ધિઓ કે બીજી લબ્ધિપ્રાપ્તિ કરવાનો આશય રાખી યોગભ્રષ્ટ થવું નહિ. આ પદસ્થ ધ્યાનમાં શબ્દોનું આલંબન લેવાનું છે અને અનુભવીઓ એ સબંધમાં એટલું સ્પષ્ટ રીતે કહી ગયા છે કે એ જાપના પ્રકારથી અને ૐકારાદિ પદના ધ્યાનથી ચિત્તની સ્થિરતા, નિર્મળતા અને એકાગ્રતા બહુ સારી થાય છે અને નિરાલંબનત્વની પાસે પ્રાણી બહુ જલદી આવી જઈ છેવટે પ્રગતિ કરી સાધ્ય પ્રાપ્ત કરે છે. ગમે તે ધ્યેયવિષય થઈ શકે તેમ છે તે આટલા ઉપરથી જોવામાં આવ્યું હશે. પોતાને કયો વિષય ધ્યેય કરવો યોગ્ય છે તે પૃથક્કરણ કરીને વિચારી લેવું. હવે આપણે રૂપસ્થ ધ્યેયનો વિચાર કરીએ. એ રૂપસ્થ ધ્યેયના વિચારમાં પણ બહુ આનંદ આવશે.

રૂપસ્થ ધ્યેય:-પિંડસ્થ અને પદસ્થ ધ્યેયનું આપણે સ્વરૂપ જોયું. હવે રૂપસ્થ ધ્યેયમાં તીર્થંકર મહારાજનું ધ્યાન કરવાનું છે તે આ પ્રમાણે: મોક્ષલક્ષ્મીની નજીક ગયેલા, ઘાતી કર્માંનો ક્ષય કરનાર, ચતુર્મુખે દેશના દેનાર અને અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, દેવનાધિષ્ઠિત સિંહાસન, સૂર્યથી પણ વિશેષ પ્રભાવાળું ભામંડળ, આકાશમાં દિવ્ય દુંદુભિ અને આકાશમાં આતપત્ર-આ આઠ મહા પ્રાતિહાર્ય યુક્ત શ્રી જિનેશ્વરદેવ સમવસરણમાં બેઠા બેઠા ભવ્ય પ્રાણીઓને દેશના આપે છે, એઓ જે પ્રદેશમાં વિચરે છે ત્યાં તેઓના અચિંત્ય મહિમાથી ઇતિ ઉપદ્રવ નાશ પામે છે, તેઓની નજીકમાં સર્વ પ્રાણીઓ પોતાનું કુદરતી વૈર ભૂલી જઈ એક સાથે આનંદથી રહે છે, હાથી અને સિંહ જેવા નિસર્ગ વૈરબુદ્ધિવાળા પ્રાણીઓ પ્રભુના અતિશયથી દુશ્મનાઈને યાદ પણ કરતા નથી, આખા

વસરણમાં જાનુપ્રમાણ પુષ્પ પાથરેલાં હોય છે, અનેક
અને મનુષ્યો ભગવાનની વાણીનો પ્રસાદ લે છે અને
પવિત્ર કરે છે, દરેક એમ સમજે છે કે તેને ઉદ્દેશીને
ભુ દેશના આપે છે, ધીર ગંભીર રાગથી દેવાતી દેશના
અનેક ભવ્ય પ્રાણીઓ લીન થતાં દેખાય છે, અનેક
નિઓ પ્રભુની વૈયાવચ્ચ કરી રહ્યા છે, ચોતરફ આનંદ
ઓ ઉછળી રહી છે, વચ્ચે સિંહાસન ઉપર ચતુર્મુખે
પ્રાપ્ત કરનાર આસન્નમોક્ષગામી પુણ્યવાન્ મહાત્મા
ાએ પહોંચેલા બેઠા છે, સર્વ પ્રકારના વિકારનો નાશ
મતિ અસરકારક રીતે એકાંત ઉપકાર કરવાની બુદ્ધિથી
સ્વર કરે તેવી રીતે અનેક ગુણથી ભરપૂર વાણીનો
દેવતાઓ, ઇંદ્રો, ચક્રવર્તિઓ, મનુષ્યો અને તિર્યંચો
નમાવી પોતાના આત્માને ધન્ય માને છે—આવી
શ્વર અતિશયયુક્ત અર્હંતના રૂપનું અવલંબન કરવું
. એ રૂપસ્થ ધ્યેયનું વર્ણન કરતાં હજારો વિશેષણો
મ છે. એમના એક એક પ્રાતિહાર્યનું અથવા
યાગનું વર્ણન કરતાં પુસ્તકો ભરાય તેમ છે. એમના
એમણે મેહ રાજાને જે વિજય કર્યો છે તેપર
[illegible] ઉચ્ચ [illegible] થઈ જાય. એવા અચિન્ત્ય ગુણ
આત્મ જ્ઞાનથી પ્રગટ થયેલા અને જેમના આ[illegible]
[illegible] છે તેર [illegible]



[illegible] છે અને વિશિષ્ટ ધ્યાન આદરી શકવા માટે અધિકાર અને
[illegible]વા પ્રાપ્ત થાય છે. આ ધ્યાનમાં ધીમે ધીમે પ્રગતિ કરતાં નિરં-
[illegible] અભ્યાસ કરવાથી સર્વત્ર સર્વ અવસ્થામાં એ જ રૂપસ્થ પરમેષ્ઠીને
[illegible]ની ટેવ પડી જાય છે. આવા ઉત્કૃષ્ટ અવલંબનથી અને તેના ગુણ-
[illegible]કે રંજન થવાની ટેવથી મનની અત્યાક્ષિપ્ત અવસ્થા થાય છે
[illegible] પ્રાણી છેવટે તે ગુણ પ્રાપ્ત કરવાની અથવા પ્રકટ કરવાની હદ
[illegible] પહોંચી જાય છે અને પછી તેનામાં એટલી સ્થિરતા આવી જાય
[illegible] છેવટે તે સ્વપ્નમાં પણ ધ્યાનથી ચ્યુત થતો નથી. આવા ત્રણ
[illegible] ઐશ્વર્યને પ્રાપ્ત થયેલા પરમાત્માના ગુણગ્રામમાં રંજન થતાં
[illegible]વટે તન્મયપણું પ્રાપ્ત થાય છે અને તે વખતે પોતાના આત્માને
[illegible]પ થયેલો પ્રાણી અનુભવે છે. આ વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું
[illegible] ભાવન કરવાનું રૂપસ્થ ધ્યેય થયું.

[illegible]પાતીત ધ્યેય—રૂપસ્થ ધ્યેયમાં ચિત્ત રૂપમાં સ્થિર થાય છે,
[illegible]ી આગળ વધતાં અમૂર્ત્તમાં ચિત્તને સ્થિર કરવાની જરૂર
[illegible]ાનંદમય, શુદ્ધ, પરમાક્ષરરૂપ અમૂર્ત્ત આત્માનુ સ્મરણ કરે
[illegible]ત ધ્યેય કહેવાય છે. રૂપાતીતને ધ્યેય કેમ બનાવી શકાય
[illegible] સહજ છે, કારણ કે ધર્મધ્યાન સાલંબી છે ત્યારે રૂપાતીતનું
[illegible]કેમ થઈ શકે? એના સમાધાનમાં એટલું કહેવાનું કે સિદ્ધ-
[illegible]જે શુદ્ધ [illegible] તેને સમજી, વિચારી, તેઓની એક મૂર્ત્ત
[illegible] પરમાત્મા. તે ગુણે વ્યક્તરૂપે છે અને પોતામ
[illegible] એમ વિચારી તે ગુણગ્રામમાં લીન થવું એ
[illegible]

[illegible] અવસ્થામાં આવે તેમ નથી. આટલા માટે [illegible] અભ્યાસ કરીને યોગાભ્યાસીએ તે સર્વ બાબત બરાબર સમજવાની જરૂર છે. આત્માના આકારનું સ્વરૂપ, પુદ્ગલ આકારથી [illegible] [illegible] રૂપ, [illegible] [illegible] [illegible] આકૃતિ [illegible] [illegible] આકૃતિ નથી [illegible] [illegible] [illegible] આકૃતિ [illegible] [illegible] આકૃતિ [illegible] [illegible] [illegible]

કરવાની ઇચ્છાવાળાને તે અતિ ઉપયોગી સાધન પૂરૂં પાડતું હોવાથી એના પ્રત્યેક વિભાગની બારિકીથી અવલોકના કરવી, ચર્ચા કરવી, સમજણ મેળવવી એ અતિ આવશ્યક છે. હવે ઉત્કૃષ્ટ આત્મસ્થિતિ બતાવનાર વિશિષ્ટ ધ્યાનનો વિચાર કરીએ.

શુકલધ્યાનઃ–શુકલધ્યાન ઉત્તમ સંઘયણવાળા શરીરીથી જ બની શકે છે એમ કેટલાક યોગાચાર્યોનો મત છે. મનની અહીં નિરૂદ્ધાવસ્થા છેવટે પ્રાપ્ત થાય છે તે તેના ઉત્તરોત્તર ભેદ જોવાથી જણાશે. ધર્મધ્યાનમાં જ્યારે મન સ્થિર થાય એટલે સગાદિ દૂર થાય, ઇંદ્રિયોમાં પ્રવૃત્તિ થતી અટકે, વિષયો ઉપર ચિત્ત જતું અટકે અને આખા સંસારપર ભમતું મટી જાય, ત્યારે પછી આગળ પ્રગતિ થાય છે. મોહનો ત્યાગ કરી, વિવેક આદરી, વૈરાગ્યભાવ ધારણ કરી, શરીર આત્માનો ભેદ બરાબર સમજી ધર્મધ્યાનમાં જ્યારે સ્થિરતા થાય છે ત્યારે પછી ચેતન વિશિષ્ટ ધ્યાનમાં પ્રવેશ કરે છે. ક્રિયા રહિત, ઇંદ્રિયાતીત, ધ્યાનની ધારણાથી રહિત અને સ્વરૂપ સન્મુખ ચિત્ત થાય તેવા ચિત્તને 'શુકલ' કહેવામાં આવે છે. કષાયરૂપ મેલથી રહિત, પ્રથમમાં રક્ત ચિત્ત થાય તેને શુકલ કહેવામાં આવે છે. આથી શુકલ શબ્દ બરાબર સાર્થ રીતે આ અર્થમાં વપરાયલો છે. શુકલ ધ્યાનના પ્રથમ બે ભેદ છદ્મસ્થ યોગીને સંભવે છે અને છેવટના બે ભેદ ક્ષીણદોષવાળા કેવલ્યજ્ઞાનીને અંતાવસ્થાએ હોય છે. પ્રથમના બે ભેદમા કોઇ પણ વસ્તુનું અવલંબન લેવું રહેતું નથી પણ શ્રુતજ્ઞાનનું અને યોગનુ અવલંબન રહે છે અને બાકીના બે ભેદમાં તો કોઇ પન પ્રકારનુ આલંબન લેવુ રહેતું નથી (જો કે ત્રીજા ભેદમાં યોગ તો હોય છે,) તેથી એક દૃષ્ટિથી જોઇએ તો પ્રથમના બે ભેદ સાલંબન શુકલધ્યાન કહેવાય અને અંતિમ બે ભેદ કૈવલ્યદશાવાળાને હોવાથી નિરાલંબન શુકલધ્યાન કહી શકાય. આપણે આ ચારે ભેદને બરાબર વિચારી જઇએ.

આ શુકલધ્યાનના ચાર ભેદોના નામ અનુક્રમે આ પ્રમાણે છેઃ– પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર, એકત્વ વિતર્ક અપ્રવિચાર, સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને સમુચ્છિન્ન ક્રિય અથવા વ્યુપરતક્રિયા અનિવૃત્તિ. પ્રથમ વિભાગ ત્રણ યોગવાળાને હોય છે, બીજો વિભાગ એક યોગ-

એમ છે કે શ્રુતસમુદ્રમાંથી કોઈ વખત એક પદાર્થ અથવા તેનો પર્યાય લઈ તેનાપર એક પછી એક પર્યાયદૃષ્ટિએ ધ્યાન કરે છે. આ ધ્યાનને સવિતર્ક અને સવિચાર કહેવાનું કારણ એ છે કે અહીં એક પછી એક વિતર્કો શ્રુતોપદેશનાં અવલંબનો હોય છે, એક પર્યાયથી બીજા પર્યાયપર વિચારણા ચાલ્યા કરે છે અને પર્યાયભેદે શબ્દસંક્રમણ પણ થયા કરે છે. આવી રીતે વસ્તુતત્ત્વપર વિચારણા સ્થિર કરવાથી અને એક પર્યાયથી બીજાપર અને એક યોગથી બીજા યોગપર ગમન કરવાથી પ્રાણી એકત્વવિચારણા સ્થિર કરે છે અને પછી શુક્લધ્યાનના બીજા પાયાપર અથવા બીજા એકત્વ વિતર્ક અપ્રવિચાર ભેદપર આરોહણ કરે છે; પ્રથમ પૃથક્ત્વપણા ઉપર વિચાર કરતાં કરતાં જ્યારે તેને સ્થિરતા થાય છે અને મનની શુદ્ધિ થાય છે ત્યારે આત્મવીર્યથી તે એકત્વપણાનો વિચાર કરવાને યોગ્ય થાય છે. આ એકત્વવિચારણામાં એક જ યોગથી પરોવાય છે, વસ્તુઓમાં એકત્વ દેખે છે અને તેનાપર જ સ્થિરતા થાય છે. અહીં એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમણ કરવાનું રહેતું નથી. અહીં એક દ્રવ્ય, એક પર્યાય અને એક પુદ્ગલનું તે દર્શન કરે છે, દ્રવ્યમાં રહેલ પર્યાયમાં ભિન્ન હોવા છતાં રહેલી અંતિમ એકતા અનુભવે છે અને તેવા વિશિષ્ટ અનુભવને લીધે પ્રથમ જે પૃથક્ત્વનું ભાન તેને થયું હતું તેના કરતાં અતિ ઉદાત્ત સ્થિતિ અનુભવે છે. આ વિશિષ્ટ ધ્યાનથી તેનામાં એટલો બધો વધારો થઈ જાય છે અને શુદ્ધિ એટલી સારી થઈ જાય છે કે અત્યાર સુધી સર્વ વસ્તુઓનો બોધ થઈ શકે એવું જ્ઞાન આવરણ પામ્યું હતું તે આવરણ આના પ્રભાવથી ખસી જાય છે અને આવરણ દૂર થયે અંદર રહેલ અચિંત્ય પ્રભાતેજયુક્ત સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય છે. આ દ્વિતીય વિભાગને તેટલા માટે એકત્વ વિતર્ક અપ્રવિચાર ધ્યાન કહેવામાં આવે છે. અહીં પૃથક્ત્વવિચારમાં અને એકત્વ વિચારમાં દ્રવ્યની ચિંતવના થાય છે તે શાસ્ત્રાધારપૂર્વક થાય છે અને તેવી સ્થિર યોગથી વિચારણા કરવાની યોગ્યતા પૂર્વધરને શક્ય છે. આ બન્ને ભેદોમાં અવલંબન નામનું રહે છે અને તે શ્રુતવિચારનું હોય છે. જ્યારે ઉત્પાદ વ્યયસ્થિતિ વગેરે પર્યાયોની એકયોગતાનું રહસ્ય યોગદૃષ્ટિએ સ્પષ્ટ દેખાય છે ત્યારે શુક્લધ્યાનનો બીજો ભેદ પ્રાપ્ત થાય છે.

આ બીજો ભેદ પ્રાપ્ત થાય છે એટલે તેની છેવટની સ્થિતિમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોનો સર્વથા ઉદય અને સત્તામાંથી નાશ થાય છે. અને પછી તેને કૈવલ્ય જ્ઞાન અને કૈવલ્ય દર્શન ઉત્પન્ન થાય છે. અહીં નિરાલંબનપણું પ્રાપ્ત થાય છે. પછી અનેક પ્રકારના પરોપકાર કરી અનેક જીવોને ઉપદેશ આપી તીર્થંકરપણે અથવા જિન (સામાન્ય કેવળી) તરીકે આ લોકમાં વિચરી છેવટે અઘાતી કર્મો (વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય) નો પણ ક્ષય કરવાની સ્થિતિએ તે આવે છે. જ્યારે આ પ્રાણી સામાન્ય કેવળી તરીકે હોય છે ત્યારે તેની જે સ્થિતિ થાય છે અને તે યોગ સંબંધમાં તથા ધ્યાન સંબંધમાં કેવી રીતે વર્તતા હોય છે તે વિચારવા પહેલા આપણે તીર્થંકરપણાની ઋદ્ધિનો જરા પ્રસ્તાવ કરી જઈએ.

પ્રભુ દેશના આપે છે અને વાણીના અતિશયથી દરેક પ્રાણીને પોતાને ઉદ્દેશીને અને પોતાની ભાષામાં પ્રભુ બોલતા હોય એમ લાગે છે. પ્રભુની દેશના એવી સુંદર રીતે રચાયલી અને એવો સુંદર બોધ કરનારી હોય છે કે એના શ્રવણથી અનેક પ્રાણીઓ મિથ્યાત્વ દૂર કરી સન્માર્ગપર આવી જાય છે અને પોતાની જાતને પ્રગતિમાં મૂકી દે છે. પ્રભુના જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય અને અપાયાપગમાતિશય બહુ આકર્ષક હોય છે. અનંત જ્ઞાન હોવાથી દેશના બહુ અર્થયુક્ત અને વચનાતિશયથી વચનના અનેક (૩૫) ગુણોવાળી ગંભીર નીકળે છે. પૂજાઅતિશયથી તેઓ જ્યાં જાય ત્યાં તેમની દેવાસુરોથી પૂજા થાય છે, તે સાધારણ પ્રકારથી કે ઉપર ઉપરના દેખાવથી નહિ, પણ તેઓની અસાધારણ શક્તિથી પ્રાણીના અંતરમાંથી પૂજ્ય ભાવ ઉલ્લાસે છે અને તેઓની પૂજા કરવી એમાં જાણે પોતે પોતાની ફરજ બજાવતા હોય એમ અંતઃકરણપૂર્વક સમજે છે. એ ઉપરાંત પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં વ્યાધિનો ઉપદ્રવ, દુકાળ કે એવી કોઇ ઉપાધિ થતી નથી. વળી તીર્થંકર નામકર્મના ઉદયથી અષ્ટ મહા પ્રાતિહાર્ય નિરંતર સાથે રહે છે: પ્રભુની પછવાડે ભામંડળ ચાલે છે તેની પ્રભા સૂર્યની પ્રભા કરતાં પણ વિશેષ હોય છે અને તે સર્વ દિશાને પ્રકાશ કરતું હોય છે, સમવસરણમાં સુંદર અશોક વૃક્ષ હોય છે તે પ્રભુ વિહાર કરે ત્યારે પણ આકાશમાં ચાલે છે અને તેની ડાળીઓ પવનથી ચાલ્યા કરે છે, દેવતાઓ પુષ્પની વૃષ્ટિ સમવસરણમાં અને પ્રભુ વિચરે ત્યાં કર્યા કરે છે, પ્રભુ દેશના દે છે ત્યારે તેમના સ્વરમાં દિવ્ય ધ્વનિનો સંચાર દેવે તરફથી થયા કરે છે, પ્રભુ દેશના દે તે વખતે તેમજ વિહાર કરે ત્યારે પણ આજુ બાજુ ચામર ઢળાયા કરે છે, અતિ વિશિષ્ટ પાદપીઠવાળા સિંહાસન ઉપર પ્રભુ આસન કરે છે, પ્રભુ વિહાર કરે છે ત્યારે સિંહાસન પણ આકાશમાં ચાલે છે, આકાશમાં દેવતાઓ દુંદુભિ વગાડે છે અને પ્રભુના મસ્તક પર ત્રણ છત્ર નિરંતર રહે છે. આ અષ્ટ મહા પ્રાતિહાર્યની અતિ અદ્ભુત શોભા બહુ આકર્ષક લાગે છે અને બાળ, મધ્યમ અને ઉત્તમ અધિકારીપર બહુ સારી જુદા જુદા પ્રકારની અસર કરે છે. પ્રભુ જ્યાં વિચરે છે ત્યાં પવન અનુકૂળ વાય છે, પ્રભુ વિચરે છે ત્યારે વૃક્ષો પણ નમતાં જાય છે, પ્રભુ જે પ્રદેશમાં વિચરે છે ત્યાં

પ્રાણીઓ પોતાનું કુદરતી વૈર ભૂલી જાય છે અને સર્વ ઇંદ્રિયના અર્થો સણવારમાં મનોજ્ઞ થઈ જાય છે. પ્રભુનાં નખ અને રોમ વધતાં નથી, પ્રભુનો આહાર વિહાર છદ્મસ્થ પ્રાણી દેખી શકતા નથી અને પ્રભુનો શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધી હોય છે. પ્રભુ જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં દેવો તેમની આગળ રત્નનિર્મિત ધર્મધ્વજ ચલાવે છે, પ્રભુની સાથે જમીનપર નવ કમળો ચાલે છે તેમાંનાં બે બે દરેક પગલે આગળ આવે છે તેનાપર પ્રભુ પગ મૂકે છે અને કરોડોની સંખ્યામાં દેવો નિરંતર પ્રભુની સેવામા તેમના અતિ ઉજ્જ્વળ ગુણોથી આકર્ષાઈને રહે છે અને પોતાની શક્તિ પ્રમાણે પ્રભુપદની સેવા કરી જન્મને ધન્ય માને છે. આવી અનેક સમૃદ્ધિ તીર્થંકર નામકર્મના ઉદયથી થાય છે પણ પ્રભુ તેમાં અલિપ્ત રહે છે, એમના મનપર ઇંદ્રભૂતિ-ગૌતમ જેવાની એકાંત પ્રીતિ અને રાગદૃષ્ટિએ અસર કરી નહિ, એમનાપર અનેક દેવોની પૂજાએ અસર કરી નહિ અને ગોશાળાના ઉપદ્રવે પણ અસર કરી નહિ એ તેઓના ચિત્તની અતિ ઉદાત્ત સ્થિતિ બતાવે છે. આવી રીતે તીર્થંકર નામકર્મના ઉદયથી અનેક પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત થાય છે તેનું જે વર્ણન કરવામા આવે તે પુસ્તકે. સરવ [illegible] એમન પ્રાતિહાર્યનુ વર્ણન, ચોત્રીશ અતિશયની મહત્ત્વ [illegible] વર્ણન [illegible] અન્યની સરખામણીમા બહુ ઉત્કૃ- [illegible]

કે છે. તીર્થંકર અને સામાન્ય કેવળી બન્ને સમુદ્ઘાત કરે છે. કેવળીસમુદ્ઘાત આઠ સમયમાં થાય છે. પ્રથમ સમયે દંડ કરે છે એટલે ઉર્ધ્વ શ્રેણિએ અને અધો શ્રેણિએ લોકાન્ત પર્યંત આત્મપ્રદેશોને લાંબા જોડે છે, બીજા સમયે કપાટ કરે છે એટલે દંડની બન્ને બાજુએ આત્મપ્રદેશોને વિસ્તારી લોકાન્ત પર્યંત લઈ જાય છે. ત્રીજે સમયે મંથાન કરે છે એટલે મંથાનની જેમ ચોતરફથી આત્મપ્રદેશ વિસ્તારે છે, પછી ચોથે સમયે વચ્ચે રહેલા આંતરાઓ આત્મપ્રદેશથી પૂરે છે; આ રીતે ચોથા સમયે દરેક આકાશપ્રદેશપર એકેક આત્મપ્રદેશ [illegible] પૂરી [illegible] વ્યાપ્ત [illegible] છે, પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે [illegible] ક્રિયા કરી અંતર, મંથાન, કપાટ અને દંડને [illegible] છે. આ રીતે સમુદ્ઘાત કરી આઠમા સમયે [illegible] [illegible] કેવળીસમુદ્ઘાત [illegible] [illegible] આયુ કર્મ કરતાં બીજા ત્રણ કર્મનાં [illegible] [illegible] કેવળજ્ઞાન [illegible] થાય છે. કેવળી [illegible] [illegible] પ્રથમ બાદર કાયયોગમાં [illegible] [illegible] (બાદરનો ક્ષય કરે છે) [illegible] [illegible] બાદર કાયયોગનો પણ [illegible] [illegible] કાયયોગનો ક્ષય કરે છે, [illegible]

[illegible]

ચતુર્થ વિભાગમાં ધ્યાનની-યોગની ઉત્કૃષ્ટ અવસ્થા સ્વીકારી છે. કેવળ જ્ઞાની કેવળાવસ્થામાં જાય છે ત્યારે તેની ધ્યાનાંતર દશા હોય છે, ને ત્યારે તે કાંઇ ધ્યાન કરતા નથી. શુક્લધ્યાનના બે વિભાગ છદ્મસ્થ કરે છે. બાકીના બે વિભાગ કેવળાવસ્થામાં આવવાના હોવાથી બાકી રહે છે. આ પ્રમાણે શુક્લધ્યાનની સ્થિતિ છે. સમાધિ નામના યોગના આઠમા અંગની પણ અહીં વિચારણા થઇ ગઇ. તેની જુદી વિચારણા કરવાની જરૂર નથી.



વિષયાનુક્રમ

આંકડા પુસ્તકનાં પૃષ્ઠોના છે.

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.

અ

[illegible]	પૃ.	વિષય.	પૃ.
...વિભાગ ...	૧૩૪	ઇંદ્રિય પ્રકાર	૮૩
...મોહનાં ચિહ્નો ...	૧૩૪	ઇંદ્રિય આશ્રવ	૭૩
...ભાવ	૧૧૫	ઇંદ્રિયના સંયમ	૮૨
...ર્વેની (દુહા)...	૧૭૫	ઉ.	
... ...	૧૭૬	ઉચિત દાન	૬૭
...બોધ	૩૬	ઉત્તમ ગુરુ ભાવના	૭૪
...ભાવ	૬૦	ઉત્તમ સાધુ મહાત્માઓ ...	૧૧
...ગતીના ભેદ ...	૭૪	ઉદ્ધત આચરણનો અનુભવ ...	૧૪૩
...ત	૭૩	ઉપાય આદરી વિધાનનું ...	૧૧૮
...નાં તત્ત્વસ્વરૂપ...	૭૪	ઉપર્તિનાભવર્તિનું ...	૩૬
... ...	૧૬૦	ઉપર્તિ-નિમિત્તથી અનુભવ —	૨૦
...અને ભક્તિ ...	૨૯	ઉત્તમ ધારણાની	૧૧૮
...ના બોધ	૧૨૦	ઉત્તમધિકારી	૧૦૩
...ત્વની દશા ...	૧૨	ઉત્તર પ્રત્યુત્તર	૧૪૨
...ન	૮૩	ઉદ્યાન દેશ	૮૦
...નાદ-પ્રકાર. ..	૪૩	ઉપનિ-દેશની —	૧૪૪
...વ અવૈંધ્યન	૧૨૫	ઉપનિ-આદિમાં —	૧૪૨
...ઉ ..	૪૨	ઉપનિ વિશેષ વિચાર. .	૧૪૧
...દેવ-પચ્ચખ્ખાણનું ...	[illegible]	ઉત્તમ વસ્તુ	૧૪૨
[illegible]	[illegible]	[illegible]	૨૧
[illegible]	[illegible]	[illegible]	[illegible]

વિષય.	પૃષ્ઠ.
ચંદ્રનાડી	૧૨૪
ચંદ્રિકા તુલ્ય બોધ-પરામાં ...	૫૨
ચ્યુતિઅભાવ-ધ્યાનફળ ...	૧૬૯
છ.	
છ અક્ષરી વિદ્યા	૧૬૪
છત્ર ત્રણ	૧૭૮
છદ્મસ્થને શુક્લના બે ભેદ ...	૧૭૪
છેવટું સંઘયણ અને ધર્મધ્યાન ...	૧૫૭
જ	
જઘન્ય પાત્ર	૧૧૮
જડીબુટ્ટી	૧૨
જનાપવાદ ભીરુત્વ	૯૮
જયઘોષ-સુરાંગનાનો	૧૫૫
જયાજય નિશ્ચય ...	૧૨૫
જપનાં અનેક પદો	૧૬૪
જપ ફળ	૧૬૪
જિજ્ઞાસા ગુણ-તારા	૨૬
જીવપુદ્ગળનું નાટકસ્થાન ..	૭૭
જૈનકથા રત્નકોષ ...	૨૧૯
ડ	
ડાંગ-નારકીમા	૧૫૧
ત	
તત્ત્વચિંતન-અધ્યાત્મ લક્ષણ	૬૨
તત્ત્વરૂપવતી ધારણા ...	૧૦૭
તત્રભૂ ધારણા	૧૬૦
તદ્ધેતુ અનુષ્ઠાન	૧૦૧
તનુ યોગવાળાને ત્રીજો ભેદ (શુક્લ)	૧૭૪
તપ અને નિર્જરા ...	૭૬
તપથી અનુગ .	૧૦૯
તપ-નિયમનો ભેદ	૨૬
તપનો પ્રભાવ	૭૬
તપ-પૂર્વ સેવા	૯૯
તાત્ત્વિક ધર્મસંન્યાસ . ..	૬૧

વિષય.	પૃષ્ઠ.
તારા દૃષ્ટિ-છઠ્ઠી (કાન્તા) ...	૪૩
તારા દૃષ્ટિ-દ્વિતીય	૨૬
તારાનું ગુણસ્થાન	૪૪
તારાપ્રભા તુલ્ય બોધ-તારામાં ...	૪૪
તીર્થનો મેળો	૭૨
તીર્થસ્થાન	૧૨૧
તીર્થંકરગુણ વિવેચન	૧૬૭
તીર્થંકર ધ્યાન	૧૬૬
તીર્થંકર નામકર્મ	૧૭૭
તીર્થંકરની ઋદ્ધિ	૧૭૭
તીર્થંકરનું ઐશ્વર્ય	૧૬૭
તીર્થંકર પ્રભાવ	૧૬૬
તૃણમાં ઘી શોધન	૬૦
તૃણાગ્નિબોધ-મિત્રા	૨૦
તૃષ્ણાત્યાગ અને બલા ...	૨૮
તેજ મંડળ	૧૨૩
ત્રણ છત્ર	૧૭૮
ત્રણ યોગ-આશ્રવ	૭૪
ત્રણ યોગવાળાને પ્રથમભેદ (શુક્લ).	૧૭૪
ત્રણ લોક	૧૫૧
ત્રણ જ્ઞાન અને મન	૮૫
ત્રાટક	૧૬૮
ત્વરાત્યાગ-બલામાં	૩૦
દ.	
દર્શન મોહનીય	૧૪૯
દર્શનાવરણીયનું કાર્ય	૧૪૮
દવદાન કર્મ	૧૧૪
દાન-ત્યાગધર્મની શરૂઆત ...	૬૭
દાન-પૂર્વ સેવામા	૬૭
દારૈષણા	૫
દાહજ્વર	૭૧
દિગ્વિરતિ વ્રત	૧૧૧
,, ,, અને સાહસ ...	૧૧૧

વિષય.	પૃષ્ઠ.	વિષય.	પૃષ્ઠ.
પ્રાણનાશે પણ ધર્મ રાખવો ...	૩૩	બીજ કથામાં આનંદ ...	૨૫
પ્રાણવાયુ	૧૨૨	બીજાક્ષર	૧૧૨
" સંચાર	૧૨૩	બુદ્ધિજન્ય આશય	૩૬
પ્રાણાયામ	૧૨૨	બૌદ્ધમતાદ સિરા	૩૦
" -અનુપયોગી અંગ ..	૧૨૬	બોધિ ભાવના	૭૮
" અને યોગી	૧૨૯	બ્રહ્મચર્ય યમ	૧૦૬
" -અયુક્તતા	૧૨૬	ભ.	
" નું પૌદ્ગલિકત્વ	૧૨૯	ભક્તિ અનુષ્ઠાન	૫૦
" નો યૌગિક અર્થ	૩૨	ભર્તૃહરિ	૩૭
" પર ઉપાધ્યાયજી... ...	૧૨૭	ભવઉદ્વેગ-તારામાં	૪૭
" -પૌદ્ગલિક હેતુથી ત્યાજ્ય...	૧૨૬	ભવ પૂરા થવાના પ્રકારો ...	૭૮
" -બ્રહ્મામાં	૩૨	ભવાટવીદુઃખવિચારણા ...	૧૪૬
પ્રાતિભ જ્ઞાન	૮૮	ભવિષ્યચિંતા	૧૩૪
પ્રાતિહાર્ય-અષ્ટ	૧૭૮	ભવોદ્વેગ	૧૦૦
પ્રીતિ અનુષ્ઠાન	૫૦	ભવોપગ્રાહી કર્મ	૫૩
ફ.		ભાટક આજીવિકા	૧૧૩
ફળ સાથે સંબંધ નથી ..	૧૦૨	ભામંડળ	૧૭૮
ફળાવંચક	...૨૩-૯૪	ભાવનાથી મુક્તિ	૭૯
બ.		ભાવના-ધર્મધ્યાનની	૧૫૭
બત્રીશ બત્રીશી ...	...૫૫-૬૧	ભાવનાનો સમય	૧૬૨
બહ્વીયે અને યોગ... ..	૧૦૬	ભાવના-બાર-સંવર	૭૫
બલા દૃષ્ટિ-તૃતીય ...	૨૮	ભાવના યોગ	૬૫
બહિરાત્મા	૩	ભાવના રહસ્ય	૬૬
બહોળતાએ જીવોની દૃષ્ટિ ...	૨૫	ભાવ પૂજન	૯૬
બાણનો પૂર્વ પ્રયોગ ...	૧૮૧	ભાવ મળની અલ્પતા ..	૨૩
બાર પર્ષદા...	૧૭૭	ભાવ શત્રુ	૩૫
બાર ભાવના ...	૬૬ થી ૭૯	ભાવ શ્રુત-દ્રવ્ય શ્રુત ...	૧૪૬
" -સંવર	૭૫	ભેદો-શુક્લધ્યાનના	૧૭૪
બાહ્ય ક્રિયા...	૫૬	ભોગોપભોગ	૧૧૧
બાહ્ય તપ	૭૬	ભ્રમણા-ઉન્નતિને અંગે ...	૨૪
બાહ્ય દેશ ધારણા	૧૩૦	ભ્રમદોષ	૯૦
બાહ્ય રંગી જીવો	૧	મ.	
બાહ્ય વર્તન અને કુળયોગી ...	૯૨	મદ્યત્યાગ	૧૧૨

